કુમાર

અંક ૩૨

વર્ષ ૩
અંક ૮

ઉગતી · પ્રજાનું · માસિક

શ્રાવણ
૧૯૮૨

વીરપસલી અંક



ગ્રામકન્યા

ચિત્રક : ચન્દ્રવદન ભટ્ટ



કાંચનગંગા પર પ્રભાત (સૌ. બહેન તનુમતી) ત્રિરંગી મુખચિત્ર

મંગલ કલા (ભાવના)	દેશળજી પરમાર	૩૦૭
મિજલસ		૩૦૮
વર્ષાનો રાસ (કાવ્ય)	દેશળજી પરમાર	૩૧૦
શ્રીમતી સરોજિની નાયડુ		૩૧૧
મંગલ કલા (ચિત્ર)	કનુ દેસાઇ	૩૧૪
શ્રીમતી સરોજિની નાયડુ (ફોટો)	જનાર્દન	૩૧૫
વણકર (કાવ્ય)	સરોજિની નાયડુ	૩૧૫
વારસો		૩૧૭
હાલાં (કાવ્ય)	ચન્દ્રવદન ચીમનલાલ મહેતા	૩૧૮
કૃષિકન્યા (ફોટો)	નારણભાઇ વારા	૩૧૮
દાર્જીલિંગ આગળ હિમાલયની શિખરપરંપરા(ફોટો)	સેન	૩૧૯
હિમાદ્રિને દ્વારે		૩૧૯
અથાણું		૩૨૮
મારી પોતાની વાત	હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ	૩૨૯
શ્રાવણ	વિનોદ	૩૩૨
યુવાનોનું ઘડતર	હરિનારાયણ આચાર્ય	૩૩૩
પક્ષીનિરીક્ષણ (સ્કાઉટિંગ)	ગજાનન ભટ્ટ	૩૩૪
અંગ્રેજ પ્રજાની લાડકી રમત	ચૈતન્ય	૩૩૭
મિસ ગર્ટ્રુડ એડેરલ	હરિનારાયણ આચાર્ય	૩૩૯
બાળવિભાગ		૩૪૧
ઉગતી પ્રજા		૩૪૪
માધુકરી		૩૪૬
છેલ્લું પાનું		૩૫૦

લવાજમ વરસના રૂા. ૬: ૭ માસના રૂા. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સપાયધુની. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડ્યા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.



ાવણ'૮૨ના 'કુમાર'નું મુખચિત્ર

કાંચનગંગા પર પ્રભાત

ચિત્રકાર: સૌ. બહેન તનુમતી

કુમાર

શ્રાવણ
૧૯૮૨

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ ત્રીજું

અંક આઠમો

મંગલ કલા

સૃષ્ટિમાં જડચેતનના અનેક સંબંધો છે. એમાં ભાઇબહેનનો સંબંધ સૌથી અનોખો છે. એ પ્રભુમોકલ્યો છે, આજન્મનો છે, હૈયાના હેતનો છે, સરખાસરખી મિત્રતાનો છે, કુદરતી જ અવિકારી છે.

દુનિયાદારીનું ઝેર એક એને નથી ચડ્યું; દેશકાળની પાર અંતરની આંખ એક એની નથી ઝંખાઈ; પ્રાણનો જુવાળ એક એનો નથી ઓસર્યો.

બહેન એ ભાઈના પુરુષાર્થની પ્રેરણા છે; ભાઇના કલ્પદ્રુમની એ ફુલછડી છે; અને હારેલાઓની તો બહેન સંજીવની છે.

'વીર' કહીને બોલાવવામાં ભગિની કેટકેટલી આશિષ વરસતી હશે ? અને તે પ્રમાણે દરેક ભાઈ વીર્યવાન થયો હોય તો ? તો...

નમાયા એવા કેટલાક ભાઇઓની બહેન માતા બની છે; નબાપા એવા કોઇકોઈની બહેન પોતાના શ્રમબળે પિતા થઇ રહી છે.

બહેન સંસારની નિર્મળી છે, જગતની કલ્યાણભાવના છે, વિશ્વની પરમ સૌન્દર્યજ્યોત છે.

આખું આસમાની આકાશ મેઘઢંકાએલું હોય, અશ્રુભર્યો મોર ઘેરા ટહુકા કરે અને વનપર્વતની લીલોતરીએ કાજળની રજ પથરાય તે વેળા, ઘડી બે ઘડી, પૂર્ણચન્દ્રની પહેલી કળા શાન્તશીતળ ઉગે—ઉગે, ઝગે ને અનંતમાં ડુબે તેમ, જ્યારે રાતવાસી ગુલાબની પાંદડીઓ પેર ભાઇની કળાઓ ખરી પડે ત્યારે મુગ્ધા ગૌરી શી, ભાઇના ભાગ્ય-આકાશે બહેન દેખાય છે; અંતર્ધાન થાય છે ને વળી પાછી દેખાય છે.

જ્યાં લગી જગત છે, કુટુંબ છે, માતાપિતા છે, ત્યાં સુધી—યાવચ્ચંદ્ર દિવાકરો એ છે જ અને રહેશે,—સોળ કળા સોહામણા ભાઈની મંગલ કલા.

હેશળજી પરમાર



આ વીરપસલી અંક ગણાયો એટલે બીજા અંકો કુમારીઓ કે બહેનોને માટે નહોતા કે નથી એવું માની લેવાની કોઇ ભુલ ન કરે. 'કુમાર'નું વાચન કદિ એક જાતિને કે વર્ગને કદેશીને ગોઠવાતું નથી. એમાં તો સર્વ પ્રકારે આત્માનો જીવનવિકાસ થાય, જ્ઞાન વધે, કલા અને પ્રેરણાની જ્યોત ઝળકે એ જ હેતુ હોય છે. એટલે તેમાંની વાતો, લેખો ને વિચારો લગભગ સર્વને પ્રિય થઇ પડે એવાં, સર્વને પ્રાણપોષક બને અને માનવ મહત્તાનો ખ્યાલ આપે એવા પ્રકારનાં હોય છે.

બહેનો ! જગતનાં કાવ્યો અને જગતની કથાઓ બાલ્યકાળમાં જેટલાં મધુર અને સુંદર લાગે છે તેટલાં મોટા ભાગના માનવીઓને ખરા અનુભવ વેળા નથી લાગ્યાં. સંસારની સીડી પર પગ મુકો તે પહેલાં સમજી લ્યો કે ફુલના હીંડોળા સૌ માટે નથી સરજાયા. કોઇ સુભાગી જીવને અનેક સંસ્કારોના બળે સુખી જુઓ ત્યારે આખી માનવજાતને એવી ન માની બેસતાં. આખી માનવજાતિ આજે અંતરના સંતાપમાં સળગી રહી છે. એ સંતાપો શમાવી સંસારને શીતળ નંદનવન જેવો બનાવવાની મોટી ફરજ આજનાં કુમારકુમારીઓને માથે છે.

આપણો દેશ ગરીબ થઈ ગયો છે, આપણું પ્રાચીન વૈભવનું નામનિશાન નથી રહ્યું, આપણા કાવ્ય પ્રેરતા જીવનસંસ્કાર ભ્રષ્ટ થઈ ગયા છે અને સંસારમાં લાહ્ય લાગી છે તમારે એ બધી હાલતમાં રહી જીવનસંગ્રામ આદરવાનો છે. તમે શી તૈયારીઓ કરી છે ?

યુરોપમાં નારીજીવનનો વિકાસ કોઇ વિચિત્ર રીતે અને ઝડપે થતો જોઇને એમ ન માનશો કે આપણે માટે તેમનો જ માર્ગ અનુકુળ થશે. યુરોપનો યુવાન અને મર્દ આજે પૃથ્વી ખુંદી રહ્યો છે. યુરોપ આગ ખાઇ શકે છે, પચાવી શકે છે; સ્વર્ગ સર્જી શકે છે ને માણી શકે છે. એ શક્તિ, એ દૃષ્ટિ આજ હિંદુસ્તાનને વિરલ થઇ પડી છે.

દેશની ગરીબી, કુટુંબની લાચાર સ્થિતિ, ભાઇ બાપની પરાધીનતાઓ, તમને કેટલાં સુખ અને સગવડ આપી શકે તેનો યોગ્ય રીતે વિચાર કરજો. તે પહેલાં તમને ન મળેલી વસ્તુઓ કે ચીજોના બળાપા ન કરતા. તમારી શાળા, સંસ્થા કે સભાના કાનુનો તમારો કુટુંબપ્રેમ ઝાંખો કરતાં લાગે તેક્ષણે ચેતજો.

દુ:ખનું કારણ એક માતા કે પિતા જ નથી, પણ સમગ્ર સ્થિતિ છે. તેને સુધારવા, તેની સામે થવા, તમારે નિર્મળ, નિર્ભય, પ્રેમળ બનવું જોઇશે. વિદ્વાનોમાં ચટપટ વાતો કરી જ્ઞાનનો પ્રભાવ બતાવવા કરતાં અસંખ્ય અજ્ઞાન બહેનો ગામડાંમાં અને જ્ઞાતિમાં રૂઢિને લીધે વહેમી અને જડ બની ગઈ છે તેમનાં દિલ જીતવામાં, તેમને પ્રકાશને પંથે દોરવામાં જ તમારાં

મેંદીનાં પાન

આપ મેળવવા આપે જ મરવું જોઇએ: આપ રાખતાં આપ જાય છે.

દુ:ખ આવે તો વધાવી લેજો. કેમકે જન્મીને જેણે દુ:ખને નથી જાણ્યું એણે દુનિયા પણ અરધી જ જાણી છે.

અંધારા સામે લડો નહિ. પ્રકાશ લાવો, અને અંધારૂં એની મેળે જતું રહેશે.

સંતોષમાં જ સુખ છે. તમારી રોટલી ઉપર એટલું બધું ઘી ન ચોપડતા કે જેથી તમે તે ખાઇ જ ન શકો.

માણસ કરતા ફેશન વધારે કપડાં ફાડી નાખે છે.

યૌવન

યૌવન એટલે જીવનની વસંત. યૌવન એટલે જીવનનો ઝણઝણાટ. યૌવન એટલે અનેક વૃત્તિઓના ખળભળાટ ને ધમધમાટ. યૌવન એટલે અનેક શક્તિઓનો ઉભરો.

શિશુને સાચવી શકાય, કિશોરને કંઇક સમજાવી શકાય, પણ યૌવનને જાળવવું આકરૂં છે. ઉત્સાહ અને આશા જેટલો જ બળવાન મોહ છે. શક્તિઓ ભુલ કરી શકે છે; આકાશમાં ઉડનાર જ નીચે પડે છે; ઉંડા જળમાં નહાનાર યુવાન જ ડુબે તો ડુબે; બાળકને કોક તરાવે, ઘડપણનું ડહાપણ નહાવા જ ન પડે, પણ જુવાન કંઈ ઝાલ્યો રહે ?

યૌવન સુરક્ષિત અને અકલુષિત રાખીને જે જુવાનીની સુગંધ ફેલાવે તે જ ખરો યુવાન. પગ ભાંગવાની બીકે તે ખાઈ કુદવાનું ન છોડી દે; લશ્કરમાં ક્યાંક મરી જઇશું એ ખ્યાલે ઘરના ખુણામાં જ ન બેસે; પણ તે તો બહાર પડે, હાથમાં માથુ રાખીને ઘૂમે, ને જરૂર જીતે. ન તે ભીરૂ હોય; ન તે વેપારી, વાણિયાશાઇ, જીવનનો કારકુન હોય; કે ન તે ઉડાઉ જુગારી હોય. તે તો શૂરો હોય, સિપાઇ હોય, છતાં કલ્પક હોય. તેનામાં ગણતરીની બુદ્ધિ હોય, છતાં તે ઉદાર અને ખર્ચાળ હોય. જીવનની મહત્ત્વાકાંક્ષાને પોષે એવાં કામમાં તે ઝંપલાવે,—ધીરજથી છતાં દૃઢતાથી, હિંમતથી છતાં પુરા વિચારથી, સાહસભેર છતાં નિર્દોષપણે, સુંદર છતાં પ્રાણુભર ઓજસ્વી. ન તે ડરે, ન પ્રલોભનને વશ થાય કે ન અભિમાને ચડી અંધ બને. —આ યૌવન. એ સાચવવું આકરૂં છે; પણ એ જ ખરૂં જીવન છે.

ગિજુભાઈ

જ્ઞાન અને અભ્યાસની સફળતા માનજો.

નારીસ્વાતંત્ર્યની હિમાયત આજ દરેક ઠેકાણેથી થાય છે, પણ તેના ખરા અખતરા કે પ્રયોગો આપણા દેશમાં તો કોઇક જ ઠેકાણે દેખાય છે. સ્ત્રીજાતિને સ્વતંત્ર રહેવાનો હક, કમાવાનો હક, હરવાફરવાનો હક, પરણવાનો હક,—એ બધા હકો નારીસ્વાતંત્ર્યની વ્યાખ્યામાં આવી જાય છે. પણ એ બધા હકો સાચવનારાં નારી શરીર ક્યાં છે? યૂરોપમાં નારીસ્વાતંત્ર્યનો ટંકાર કરનારી વીર બાળાઓ બહાદુરીના બધા દાવ ખેલે છે; તરવાની હરીફાઇઓ, ઘોડદોડની શરતો કે ઉંચે હજારો ફીટ ઉડવાનાં સાહસોમાં પણ ઉગતી આવતી કન્યાઓનાં નામ દેખાય છે; અને સાધારણ રીતે તો દરેક કન્યા પુરુષની હરીફાઈ કરવા જેટલી તૈયાર હોય છે. નિયમિત વ્યાયામ, મિતાહાર અને તેજસ્વી જીવન એ તો એમનો રોજનો ક્રમ. હિંદુસ્તાન હજુ બુરખા અને લાજોમાં ગુંગળાય છે એ શા માટે? કારણ કે આપણાં સ્ત્રી કે પુરુષમાં સ્વરક્ષણની શક્તિનો અભાવ છે. ખાનદાન સ્ત્રી કે કન્યા ધોળે દિવસે પણ મોટા રસ્તા પર એકલી ન જઇ શકે એવી દુનિયામાં આપણે વસીએ છીએ!

એમાં માત્ર રક્ષણનો જ પ્રશ્ન હોત તો દુઃખ ઓછું ગણાત. પણ સાથે જ પુરુષોની ઝેરી આંખ, લોકવાયકા, જ્ઞાતિજનોની શંકાઓ વગેરે અનેક બાબતો સમાજની અધમ દશાનો ખ્યાલ આપે છે. આ બધી દિશાઓમાં પ્રયત્ન કરી સુધારણા લાવવાને એક આખી પ્રજાએ મથવું જોઇએ. બહેનો, તમે સંસારમાં અધિકાર મેળવો ત્યારે આ વાતો ભુલી ન જતાં. એ વેળા જ્યાં હો ત્યાંથી તમારી આસપાસનાં ક્ષેત્રમાં સુસંસ્કારવાળી નિર્મળતા અને નિર્ભયતાનું વાતાવરણ ઉપજાવજો.

આજ તમે શરીરના અને મનના વ્યાયામ શીખી લો. જીવનની ગરીબીને ઉજાળવી હોય તો ઘર કે કુટુંબની સેવા કરતાં સંકોચ કરતાં નહિ. દુઃખી અને અભાગી માણસો તરફ દયા ને ઉદારતાથી વર્તજો; ભાઇઓ ને બાળકોને સ્નેહથી સત્કારજો; વાણી પર કાબુ રાખતાં શીખી લેજો; તમારાં વેણ દેવવાણી જેવાં પ્રેરક થાઓ, નહિ કે કાળજાં વીંધનારાં તીખાં બાણ. દુઃખના ઘુંટડા શાંતિ અને શ્રદ્ધાથી જીરવશો તો તે અમૃતસમ થઇ પડશે. પ્રભુના બધા આશિર્વાદ તમારી પર ઉતરો, બહેનો!

જી

❦ અગાધ જળમાં મૌન રહેલું છે; અગાધ શક્તિમાં શાંતિ રહેલી છે.

❦ દિવસમાં બે વાર સ્નાન, મહિનામાં બે વાર લંઘન ને વરસમાં બે વાર જુલાબ એ નીરોગી રહેવાની વીમા-ફી છે.

❦ જેને જાગતો હોય ત્યારે ફુરસદ જ ન હોય, જે નિરંતર કામમાં હોય તેની પાસે કામ આવી શકતો નથી. કામનું ઔષધ કામ છે.

ભાવનાનો અર્થ

'કુમાર'ને પહેલે પાને પ્રગટ થતી ભાવનાઓ કોઇક હોંસે વાંચે છે; કોઇ વાંચે છે ને અર્થ સમજતાં નથી, અને અર્થ સમજનારાંમાંથી યે તેને જીંદગીમાં ઉતારવા તો કોઇ વિરલ જ મથતું હશે.

કોઇક આ ભાવનાઓને ભવ્ય કહીને વૃદ્ધનું ડહાપણ માને છે; કેટલાંકને એ કઠોર ને ક્લિષ્ટ લાગે છે; ઘણાંક તો તેના તરફ બેદરકાર રહે છે.

ભાવના એ ઉચ્ચ જીવનની દીક્ષા છે; નવું જીવન ઘડનારી વિધાત્રી છે; મનુષ્યની તે માનસિક વૃત્તિ છે ને અંતઃકરણની સ્થિતિ છે; સંસારના વિકટ માર્ગ કાપવાનું તેમાંથી બળ મળે છે.

આ લખનારના એક કવિ-ગુરુ હતા અને તે શાળામાં વિદ્યાર્થીઓને બાર માસને માટે બાર ભાવનાઓનું રટણ કરવા કહેતા. એક માસ સત્ય બોલવાનું, બીજે સુંદર બનવાનું, ત્રીજે મહીને વિવેકશીલ વર્તવાનું. . . . એમ વ્રતપાલનથી ભાવક સાચ્ચે જ ભાવનારૂપ બની જાય છે.

આ ઉપર કીટ-ભ્રમર-ન્યાયનું એક પ્રસિદ્ધ દૃષ્ટાન્ત છે. ભમરી એક લીલી ઇયળને પકડી લાવી ડંખ મારે છે અને પછી ભીની માટીનું દર બનાવી અંદર તેને પુરી દે છે. ડંખના દુઃખથી બીચારી ઇયળને ભમરીનું રટણ રહ્યા જ કરે છે. અંતે થોડી મુદ્દતમાં જ તે ઇયળ મટીને ભમરી રૂપ બની જાય છે! કુદરતની આ નવાઇ છે; પણ 'ભાવીએ તેવા થઇએ' તે સૌને માટે સાચું છે.

'કુમાર'માંની ભાવનાઓ જીવનનાં સૂત્રો રૂપે મુકાય છે. અતિ થોડા અર્થવાહી શબ્દોમાં બધો ભાવ સમાય અને નીરસ ન પડે માટે કવિતાની ઢબે કળાગુંથણી કરાય છે. એટલે તેનો દરેક શબ્દ, વાક્ય, અર્થ ઉંડા વિચારથી વાંચવાં સમજવાં રહે છે.

ભાવનામાં બુદ્ધિ અને કલ્પના કેળવવાનો, જીવનભાન વિકસાવવાનો, ઉત્તેજના અને અપૂર્વતા ભરવાનો હેતુ છે. અને ભાવનાનો શબ્દાર્થ સમજીએ એટલું ભાષાજ્ઞાન ન મેળવીએ તો કયે મોંએ આપણે 'ગુજરાતી પ્રજા' કહેવડાવીએ?

એમ છતાં ભાવના સમજવા સારૂ અનુભવી માતપિતા, વડીલ ભાઈ કે બહેન અને શિક્ષાગુરુ તો છે જ.

જેમને પોતાનો વિકાસ કરવાનો છે તેઓએ નવીનવી ભાવનાઓ પોષવી જ પડશે. આજના વિદ્યાર્થીઓનું કારીટાજીવન જોઇને લાગી આવે છે કે કોઇપણ તરુણ, આયુષ્યનો આ અમૂલ્ય ચેતનભર્યો સમય 'પુસ્તકિયા ક્રીડા' બની દુર્બલ વાસનાઓમાં કે છીછરા ખ્યાલોમાં વીતાવે એ તેનું અને દેશ આખાનું દુર્ભાગ્ય છે. એ ખાબોચિયામાંથી નીકળી જઇને સમુદ્રની સફરે ચડવું હોય તેમણે ગમે તે રૂપે કે પ્રકારે ભાવનાનો ભંડાર ભરવો જોઇશે. ર. પ.





વર્ષાનો રાસ

વર્ષા તો સાતસાત બ્હેનડી રે લોલ;
સાતે તે બ્હેનીઓ અપાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન વાદળી રે લોલ;
વાદળીએ જગતજલધાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન વીજળી રે લોલ;
વીજળીએ પ્રાણતેજતાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન ચાંદની રે લોલ;
ચાંદનીએ ચંદ્રકિરણહાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન વેલડી રે લોલ;
વેલડીએ ફુલમધુભાર જોઃ વર્ષા૦

વર્ષાના એક બ્હેન ઢેલડી રે લોલ;
ઢેલડીએ પ્રેમવ્રતવિહાર જોઃ વર્ષા૦

વર્ષાના એક બ્હેન રૂકિમણી * રે લોલ;
રૂકિમણી તે રૂપનો અંબાર જોઃ વર્ષા૦

દેશળજી પરમાર

* રાસ લેનારીઓમાંથી એકાદનું નામ લેવું.

શ્રીમતી સરોજિની નાયડુ

કોઇએ કહ્યું છે કે જ્યારે આર્યાવર્તમાં સ્વરાજ્ય–સ્થાપનાનું શુભ મુહૂર્ત આવી પહોંચશે ત્યારે સૌથી પ્રથમ એનો સંદેશો સ્ત્રીઓ અને કુમારિકાઓને મળશે અને રાસના ટહુકા વડે તેઓ આભને ભરી દેશે કે

'અનિલ કહેજે રે સંદેશો સ્વરાજ્યનો.'

આજે એ સમય નજીક લાગે છે; પરંતુ આજથી આશરે એક વીસી ઉપર એ રાસ ગાનાર, અને એક દસકા પર સ્વરાજ્યની વેદિ પર જાતનું સ્વાર્પણ કરનાર હિંદની પહેલી પુત્રી શ્રીમતી સરોજિની હતી. આ વાતથી એટલું સ્પષ્ટ થાય છે કે ભરતખંડ અને તેની સંસ્કૃતિ ઉપર શ્રી સરોજિનીનો અપૂર્વ ભાવ છે; અને એ ભાવ ખરો પાડવા જેટલું એનામાં વિકસિત સ્ત્રીત્વ છે, પ્રાણનું હૈવત છે.

એકલી કવિતા કરવામાં કે ગાવામાં જ્યારે એનો પ્રેમ પુરાઇ ન રહી શકયો ત્યારે વાણીની મશાલ લઇને, પ્રેમની જોગણ બનીને એ સ્વરાજ્યની શોધમાં ચાલી નીકળી છે. રોજરોજ અનેક હૃદયદીપક પોતાની મશાલ વડે એ પ્રગટાવતી જાય છે. કોઈ દેવદૂતી સમી, ઈશ્વરની કરુણા સરખી, અખંડ શ્રદ્ધા વડે આજ એ વિષમ દેશકાળ વચ્ચે આગળ ધસી રહી છે.

અમરવેલ જેવી એના હસ્તમાં હમેશ યશરેખા રહી છે. ઇશ્વર એનો અને આખા ય દેશનો અભિલાષ પુરે અને કોમી વિખવાદો અને કુટિલ રાજનીતિઓને સ્થાને એકતા, સમાનતા અને ભ્રાતૃત્વના-શાન્તિકર સ્વરાજ્યનો ઉગમ થાય.

પણ તે ત્યારે થશે જ્યારે પૃથ્વીભરની ઉગતી પ્રજાઓ હાથમાં હાથ મીલાવી એક તાતના બાળક તરીકે જોડાજોડ ઉભશે અને પોતપોતાના હૃદયપ્રાન્તમાંથી લોહીચુસ દ્વેષ, ડંખ ને વેર-ઝેરને કાઢી નાખશે; જ્યારે હરેક ભારતકુમારી આ સરોજિની જેમ રાષ્ટ્રનો ધ્વજ ધરીને કુમાર-વર્ગને અને પુરુષજાતને દૃષ્ટાન્ત દેશે—ઉત્તેજના આપશે.

. . . અને ત્યારે જ સતીઓનો આત્મા ધન્ય અને સાર્થ લેખાશે.

દક્ષિણ હિંદુસ્તાનમાં નિઝામ સરકારનું જુનું દેશી રાજ્ય છે. તેની રાજધાની હૈદ્રાબાદમાં આજથી ૪૭ વરસ ઉપર, ૧૩મી ફેબ્રુઆરી ૧૮૭૯ને દિવસે શ્રી અઘોરનાથ ચટ્ટોપાધ્યાયને ઘેર પહેલું સંતાન અવતર્યું. એનું નામ પડ્યું સરોજિની.

અઘોરનાથ ચટ્ટોપાધ્યાય વિદ્વાન, લોકપ્રિય અને પ્રતિભાશાળી પુરુષ હતા. બ્રહ્મનગરના એક કુલીન બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો હતો. સ્કૉટલંડની એડિન્બરો વિદ્યાપીઠમાંથી ડૉકટર ઑફ સાયન્સની પદવી લઇ, જર્મનીમાંથી પણ થોડુંક જ્ઞાન મેળવી,

યૂરોપ ખંડ ભમી, સ્વદેશ આવી તેમણે હૈદ્રાબાદમાં નિઝામ કૉલેજ સ્થાપેલી. વિદ્યાદાન એમનું જીવનકાર્ય હતું; સ્વાર્થત્યાગ અને પરોપકાર એમના સહચર જેવાં હતા; આતિથ્ય એમનું ભૂષણ હતું. તેઓ વૈજ્ઞાનિક હતા અને સાથે કવિ પણ હતા. એમનાં પત્ની વરદાસુંદરી પણ કવિ હતાં.

આ કવિ દંપતી તે સરોજિનીનાં માતપિતા. આમ, હિંદુસ્તાનની ભૂમિ પર એક સ્ત્રીકવિ અને સ્વદેશ-સેવિકાને અવતારવા સારૂ કુદરતે છેક અરધા સૈકા ઉપર તૈયારી કરી લીધી હતી.

સરોજિનીને શરૂઆતથી ધ્યાનપૂર્વક અંગ્રેજી ભાષા શીખવવામાં આવી. ડૉ. અઘોરનાથ પોતે એમાં રસ લેતા; તે એટલો કે એક વાર છ વર્ષની વયે સરોજની અંગ્રેજીમાં વાતચીત ન કરી શકી એ મહા અપરાધને કારણે એને સજા પણ થઈ હતી!

પણ એ જમાનો અંગ્રેજી ભાષાના મોહનો હતો. પછીથી ડૉ. અઘોરનાથનો વિચાર સરોજિનીને ગણિત અને વિજ્ઞાનમાં નિપુણ કરવાનો થયો. પરંતુ બાળક સરોજ અતિશય કલ્પનાશીલ હતી. એને આ વિષય અનુકુળ ન પડ્યા. એ પોતાના એક પત્રમાં લખે છે: 'મારી અગિયાર વરસની વયે હું બીજગણિતનો દાખલો લઈ બેઠી હતી. જવાબ ઠીક મળતો ન હતો, તેથી ખીજાતી હતી. ત્યાં મારા મનમાં એક કવિતા આવી અને દાખલાને બદલે આખી કવિતા જ લખી કાઢી!'

તોપણ બાર વર્ષની કુમળી વયે સરોજ મૅટ્રિક પાસ થઇ. આજ જેટલો અંગ્રેજીનો પ્રચાર તે કાળે નહિ, તેથી આવી હુશિયારીને લીધે સરોજિની દેશભરમાં જાણીતી થઇ ગઇ. પણ એ નામનાને લીધે તે ફુલાઇ નહિ. એથી ઉલટું એ વાત તેને ન ગમી. વાતચીતના એક પ્રસંગે તેણે કહ્યું કે 'આથી મને કશી પ્રસન્નતા નથી;—આવી વાતોથી મને અંશમાત્ર પ્રસન્નતા નથી.'

આનું એક કારણ હતું. સરોજિનીને આવડી નાની ઉમરે કવિતા કરવાની ધુન ચઢી હતી. એનું શરીર સારૂં રહેતું ન હતું, તોપણ એ કવિતાના અધ્યયનમાં આગળ ચાલી હતી. તેરમું વર્ષ ચાલતું હતું તે વખતે સર વૉલ્ટર સ્કૉટની 'લેડી ઑફ ધ લેઇક'ની ઢબે તેણે ૧૩૦૦ લીટીઓ લખી કાઢી. વળી ૨૦૦૦ લીટીઓનું એક નાટક પણ રચી નાખ્યું.

આ બધાથી એનું શરીર વધુ લથડ્યું અને એને ચોપડીઓને અડકવાની જ મનાઇ થઇ. એ લખે છે કે મારો અભ્યાસ અને વિકાસ ખરેખરો તો ૧૪ થી ૧૮ વર્ષ દરમિયાન જ થયો છે.

એવામાં નિઝામ સરકારની સહાય વડે સરોજિની-ને વધુ વિદ્યાપ્રાપ્તિ માટે વિલાયત મોકલવામાં આવી. લંડનની કિંગ્ઝ કૉલેજમાં અભ્યાસ શરૂ થયો. અહીં તે ત્રણ વર્ષ સુધી રહી. પણ તેનું આરોગ્ય વધુ બગડતું હતું. છતાં અહીં એને બીજો લાભ ઠીક મળી ગયો. અહીં તે ઈંગ્લંડના લેખકમંડળના પરિચયમાં આવી. તેમાં મિ. આર્થર સાઇમન્સ અને મિ. એડમંડ ગૉસ એ મુખ્ય હતા. છેવટ તે સ્વદેશ આવવા ઉપડી. વચ્ચે સૌન્દર્યધામ ઇટાલિમાં થતી આવી. એ દેશની મોહિની એને અજબ લાગી.

હિંદુસ્તાનમાં આવ્યે ત્રણ મહીના માંડ થયા હશે ત્યાં, સોળ વર્ષની વયે, સરોજિની પોતાના પ્રિય જન શ્રી ગોવિંદ રાજુલુ નાયડુ સાથે લગ્નગાંઠથી જોડાઇ. શ્રી નાયડુ મદ્રાસી અબ્રાહ્મણ હતા અને આ ઇચ્છા-વર વરવામાં સરોજિનીએ પોતાનો સ્વતંત્ર પ્રાણ બતાવી દીધો. કેમકે એ લગ્ન ઉપર આખો કાકસમાજ ખળભળી ઉઠ્યો હતો. સમાજસુધારાનું આ એમનું પહેલું પગલું હતું. શ્રી સરોજિનીનું વિવાહિત જીવન ઘણું સુખી નીવડ્યું છે. એ લગ્નનાં ફળરૂપ એમને ચાર સુજ્ઞત બાળકો છે : બે પુત્રો ને બે પુત્રીઓ.

કવિ તરીકે હિંદી તેમજ અંગ્રેજ આલમમાં મશહૂર થવા ગૃહસ્થાશ્રમે એમને અવકાશ આપ્યો છે અને સ્વરાજ્ય વિષયક પ્રવૃત્તિઓ આદરી પ્રથમ સ્થાન મેળવવા—પ્રજાનું સુકાન પ્રાપ્ત કરવા જેટલો માર્ગ મોકળો કર્યો છે.એ સ્ત્રીસ્વાતંત્ર્યના કોઇપણ હીમાયતીને હેરત કરે તેવું છે, એટલું જ નહિ પણ જેઓ સ્ત્રીઓની અધોદશા ઉપર શોકકળ કરતા હોય તેમણે દૃષ્ટાન્ત લેવા જેવું છે. શ્રીમતી સરોજિનીના નામ જોડે શ્રી નાયડુનું નામ ચિરંજીવ રહે તો શ્રી નાયડુએ સરો-જિનીના વિકાસમાં જે સરળતા કરી છે તેનો એ કુદરતી પરિણામ છે. આવા સત્કારથી એમનો ગાર્હસ્થ્ય અગ્નિ દેદિપ્યમાન શોભે છે.

કલ્પના—અતિ ઉચ્ચ મધુર કલ્પના સરોજિનીને જાણે વરેલી છે. સુરુચિ, સૌન્દર્ય, લાવણ્ય, વિદ્યા

ને વિવેક એ તો શ્રીમતીના કુટુંબને પ્રભુએ અનાયાસે જ ભેટ દીધાં છે. ખાનદાનીની ફોરમ એમનાં વચન અને વર્તનમાંથી ફોરે છે. સાથે સરોજિનીની જીવનભાવના એવી વિશુદ્ધ છે કે એ નાતજાત, ગામ કે પ્રાન્તના ભેદ વગર સઘળાં જોડે હળીમળી શકે છે, સુખદુઃખ સમજી શકે છે અને સેવાભાવે મુશ્કેલીઓ ટાળવા પ્રયત્નવાન રહે છે. સ્વરાજ્યનો સ્ફુલિંગ તો એના અંતરમાં લોકમાન્ય તિલક મહારાજ અને હોમ રૂલ લીગનાં પ્રણેતા ઍની બેઝંટના વખતથી જાગ્યો છે.



સરોજિની નાયડુ ૧૯૧૫માં. સ્કેચ : રવિશંકર રાવળ

શ્રીમતી સરોજિની પ્રથમ તો અંગ્રેજી ભાષામાં અંગ્રેજી વસ્તુઓ અને વિષયો ઉપર કવિતાઓ કરવા માંડ્યાં હતાં. એમની કવિતામાં ક્યાંય હિંદી વાતાવરણનું નામ સરખું નહોતું. પણ એક ઘટના એવી બની કે જેથી એનું આખું કાવ્યશાસ્ત્ર બદલાઇ ગયું ! એ ધન્ય ઘડીએથી તેને હિંદ ઉપર, હિંદી જીવન ને સંસ્કૃતિ ઉપર, હિંદનાં કુદરતી દશ્યો ઉપર પ્રેમ ઉત્પન્ન થયો.

એક વખત ઇંગ્લંડના પ્રખર અને પ્રમાણભૂત સાહિત્યવિવેચક એડમંડ ગૉસે સરોજિનીની કવિતાઓ જોવા ઇચ્છા કરી. સરોજિનીએ પોતાનાં કાવ્યો એમને સ્વાધીન કર્યાં. એકાંતમાં બેસી આ વિવેચક બધું તપાસી ગયો; પણ તેને સંતોષ ન થયો. કાવ્યો તેને કૃત્રિમ અને પ્રેરણાશૂન્ય જણાયાં. ગૉસ સરોજિનીના એક પુસ્તકની પ્રસ્તાવનામાં આ વાત આમ નોંધે છેઃ

'આ કવિતાઓ છંદ, વ્યાકરણ અને ભાવની દૃષ્ટિએ સાવ નિર્દોષ છે, પરંતુ તેઓમાં એક ભારે ખામી છે. તે એ કે સૌ વ્યક્તિત્વ વિનાની છે. તેનાં ભાવ અને કલ્પના પશ્ચિમના રંગે રંગાએલાં છે. આથી મેં એ કાવ્યોને એકબાજુ અલગ મુક્યાં છે; કારણકે એ કવિતા તો અનુકરણની પોપટવાણી છે.'

મિ. ગૉસે સરોજિનીને ચોખ્ખું સંભળાવી દીધું કે આ અંગ્રેજી ભાવોવાળી તમારી કૃતિઓને કચરાની ટોપલીમાં નાખો. એક ભારતી લલના પાસેથી મને વીલાયતી કલ્પનાઓની આશા ન હોય. તમારાં અંગ્રેજી કાવ્યો દ્વારા તો તમારે પૂર્વ દેશની કવિતા ગાવી જોઇએ. તમે અમારા રૉબિન પક્ષી વિષે લખવું છોડી દો; અમારાં ફુલ, વૃક્ષ, દેખાવ ને દેશવર્ણનનો ત્યાગ કરો. પરંતુ તમારા દેશ, પ્રાન્ત, નદીઓ, પર્વતો, મંદિરો, ફુલવાડીઓ વનસ્પતિ ને રહેવાસીઓ સંબંધે લખો—ભારતીયતા ધારણ કરોઃ અને પશ્ચિમના કવિઓની નકલ કરવામાં તમારૂં વ્યક્તિત્વ ન ગુમાવો.'

થયું. સરોજિનીને આ વાતનું સત્ય સ્પષ્ટ સમજાઇ ગયું. આ વૃદ્ધ વિવેચકનાં વચન તેણે માથે ચડાવ્યાં, અને ઇ. સ. ૧૮૯૫ પછી ભારતીય વાતાવરણ અને પ્રાણવાળાં કાવ્યો લખાવા માંડ્યાં. આ આભારનો બદલો તેણે ઇ. સ. ૧૯૦૫ના પોતાના પ્રથમ કાવ્યસંગ્રહ The Golden Threshold (હિરણ્ય ઉંબર)નું અર્પણ નીચે પ્રમાણે કરીને વાળ્યો છેઃ "આ પુસ્તક 'હિરણ્ય-ઉંબર'નો પ્રથમ માર્ગ દેખાડનાર મિ. એડમંડ ગૉસને અર્પણ.'

સરોજિનીને પોતાનો એ કાવ્યસમુદાય પ્રગટ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો ત્યારે એણે કહેલું કે 'મારા સંગીતમાં પક્ષીઓનો ક્ષણિક ગાનકલ્લોલ છે. મેં કાંઇ સુંદર લેખો લખ્યા નથી.' એડમંડ ગૉસ એનાં એ વચન ટાંકીને મજાક કરે છે કે 'ખરેખર, સરોજિનીની કવિતાનો વિશેષ ગુણ એ છે કે તેમાં પક્ષીનું—પક્ષીના જેવું સંગીત છે.'

એનાં લઘુ કાવ્યો ઊર્મિગીતો (Lyrics) છે. તેઓમાં એકાગ્ર ભાવો અને ઓછા શબ્દો છે. દરેક

લીટીમાં એક નવું ચિત્ર ખડું થાય છે. એ વાંચીને સૌન્દર્યની તરસ વધતી ચાલે છે. આ લક્ષણ તો ઉંચી જાતની કવિતાનું જ હોઇ શકે.

કવિ માતાપિતાના વારસા રૂપ ઉતરી આવેલી આ કવિત્વશક્તિ અને મેધા સરોજિનીનાં ભાંડુઓ-માં પણ ઉતરી છે. એના નાના ભાઈ શ્રી હરીન્દ્ર-નાથ ચટ્ટોપાધ્યાય અતિ પ્રતિભાશાળી કવિ અને નાટ્યકાર છે અને અત્યારે પચીસેક વરસની વયે તો એમની કવિત્વશક્તિ, રવીન્દ્રનાથ ઠાકુર સમા યૂરોપ અને એશિયાના વિદ્વાનોમાં માન્ય ગણાય છે. એની કલા વિષે એક વિવેચક કહે છે કે તેમાં આ વયે પણ પ્રેરણાની સમૃદ્ધિ ને વિરલ આર્ષ દૃષ્ટિ છે. તે બંને વિકાસ પામતાં જશે તેમતેમ આ કવિ જગતને અનેરાં સંગીત સુણાવશે. છેલ્લાં ત્રણ વર્ષમાં તેમણે પાંચેક કવિતાનાં પુસ્તકો બહાર પાડ્યાં છે.

સરોજિનીનાં નાનાં બહેન મૃણાલિની ચટ્ટોપાધ્યાય પણ ઉંચી બુદ્ધિમતા ધરાવે છે, અને મદ્રાસમાંથી 'શમા' નામનું સાહિત્ય કલા અને તત્ત્વજ્ઞાનનું એક ઉચ્ચ પંક્તિનું ત્રૈમાસિક કાઢે છે.

સરોજિનીની ભાષા અલંકારભરી, પ્રવાહમયી અને સુંદર છે. ગદ્ય તો વળી એના કરતાં ય સરસ છે. એની વાણી થોડા શબ્દોમાં ગૂઢ ભાવો પ્રગટાવે એટલી શક્તિવાળી છે. એનો મુખ્ય કાવ્યરસ શૃંગાર છે; તેથી ઓછે અંશે શાન્તરસ છે.

એમનો બીજો કાવ્યગુચ્છ Poems of Life and Death (જીવન અને મૃત્યુનાં કાવ્યો) અને ત્રીજો સમુચ્ચય The Bird of Time (કાલપક્ષી) નામે બહાર પડ્યાં છે. આ છેલ્લું પુસ્તક ઇ. સ. ૧૯૧૨માં પ્રગટ થયું અને તે સર્વોત્તમ નીવડ્યું છે. કાલપક્ષીમાંનાં કાવ્યો ફ્રેન્ચ અને જર્મન ભાષાઓમાં તરજુમાયાં પણ છે. ઇ. સ. ૧૯૧૭માં એમનો છેલ્લો કાવ્યસમૂહ The Broken Wing (તુટેલી પાંખ) નામે બહાર પડ્યો છે.

પરંતુ આ સમય પછી કવિતાનું આકર્ષણ ઓછું થતું ગયું અને સરોજિની સાર્વજનિક કાર્યોમાં વધુ ભાગ લેતાં થયાં. સાહિત્યવિલાસીઓને ભય લાગ્યો કે એમણે આ ખોટું પગલું ભર્યું. પણ પોતે પોતાના અંતઃકરણના અવાજને માની વધુ ગંભીર જવાબદારી લેતાં હતાં. સ્ત્રીને કુદરતે મુળથી સેવાભાવી સરજી છે. માત્ર કવિતાઓ ગાવી એ સરોજિના સેવાભાવી સ્ત્રીહૃદયને કેમ અનુકુળ પડે ? કવિતાને જીવનમાં ઉતારી જીવવામાં જ એમણે સંતોષ ને આનંદ જોયો. કવિતા જો માત્ર નિજ વિહારને અર્થે હોય તો તેનો કશો હેતુ નથી. નિષ્પ્રાણ હિંદનાં જડવિકળ અંગોની વાત એ એક ઐતિહાસિક કરુણ મહાનાટક છે; જેની સન્મુખ આ કવિતાઓ રમત માત્ર બની રહે છે. કવિતાના કાલ્પનિક પ્રદેશમાંથી આર્યાવર્તની સાચી સેવામાં પડવું એ એમના વિકાસક્રમનો સ્વાભાવિક પરિણામ હતો; એમના કાવ્યાત્માનો એ ઉદાત્ત રાજ-માર્ગ હતો. ખરો કવિ શૂરાત્મ હોય. દરેક દેશમાં સાચા કવિઓના આપભોગના કિસ્સાઓ મળી આવે છે. એવી કસોટીમાં શ્રીમતી સરોજિની પાર ઉતરે છે ને હિંદુસ્તાનનાં સાચાં કવિ તરીકે મોખરે આવે છે.


[૨]

'મને લોકો વારંવાર પુછે છે કે તું કલ્પના-ગુંબજ પરથી ઉતરી બજાર રસ્તામાં કયાં પડી ? તેં કવિની વાંસળી છોડી સ્વાતંત્ર્યનું બ્યૂગલ કેમ લીધું ? મેં એમ એટલા માટે કર્યું કે કવિનું કર્તવ્ય ગુલાબના બાગમાં કે સ્વપ્નમંદિરમાં એકાંતવાસ સેવવાનું નથી; પણ જનતાના સાથ વચ્ચે—એમનાં સુખદુઃખો વચ્ચે વસવાનું છે.'

એ કારણસર અહીંથી સરોજિનીના જીવનમાં પલટો આવે છે. એની કવિતામાં જે સમભાવ કે પ્રભાવનો ધોધ વહેતો તે હવે જીવનનાં સત્કાર્યોમાં ધસમસે છે. કવિતા એ સહૃદયતા છે, અને એ સાચી જ હોય તો ખાલી તરંગોમાં સમાઇ શકતી નથી. હવે એ કવિતા તે પળની પ્રેરણા મટી ગઇ અને સર્વવ્યાપી શક્તિ બની ગઇ. હવે તે કવિતાપતાકા લઇ દેશભર ઘુમવા માંડી. દરેક સામાજીક અને રાજનૈતિક પ્રશ્નોને કાવ્યરસે ભીંજવીને રસભર કરવા લાગી. એના એ વાણીપ્રવાહમાં હિંદી જનતા ડોલી ઉઠી, એટલું જ નહિ પણ આંગ્લ પ્રજાના પ્રતિનિધિઓ પણ વિસ્મયમુગ્ધ થયા.

અછુત જાતિઓ માટે એના હૃદયમાં ઘણો સમાસ છે. એક સભામાં બ્રાહ્મણોને સંબોધી કહ્યું હતું કે

'જ્યાં સુધી તમે અછુત જાતિનો ઉદ્ધાર નથી



મંગલ કલા

ચિત્રકાર : કનુ દેસાઈ



શ્રીમતી સરોજિની નાયડુ

(ફોટો, જનાર્દન : સુપીરિયર ફોટો કંપની : અમદાવાદ)

કર્યો ત્યાં સુધી તો તમે સ્વતંત્રતાની વાત જ ન કરશો. તમે કોના પ્રતિનિધિઓ થઈને સભાઓમાં વિરાજશો ? તમે કયે મોંએ કહેશો કે તમારામાં દેશકલ્યાણની ભાવના છે ? ગોળનો પથ્થર પણ તમારી વિરુદ્ધ સાખ પુરશે; જંગલનું વૃક્ષ પણ તમને ધિક્કાર દેશે; કારણકે જેમને તમે ભ્રષ્ટ કહી નકારી કાઢ્યા છે તેઓનાં કનાં આંસુએ.ને જંગલ અને પહાડ સમજે છે.'

સ્ત્રીવર્ગમાં પણ પોતાના પ્રભાવથી નાતજાતના ભેદ વગર એણે ઘણાંને પોતાનાં કરી લીધાં છે. પરદાનશીન બાઈઓમાં પણ એ પોતાનો ઝળહળતો દીપક લઈ ગઈ છે. પુરુષવર્ગ પાસે સ્ત્રીહકોનો સ્વીકાર કરાવ્યો છે અને સ્ત્રીત્વનું આસન સ્થિર કરવા એ અખંડ ઉદ્યોગી રહી છે. પુરુષોને ઉદ્દેશી એ એક સ્થળે કહે છે કે 'રાષ્ટ્રીયતાનું નિર્માણ તમારા નહિ પણ અમારા હાથમાં છે.' એક આખ્યાનમાં સરોજિની સ્ત્રીત્વની ખરી વ્યાખ્યા કરે છે કે

અમને જો અવસર આપવામાં આવે તો શરીર, બુદ્ધિ અને આત્માની સમૃદ્ધિ ભરી તમારી સન્મુખ નવો આદર્શ રચી દઈએ; અને તે કવિતરંગી સ્ત્રીત્વથી નહિ, પરંતુ એવું સ્ત્રીત્વ ખીલવીને, કે સફળ ગૃહિણી અને વીર માતા બનીને તમારાં બાળકોને સ્વરાજ્યનો પ્રથમ શબ્દ શીખવીએ.'

નવા ભારતને સારુ સરોજિનીની નજર ઉગતી પ્રજા ઉપર જ ઠરે છે. એ સમજે છે કે રાષ્ટ્રનું ઉજ્જ્વલ ભવિષ્ય આ જુવાન આત્માઓને અવલંબી રહ્યું છે. એકવાર વિદ્યાર્થીઓ આગળ એણે નીચેના ઉદ્‌ગારો કાઢ્યા હતા:

'કોઈ મને કહે કે તમારી અંતરતમ આશાનું એક જ વાક્ય બોલો તો હું કહું કે 'તમે દેશનું ભવિષ્ય છો.' . . . હું મારા જીવનનો સર્વોચ્ચ મહિમા એમાં માનું છું કે મારી સમાધિના શિલાલેખમાં આ શબ્દો લખાય કે 'ભારતની ઉગતી પ્રજા જોડે એને પ્રેમ હતો, એના ઉપર વિશ્વાસ હતો, એની જોડે તેણે કામ કર્યું; અને એ સહકારને પરિણામે જ હિંદ-સ્વરાજ્ય પ્રાપ્ત થયું.'

'જીંદગીમાં તમારું ક્ષેત્ર ગમે તે હો, ચાહે તો તમે દીન-અકિંચન હો; પણ એટલું યાદ રાખજો કે તમે આ દેશનું અને અંતે દેશની વ્યવસ્થાનું એક અંગ છો. દેશનો આધાર 'મોટા માણસ' માથે નથી પરંતુ સાધારણ મનુષ્ય ઉપર છે, જે પવિત્રતા, સચ્ચાઈ ને સાહસ વડે પોતાનો દરેક દિવસ જીવે છે.'

આમ શ્રી સરોજિની યુવકહૃદયને આદર્શની કલ્પના કરવાનો ઉપદેશ દઈ રહ્યાં છે.

હિંદુ મુસલમાન એકતાનું સરોજિની આગ્રહપૂર્વક સમર્થન કરે છે ને મનુષ્ય મનુષ્ય વચ્ચેના ઉદાર ભ્રાતૃભાવમાં માને છે. એ કહે છે કે 'હું મુસલમાની રાજ્યના મુખ્ય શહેરમાં જન્મી છું, મુસલમાન આયાએ મને ઉછેરી છે, મુસલમાની ભાષાનો પહેલો શબ્દ મારે કાને પડ્યો છે અને મારા બાળપણમાં મુસલમાન જોડે રમી છું.'

ઘણીઘણી સભાઓમાં ભાષણ કર્યાં, પ્રમુખ બન્યાં, દેશોદેશ ભમ્યાં; પરંતુ સરોજિનીનું ખરું જીવનકાર્ય તો હવે શરૂ થયું.

ઇ. સ. ૧૯૧૯નું વર્ષ ભરતખંડને ભારે હતું. જગતનું મહાભારત યુદ્ધ બંધ પડ્યું; હિંદુસ્તાનની અનેકવિધ અમોલી સેવાઓને અવગણી તેને રૉલેટનો કાળો કાયદો દેવાયો; જલિયાંવાલા બાગનો કિસ્સો બન્યો; ગાંધીજીએ સત્યાગ્રહ શરૂ કર્યો. આ વખતે

વણકર

: વસંતતિલકા :

ઉષા ઉગી—વણકરો પ્રિય ! શું વણો છો ?
શા માટ વસ્ત્ર અતિ સુંદર આ કરો છો ?...
આસ્માનરંગી—જ્યમ સૂક્ષ્મ પતંગ પાંખ,
આ આંગલું વણી રહ્યા નવબાલ માટ.

સંધ્યા નમી—વણકરો પ્રિય ! શું વણો છો ?
શા માટ વસ્ત્ર અતિ ઉજ્જ્વલ આ રચો છો ?...
જાંબુડિયું, મહીં લીલું—જ્યમ મોરપિચ્છ,
આ સાળુડો વણી રહ્યા નવરાણી માટ.

શીળી પ્રભા—વણકરો પ્રિય ! શું વણો છો ?
શા માટ શાન્ત અતિ ગંભીર સૌ દિસો છો ?...
એ શ્વેત વાદળ તણાં લઘુ પિચ્છ જેમ,
આચ્છાદનો વણી રહ્યા મૃત જીવ માટ.

સરોજિની નાયડુ

'ઇન્ડિયન વીવર્સ' નામના કાવ્ય પરથી દે. ૫.

શ્રીમતી સરોજિની ગાંધીજીની શિષ્યા અને દેશની બહેન થઇ રહી. મુંબઇની બજારમાં, જપ્ત થએલ સાહિત્યમાંની 'હિન્દસ્વરાજ'નું પુસ્તક વેચતી ગાંધીજી-ની જોડાજોડ જમણી બાંહ જેવી ઉભી રહેનાર સરો-જિની હતી. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાને લીધે બે મત થતાં મહાસભાના બે પક્ષ પડ્યા. તેમાં સરો-જિનીએ નાફેરવાદી તરીકે ગયાની મહાસભામાં ધારાસભાપ્રવેશનો સખત વિરોધ કર્યો. પરંતુ પોતે સ્વરાજ્યપક્ષ તદ્દન છોડ્યો નહિ અને બે પક્ષ વચ્ચે મણિસાંકળ જેવાં રહ્યાં.

ઇ. સ. ૧૯૧૯ના જુલાઇમાં શ્રીમતી સરોજિની હોમરૂલ લીગ તરફથી વીલાયત ગયાં હતાં તે વખતે મૉન્ટેગ્યુચેમ્સફર્ડ સુધારાઓ પાર્લામેન્ટ દ્વારા ચર્ચાતા હતા અને એક સમિતિ શિષ્ટ હિંદી પ્રતિનિધિઓની જુબાની લેતી હતી. શ્રીમતી સરોજિની પણ હિંદી સ્ત્રીઓને આ સુધારાઓમાં પુરુષો જેવા હક અપાવવા હિંદી વજીરની મુલાકાતે એક ડેપ્યુટેશન લઇ જવા તૈયારી કરતી હતી. તેવામાં પાર્લામેન્ટ આગળ જુબાની આપવાનું આમંત્રણ મળ્યું. પ્રથમ લેખી જવાબ રજુ કર્યો અને પછી મોંતપાસ શરૂ થઇ. એ ટાણે સરો-જિનીએ ભારત મહિલાઓનો એવો તો પ્રેરક અને સચોટ પક્ષ કર્યો કે સમિતિ ઉપર તેની જબરી અસર થઈ. એની વાગ્ઝરા અને વક્તૃત્વથી સભા અંજાઇ ગઇ અને સભાના પ્રમુખે એને ધન્યવાદ દીધા કે 'જો અવિવેક ન થતો હોય તો હું કહું કે આ કામમાં આપે ભાગ લીધો તેથી અમારાં નીરસ લખાણોમાં કવિતાની એક લેખા અંકાઇ છે. આપના લેખી અને મૌખિક એકરારથી અમને હિંદી સ્ત્રીઓના મતાધિકાર વિષે વિચાર કરવાની પુરી સામગ્રી મળી ગઇ છે.' એ સુધારાઓમાં હિંદી સ્ત્રીઓને જે મતાધિકાર મળ્યો છે તે શ્રીમતી સરોજિનીનો જ પ્રતાપ છે.

જલિયાંવાલા બાગના ગોળીબારો પછી ફરી ઇ. સ. ૧૯૨૦માં સરોજિની વીલાયત ગયાં. અહીં એક ભાષ-ણમાં એમણે કહેલું કે 'પંજાબમાં અમારી બહેનોને નગ્ન કરવામાં આવી હતી, ફટકા લગાવવામાં આવ્યા હતા અને સ્ત્રીધર્મ ભ્રષ્ટ કરાયો હતો.' શ્રીમતીના આ શબ્દો સામે હિંદી વજીર મૉન્ટેગ્યુએ વાંધો લીધો અને એક પત્ર લખ્યો કે એવી કોઇ હકીકત કૉંગ્રેસ કમિટીના રીપોર્ટમાં નથી, માટે તમારે પાછી ખેંચી લેવી. સરોજિનીએ એને એવો તો મોઢાતોડ જવાબ વાળ્યો કે મૉન્ટેગ્યુ સાહેબ મુંગા થઇ ગયા. પછી એ વાતની ખાતરી આપવાનું એ બોલ્યા જ નહિ. અહીંથી સરકારના સહકાર વિષે શ્રીમતીનો મત બદલાઈ ગયો. બંને વચ્ચે અંટસ બંધાયો. એમણે સરકારે એનાયત કરેલ કૈસરે-હિંદનો ચાંદ સરકારને પાછો સોંપ્યો અને લથડતી તબિયતે પણ સ્વરાજ્યના રચનાત્મક ક્રમમાં મહાત્માજી સાથે પુરો સહકાર સાધ્યો.

દક્ષિણ અને પૂર્વ આફ્રીકામાં પણ હિંદીઓના અધિકાર ખુંચવી લેવાનો અને ગાંધીજીના સત્યાગ્રહનો ઇતિહાસ જીવતો છે. ગાંધીજી હિંદમાં આવ્યા પછી ત્યાંની બાજી કથળી ગઇ. સરોજિની ત્યાંના હિંદી ભાઇઓને દીલાસો દેવા પૂર્વ આફ્રીકાની કોન્ગ્રેસનાં પ્રમુખ બની ત્યાં ગયાં હતાં. એમનો સારો સત્કાર થયો. સૌ હિંદીઓ સમક્ષ તેણે ભાષણો દીધાં અને ઓળખીતા યુરોપીઅન અધિકારીવર્ગને મળી હિંદી પક્ષ રજુ કર્યો. બીજું તો કાંઈ નહિ, પણ અમલ-દારોની કડક વર્તણુકમાં સરોજિનીની મીઠાશ અને કુણપ અતિશય વસી ગઈ.

ત્યારપછી હમણાં હમણાં તો હિંદી પ્રજાએ એમને ૪૦મી મહાસભાનાં પ્રમુખ બનાવી, એક વર્ષ પ્રજાનાવનું સુકાન એમને હાથ દઇ એમનો કીર્તિકળશ ચડાવ્યો છે, અને પોતે એ માનને યોગ્યાધિકારી છે એમ તેમણે પુરવાર કર્યું છે.

દિવ્ય આશાની પાંખ સમી સરોજિની આ અચેતન અંધાર કાળમાં પણ દેશદીપિકા શી દીપી રહી છે. અમર હજો એ હિંદ સ્વરાજ્યના ઇતિહાસની અમૃતજ્યોત.



વારસો

શિવપુર કાઠિયાવાડનું એક ગામ છે. પંદરેક હજારની વસ્તી હશે. મૂર્તિમંત વીરરસ જેવો પુરાણો કિલ્લો, ઇતિહાસપ્રસિદ્ધ વાવ અને એક સતીના ભસ્માવશેષ ઉપર રચાએલું મંદિર, એ તેની સમૃદ્ધિ છે.

આ ગામમાં એક વણિક જોડું રહેતું હતું. લક્ષ્મીની તેમના ઉપર અવકૃપા હતી. પણ તેઓ ધરરાખુ હતાં. કોઇ પાસે લાંબો હાથ કર્યો ન હતો. કોઇ વખત કરજ કરતાં નહિ, છતાં વહેવાર સાચવતાં. યથાશક્તિ દાનધર્મ પણ આચરતાં.

આ લોકોને બીજો અસંતોષ ન હતો. ફક્ત સંતતિ ન હતી. આર્ય પ્રજાની પુત્રૈષણા સૃજનજુની ને પવિત્ર છે.

બાઇએ 'પથ્થર એટલા દેવ કર્યા' ત્યારે એક દેવની બાધાથી પુત્રપ્રાપ્તિ થઇ. બસ, જીવિત સાર્થક થઇ ગયું. તરત જ ચોથા વ્રતની* બાધા લઈ લીધી. પુત્રનું નામ પાડ્યું શ્રીકંઠ.

શ્રીકંઠ મોટો થયો. નીશાળે ગયો. નાનપણથી જ તે પવનચક્કી બનાવતો, રેલગાડી બનાવતો, કંઇકંઇ ચીજો મેળવીને નવી વસ્તુઓ બનાવતો.

કોઇનું કામ કરી દઇને તો કોઇની ચોપડી ઉછીની લઇને તેણે અભ્યાસ કર્યો. અભ્યાસ પુરો થયો ન થયો ત્યાં માતપિતાએ જીવનયાત્રા પુરી કરી. એ સાચા તીર્થની પૂજા તેણે તનમન ખરચીને કરી હતી.

મુશ્કેલી ગુપ્ત આશીષ છે. શ્રીકંઠનું શરીર અને ચારિત્ર સાથોસાથ ઘડાતાં ગયાં. તે જીવનના અનેકવિધ પ્રશ્નો ઉપર વિચાર કરતો થયો.

'અહા, આવી કડકડતી ઠંડીમાં આ છોકરાના અંગ ઉપર એક પણ વસ્ત્ર નથી; અને અમારે તો ગરમ કપડાં વિના ન ચાલે!'

'આ લોકો એઠાં પતરાવળાંમાંથી પેટ ભરે છે —અરે, ઢોર કે કુતરાંને નાખેલું પણ ખાઇ જાય છે; અને અમને?—અમને જીભ માગે તે મળે છે!'

'આ લોકોને માટે જ્ઞાનના કાંઇ સાધનો નથી. તેઓ અનેક બદીમાં સડે છે. ભારત, તારાં સંતાનોના મોટા ભાગની આ સ્થિતિ છે!'

'મારી બુદ્ધિ—શક્તિનો શો ઉપયોગ કરૂં? ધારૂં તો પૈસો મેળવી શકું. પછી શું?—એશઆરામ કરવો? ના. ત્યારે શું બુદ્ધિ—શક્તિને નકામાં જવા દેવાં? નહિ. લોકહૃદય સાથે મારે એકતાર થવું છે. તેઓ ખાય છે તે ખાઇશ; જીવે છે તેમ જીવીશ; તેમની વચ્ચે રહીશ; પૈસો લોકસંગ્રહ અર્થે વાપરીશ.'

શ્રીકંઠે રાસાયનિક ખાતરની શોધ કરી છે. આ ખાતરમાં ત્રણચારગણો પાક ઉતરે એવી શક્તિ છે. મિત્રોએ સલાહ આપી કે આ શોધનું પેટન્ટ કરાવી લ્યો; તેથી લાખ્ખોની સંપત્તિ મળશે. ધીમે રહીને જવાબ આપ્યો, 'બુદ્ધ, ક્રાઇસ્ટ કે મહમ્મદથી જગતની વધારે સેવા થઇ છે કે મારા જેવા શોધકથી? તેમણે તેમના વિચારો પેટન્ટ કરાવી લીધા નહિ તે ભુલ કરી! વરસાદ પણ ભુલે છે, પેટંટથી નથી આવતો!'

શોધ તદ્દન સાદી છે થોડા ખરચમાં દરેક ખેડુત અજમાવી શકે છે.

ગામેગામના આગેવાન ખેડુતોનો એક મેળો કર્યો. તેમને શોધનું સપ્રયોગ જ્ઞાન આપવામાં આવ્યું. લોકોએ ઘેર જઇને તે પ્રમાણે કર્યું. પહેલે જ વર્ષે ધાન્ય, કપાસ અને ઘાસની રેલમછેલ થઇ રહી.

શોધકની જમીનમાં પણ સારી ઉપજ થઇ. બસ, વસુંધરાની સમૃદ્ધિની વાત જ શી? કોઠીઓ ઉપર કોઠીઓ ઉભરાવા લાગી. તેનો પૈસો ઉપજાવ્યો. પહેલાં દાણાની કોઠીઓ હતી ત્યાં હવે રૂપિયાની કોઠીઓ થઇ.

માણસો વાતો કરતા, 'આટલો પૈસો છતાં આવી સાદી રીતે કેમ રહે છે? કેમ મોટો બંગલો બંધાવતા નથી? કેમ એકાદ મોટર રાખતા નથી?'

શ્રીકંઠ બાપુ હવે વૃદ્ધ થયા છે. જીવનનાં સર્વ કર્તવ્યો બજાવી લીધાં છે. મૃત્યુ માટે સજ્જ થઇ બેઠા છે. આજ્ઞાંકિત ને ખડતલ પુત્રપુત્રીઓનો વસ્તાર છે.

આજે કુટુંબમંડળ તેમની આસપાસ બેઠું છે.

* પરિણિત જીવનમાં અમુક વખતથી મરણાંત બ્રહ્મચર્ય વ્રત પાળવું તેને જૈન ધર્મમાં ચોથું વ્રત કહે છે. તે જાહેરમાં ગુરુજન સમક્ષ લેવાનું હોય છે. લીધા પછી કોઇપણ સંજોગોમાં તેમાંથી છુટ લઇ શકાતી નથી.

તેમના મુખમાંથી શી વાણી નીકળશે?

'પ્યારાં સંતાનો ! મારામાં તમને વિશ્વાસ છે ને? મારી બુદ્ધિ નાઠી નથી એમ તમે માનો છો ને?'

સૌ એકબીજા સામે જોવા લાગ્યાં. વખતે કોઇથી અપરાધ થયો હોય. હસીને ડોસાએ આગળ ચલાવ્યું, 'કોઈ ગભરાશો નહિ. આ તો સહેજ પુછું છું. ચાલો, આજે મારે તમને વારસો આપી દેવો છે. બેટા રત્નાકર, લખવાનાં સાધન લાવ તો.'

રત્નાકર આવ્યો તે દરમ્યાન ડોસા સૌને લડાવવા લાગ્યા, 'બોલ, સુધા, તારે શું જોઇએ? ને પ્રવીણ, તારે?' બધાં હસીને મોઢું સંતાડી દેતાં.

'ચાલો, તમે કોઇ કાંઇ બોલતા નથી એટલે કાંઇ જોઇતું નથી એમ માની લઉં છું.'

'દીનકર, રત્નાકર, શ્રીકાંત, પદ્મા, વિશાખા—બધાં નજીક આવો. દીનકર, તું સીલીક બોલ અને હું લખાવું તે લખતો જા.'

'આપણી ખેતીવાડીની કૉલેજની યોજના છે ને —તેને માટે પાંચ લાખ. હુન્નર ઉદ્યોગ અને લલિત-કળાઓની કૉલેજ માટે ત્રણ લાખ.' વચ્ચેવચ્ચે બધાંનાં મોં સામું જોતા જતા હતા, પણ ક્યાં ય નારાજીની રેખા ન દીઠી. 'સ્ત્રીકેળવણી માટે બે લાખ; પરદેશ વિદ્યાભ્યાસ માટે એક લાખ. બોલ, દીનકર, હવે કેટલા બાકી રહે છે?'

'બાપુ, હજી પચાસ હજાર બાકી છે.'

'તો પચીસ હજાર સાધુસંત, કથાકાર વગેરેના નીભાવ માટે, પંદર હજાર મંદિર તથા ચબુતરાના જીર્ણોદ્ધાર માટે અને દસ હજાર રહ્યા તે—ખેતીમાં નવો પ્રયોગ કરી બતાવે તેને ઈનામ માટે.'

'ને દાદા, અમારે માટે કાંઇ નહિ?' દીનકરની દીકરી નાનકડી કાંતિ બોલી ઉઠી.

'ના, કાંઈ નહિ. તમને હાથપગ છે, શરીર છે, બીજું શુ જોઇએ?'

થોડીવાર પછી સૌને સંબોધીને બોલ્યા, 'વ્હાલાંઓ, મારે તમને અપંગ નથી બનાવવાં. જીંદગીના મેં અનુભવ લીધા છે તે તમને લેવડાવવા છે. પૈસાદાર જન્મવું તે દુર્ભાગ્ય છે. જીંદગીની લડત સાચા સીપાહી માફક લડવાની છે.'

સૌ સંતાનો એનાં ચરણમાં ઢળી પડ્યાં અને વૃદ્ધ શ્રીકંઠનો પ્રાણ ઉડી ગયો.

હાલાં

: ઇન્દ્રવજ્રા :

ઘેલી હતી તું કની છેક નાની,
લોકો કહેતા તુજને જ શાણી;
ને બ્હેન વાણી ય વદંતી કાલી,
સૌને હતી તું વળા ખુબ વ્હાલી.

ઉંઘાડવા હાલરડાં હું ગાતો,
એ ગીત ગાતાં કદિ ના ધરાતો;
ત્યારે સ્ફુરંતી ઉપમાવલિઓ,
આજે ન ઝાલે સ્મૃતિ-અંગુલીઓ.

"સોના તણા પારણીએ તું પોઢે,
મોતીગુંથી ચાદર બ્હેન ઓઢે;
હીરા જડયા હાંસલીએ રમંતા,
માણેકના મોર વળી ફરંતા.

ને હીરદોરી—ને બ્હેન ગોરી,
ને એક વીરો—ને વીર હીરો;
પાતાલપાણી થકી હું નહવાડું,
જાતે વખાણી ઝબલાં સીવાડું."

સ્વપ્નાભર્યો એ સુખી બાલ્યકાળ,
આંખો મીચંતાં થતી સ્વપ્નજાળ;
એવાં હવે ના કદિ સ્વપ્ન આવે,
ને સાથ મીઠી વળી ઉંઘ લાવે.

ઓ બ્હેન! આજે નહિ ઉંઘ આવે,
તું ગાય હાલાં મુજ માટ ભાવે;
જો, ગાઢ નિદ્રા મહીં વિશ્વ લાગે,
એમાં અહીં આ તુજ આંખ જાગે.

ના પારણું કે કંઇ હાંસલીઓ,
આજે ન માગું ઉપમાવલિઓ;
મારે કપાળે તુજ હાથ માંડ,
ને 'ભાઇ' બોલી મુજને ઉંઘાડ.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા




કુમાર : શ્રાવણ : ૧૯૮૨

કૃષિ-કન્યા

ફોટો : નારણભાઈ વારા

જામનગરના ભાઇ નારણભાઇ વારા એક ઉગતા કુમાર છે અને ફોટોગ્રાફીમાં કલાની બાજુ ખીલવનારા જે થોડા જુવાનો છે તેમાં તેમનું કામ આગળપડતું થશે એમ દેખાય છે. આ ચિત્રમાં તેમણે વસ્તુવિધાન સુંદર રીતે રજુ કર્યું છે. પણ આપણે ઇચ્છીએ કે કૃષિકારને ઘેર સૌન્દર્ય અને તંદુરસ્તી વધારે હોય. એક રીતે તો આ ચિત્રમાં આપણો દેશકાળ જ પ્રતિબિંબિત થયો છે.



દાર્જીલિંગ આગળથી દેખાતી હિમાલયની શિખરપરંપરા

(ફોટો : મિ. સેન)



દાર્જીલિંગ આગળથી દેખાતાં કાંચનગંગા વગેરે હિમશિખરો — ફોટો : સેન

હિમાદ્રિને દ્વારે

હિન્દનો સર્વોત્તમ ગિરિનિવાસ : દાર્જીલિંગ

જગતભરમાં અદ્વિતીય તેજ ને સૌન્દર્યભર શિખરોવાળો, હિન્દના અપ્રતિમ કિરીટ સમો હિમાલય જેણે એક વાર જોયો છે તેને તો હિમાલયની વાત કે ચિત્ર સુકાં જ લાગવાનાં. વેદકાળથી હિમાલયની પ્રેરણા પી પીને આર્ય માનસ જે સમૃદ્ધિ ને સંસ્કાર મેળવી શક્યું છે તેની બરોબર જગતનો કોઇપણ દેશ આવી શક્યો નથી એ સર્વસિદ્ધ વાત છે. છતાં આજે આપણું દુર્ભાગ્ય છે કે હિન્દનાં અનેકકોટિ બાલકો એ સનાતન, ભવ્ય, અચલ યોગીશ્વર સમા, તેજમૂર્તિ ગિરિરાજનાં દર્શનથી વંચિત રહે છે. આપણી ધર્મભાવના શિથિલ થઇ હોય તો તેના કારણ રૂપે કહી શકાય કે આપણે કુદરતના અફાટ અનંત સૌન્દર્યનાં દર્શન છોડી અંધારી ઓરડીમાં ભેદાભેદની તકરારો કરતા માથાં ભટકાવીએ છીએ. હિમાલયનાં દર્શનથી અંતર તૃપ્તિ પામે છે, મનના પરિતાપ શમે છે, ને ત્યાંની અન્નપૂર્ણા સમી વનરાજી આપણી પામરતા હરે છે.

આ યુગમાં હિમાલયનાં દર્શન સામાન્ય સ્થિતિનો માણસ પણ ધારે તો સહેલાઇથી કરી શકે એવી જોગવાઇઓ થઈ છે. જઇને સરળતાથી વસી શકાય તથા હરીફરીને ત્યાંનો પરિચય પામી શકાય એવા, દરેક પ્રકારની આધુનિક સગવડવાળા અનેક ગિરિનિવાસ હિમાલયને લગતા હિંદના જુદાજુદા ભાગોમાં આવેલા છે. તેમાં સૌથી ઉત્તમ દાર્જીલિંગ ગણાય છે.

દાર્જીલિંગને હિમાલયનું એક મુખ્ય દ્વાર કહી શકાય, કારણકે ત્યાંથી જ શિખરશિરોમણિ એવરેસ્ટનો માર્ગ જાય છે, ત્યાંથી જ નેપાળ, ભુતાન અને સીક્કીમની સરહદો શરૂ થાય છે, ત્યાંથી જ તિબેટના રાજનગર લ્હાસા જવાનો ધોરી માર્ગ છે; અને એ બધા મુલકોનો હિંદ સાથેના વ્યવહાર ને વ્યાપારનો જબરો પ્રવાહ પણ દાર્જીલિંગ મારફત જ વહે છે.

કલકત્તાની ઉત્તરે ૭૦૦૦ ફુટની ઉંચાઇએ હિમાલયના ઉંબરા પર જ દાર્જીલિંગ આવેલું છે. ત્યાં જવાને કલકત્તાના સિયાલ્ડા સ્ટેશનેથી સાંજે દાર્જીલિંગ મેઇલ ઉપડે છે. આ મેઇલની ઝડપ કલાકે સાઠ માઇલની હોય છે, એટલે હિંદુસ્તાનની કોઇ પણ ટ્રેન કરતાં તે વધારે છે. એ ટ્રેઇનનો દેખાવ અને ઠાઠ પણ એવો જ દમામભર્યો હોય છે. એન્જિનની આગળ જ એક જોરદાર રોશનીવાળી સર્ચલાઇટ બે માઇલ સુધી કિરણો ફેંકતી રાક્ષસી આંખ જેવી લાગે છે, ને ટ્રેનના દરેક ડબાને બારણેબારણે વીજળીની બત્તી હોય છે એટલે રાત્રે જતી એ ટ્રેન કોઇ વિમાન જેવી લાગે છે !

કલકત્તાથી ૩૩૫ માઇલ દૂર સીલીગુરી સ્ટેશન આગળ આ ટ્રેનની મુસાફરી પુરી થાય છે અને સવારના છ વાગ્યે ત્યાં પહોંચતાં, પ્લૅટફૉર્મની બીજી બાજુએ દાર્જીલિંગ–હિમાલયન–રેલવેનાં ટચુકડાં એન્જિન અને રમકડા જેવા ડબા તૈયાર દેખાય છે. સીલીગુરીથી



પહાડ પર જતી રેલવેને એક ઠેકાણે ચોગડાના આકારમાં કુદડી લઇ ઉપર ચડવું પડે છે. આ રેલવે બાંધનાર ઇજનેર અહીં સુધી પાટા નાખતો આવ્યો ત્યારે મુંઝવણમાં પડયો કે આ છેડેથી પાછા કેમ વળવું. એ વખતે એની મડમે નાચની રંગભૂમિ ઉપર છેડે જઇ પોતે કેમ મોં ફેરવી લે છે તે બતાવ્યું, અને તે પરથી આવી ગોઠવણ ઇજનેરને સુઝી. દૂરના પહાડો પર જે લીટીઓ દેખાય છે તે રેલવેના માર્ગ છે. (હા. હિ. રેલવે ગાઈડ)

દાર્જીલિંગ સુધીની ૫૧ માઇલની મુસાફરી, બે ફુટ પહોળાઇના પાટા પર ચાલતી આ ટચુકડી ગાડીમાં જ કરવાની હોય છે.

સીલીગુરીથી આ ગાડીમાં બેઠા પછી થોડે સુધી સપાટ અને રસાળ ભૂમિ પર વાંસનાં ઝુંડોમાં નજીક નજીક વસેલાં ગામડાં અને રાજ્યાની લોકોનાં સુંદર ઝુંપડાં મનોહર દશ્ય ઉપજાવે છે. અહીંને ગામડેગામડે હાથીઓ ફરતા જોઇ અમને પહેલાં તો નવાઇ લાગી, પણ પાછળથી ખબર પડી કે હિમાલયની તળેટીનાં તરાઇનાં જંગલોમાં હાથી, વાઘ વગેરે અનેક જનાવરો પુષ્કળ છે અને તેથી જ આ ગામડાંમાં હાથીઓ આટલા સુલભ છે. ઘણી વાર તો હાથીઓ રેલવેના માર્ગમાં નજરે પડયા છે. એક વાર એક હઠીલો હાથી ટ્રેનના પાટા વચ્ચોવચ્ચ ઉભેલો. ગાડી પાસે આવી તો યે ખસે નહિ. ડ્રાઇવરે સીટીઓ મારી એટલે સામે દોડયો ! સુભાગ્યે ડ્રાઇવરને યુક્તિ સુઝી. એણે ખુબ વરાળ છોડી, એટલે હાથી ગભરાઇને જંગલમાં નાસી ગયો.

પહાડની રેલવેનો હિમાલય પરનો ચડાવ સુકના સ્ટેશનેથી શરૂ થાય છે, અને ત્યાંથી દસ માઇલની ઝડપ



પહાડની કેડ પર કાપેલો રેલ રસ્તો (હા. હિ. રેલવે ગાઇડ)

થઇ જાય છે. દરેક એન્જિનની પાછળ જાણે ચાર જ

ડબા રાખી બેત્રણુ નાનીનાની ટ્રેન કરી નાખવામાં આવે છે, અને એક પાછળ એક એમ એ ગાડીઓ ધીમેધીમે પહાડની કેડ પર પાડેલા કંદોરા ઉપર વાંક લેતી ચડે છે. તે વખતે પાછળ દેખાતા નીચેના રસ્તાઓ, ખીણો અને બદલાતાં દસ્યો જોઇ હૈયું કુદતું લાગે. પાકા સાગનાં ઉંચાં ઝાડોના ગીચ જંગલ વચ્ચે ગાડી નાગણુની પેઠે ફુંફાડા મારતી જેમજેમ ઉપર ને ઉપર ધસતી જાય છે તેમતેમ હવા બદલાતી લાગે છે. સીલીગુરી આગળ ઉનાળાનો સખત તડકો અનુભવી, તરત બેત્રણુ કલાક પછી ધુમ્મસ અને વાદળાંના પ્રદેશમાં પહોંચીએ છીએ ત્યારે બધું સ્વપ્ન જેવું લાગે છે. સીલીગુરીથી જ બધાં મુસાફરો ગરમ કપડાં પહેરી લે છે. અરધે રસ્તે કરસ્યૉંગ સ્ટેશન આવે છે ત્યાંથી એન્જિનનું મોં બદલાઇ જાય છે અને ત્યાંથી ગાડી ચોગડાના આકારમાં ફરીને ઉપરનો માર્ગ લે છે. અહીંથી મુસાફરોને ભુતિયા અને નેપાળી ચહેરા તથા પોશાકો નજરે પડવા માંડે છે. ધુમનું સ્ટેશન આવતાં તો એવા વાયરા છુટે છે કે નવા જનારને થોડી વાર શરદી થવાનો ભય લાગે! ધુમનો પહાડ ઓળંગી, ગાડી તેની પાછળ નીચે ૧૦૦૦ ફુટને ઢોળાવે ચાર માઇલ પર આવેલા દાર્જીલિંગ સ્ટેશન આગળ અટકે છે.

દાર્જીલિંગ નામ કેમ પડયું તેને લગતી બે વાતો છે. દાર્જ–લિંગનો અર્થ ઇન્દ્રનું વજ્ર એવો થાય છે. બીજી વાત એ છે કે દાર્જે નામનો બુદ્ધ લામા ત્યાં રહેતો અને સીકીમ રાજ્યને તેની મહેસુલ ભરતો. તે પરથી તે દાર્જે લામાની હકુમતનો પ્રદેશ તે દાર્જેલિંગ કહેવાતો. તે વેળા દાર્જીલિંગની વસ્તી ૧૦૦ માણસોની જ હતી; પણ બ્રિટિશ સરકારના હાથમાં આવ્યા પછી ત્યાં પાકા રસ્તા અને મકાનો થવા લાગ્યાં અને ગોરા લશ્કરની છાવણી ત્યાં રહેવા લાગી.


દાર્જીલિંગ, કરસ્યૉંગ વગેરે મુળ તો સીકીમની હદમાં જ ગણાતાં. ઈ. સ. ૧૮૧૬ પહેલાં તે નેપાળને તાબે હતાં. નેપાળે એ પ્રદેશ સીકીમ રાજ્ય પાસેથી જીતી લીધેલો, પણ ૧૮૧૩માં જનરલ ઑકટરલોનીએ ગુરખાઓને હરાવ્યા અને અંગ્રેજોને નેપાળ સાથે સેગાઉલીની સંધિ થઇ તેમાં નેપાળે ૪૦૦૦ ચોરસ માઇલ જેટલો મુલક છોડી દીધો. એ મુલક ચોકસ શરતો સાથે બ્રિટિશે સીકીમને આપ્યો, જેથી સીકીમ



નેપાળની આડે વાડ જેવું બની રહ્યું. એ જ સંધિની રૂઇએ નેપાળના રાજ્યે બ્રિટિશને આલમોડા, મસુરી, નૈનિતાલ અને સીમલાનાં પહાડી મથકો પણુ સોંપ્યાં. એમાં આલમોડા દરિયાની સપાટીથી ૫૫૧૦ ફુટ, મસુરી ૬૬૦૦, નૈનીતાલ ૬૪૦૭ ને સીમલા ૭૦૭૫ ફુટ ઉંચાં છે.

નેપાળ સાથે બ્રિટિશને ગુરખા વિગ્રહ થયો તેમાં સુરતના શેઠ અર્જુનજી નથુજીએ સરકારને નાણાંની મોટી મદદ કરી હતી અને તેથી જ સરકાર એ લડાઇમાં ટકી શકી હતી. એ મદદ કેટલી રકમની હતી તે બહાર પડયું નથી, પણુ લડાઇ જીત્યાની ખુશાલીમાં સરકારે એ શેઠને ખીલાત આપી માન દર્શાવ્યું હતું. શેઠે પણુ એ અવસરે ત્રણુ લાખ રૂપિયા ખર્ચી શેવતી ગામે શ્રી બાલાજીનું મંદિર બંધાવ્યું હતું. આજે તો એ કુબેર વંશના વારસો સુરતમાં ભુખે મરે છે.

ઇ. સ. ૧૮૨૮માં જનરલ લૉઇડ અને જનરલ ગ્રાન્ટ નેપાળ અને સીકીમની તકરાર પતાવવા ગએલા. તેમણે વળતાં દાર્જીલિંગની પશ્ચિમે આવેલા મંગટાંગ ગામે મુકામ કર્યો, ત્યારે એ જગ્યાની હવા તેમને બહુ માફક જણાઇ. આ ઉપરથી તેમણે બંગાળના ગવર્નરને એ જગ્યા માટે સરસ રીપોર્ટ મોકલ્યો. એ રીપોર્ટ પરથી સરકારે ઠરાવ્યું કે ઇસ્ટ ઇન્ડિયા કંપની વતી જનરલ લૉઇડ સીકીમ જોડે મસલત ચલાવી દાર્જી-




વાદળાંનાં આવાં મોજાં હિમાલયમાં વારંવાર ચડી આવે છે અને જોતજોતામાં આપણી આસપાસ વાદળનો જાણે સમુદ્ર ફરી વળે છે. (ફોટો : સેન)

લિંગનો પહાડી પ્રદેશ ભાડે લે. અત્યાર સુધી દાર્જીલિંગની વાર્ષિક ઊપજ સીકીમને માત્ર વીસ રૂપિયા જેટલી થતી; પણ ઇ. સ. ૧૮૩૫ના ફેબ્રુઆરીની પહેલી તારીખે સીકીમના રાજાએ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને મિત્રદાવે દાર્જીલિંગ અને કરસ્યોંગવાળો ૨૪ માઇલ લાંબો અને ૭ માઇલ પહોળો પ્રદેશ હવા ખાવાનું મથક બનાવવા આપ્યો, અને કંપની સરકારે આ બદલ સીકીમ રાજ્યને દર વરસે રૂ. ૨૦૦૦ આપવાનું ઠરાવ્યું. પાછળથી એ રકમ વધારીને ૬૦૦૦ની કરવામાં આવી.

દરમિયાન ઇ. સ. ૧૮૪૯માં એક બનાવ એવો બન્યો કે જેથી એ પ્રદેશ પોતાને હાથ કરવાનું બ્રિટિશ સરકારને કારણ મળી ગયું. ડૉ. જૉસેફ હૂકર અને ડૉ. કૅમ્પબેલ નામના બે અંગ્રેજો હિમાલય વિષે શોધ-ખોળ કરતાકરતા સીકીમની હદમાં ગયા હતા. તેમને ત્યાંના રાજાના દીવાને કોઇ કારણસર પકડી કેદ કર્યા અને સરકાર પાસેથી કેટલાક લાભ પડાવવા તેમને હેરાન કર્યા. સરકારે કહેણ મોકલી તેમને છોડાવ્યા, અને આ બહાનાનો લાભ લઇ તરત જ (૧૮૫૦માં) સીકીમની સરહદ પર પોતાનું ખાસ લશ્કર ગોઠવી દીધું, સીકીમ રાજ્યને અપાતી વાર્ષિક રકમ બંધ કરી અને દાર્જીલિંગને લગતો ૬૪૦ ચોરસ માઇલના વિસ્તારનો પ્રદેશ ખાલસા કરી બ્રિટિશ હદમાં જોડી દીધો! આ રીતે એક પણ ગોળીબાર વિના દાર્જીલિંગ સંપૂર્ણ રીતે સરકારને હાથ પડ્યું.

૧૮૬૦માં વળી પાછું સીકીમ રાજ્ય પોતાની શરતો બરોબર પાળતું નથી એવા કારણસર સરકારે રંગીત નદીની પશ્ચિમે સીકીમગિરિ લેવા લશ્કર મોકલ્યું અને દાર્જીલિંગથી ચાળીસ માઇલ પર આવેલું રીંચીપોંગ કબજે લીધું. પણ સીકીમીઓ સામા થયા અને એ હુમલાથી સરકારી લશ્કરને ભાગીને રંગીત નદીના ઝુલતા પુલ ઉપર થઇ આ પાર નાસી આવવું પડ્યું. એ વખતે દાર્જીલિંગની યૂરોપીઅન વસ્તીમાં બહુ ગભરાટ થઇ રહ્યો હતો. આખરે સરકારે ૨૬૦૦ બંદુકદારો, બે પહાડી તોપો અને થોડુંક પાયદળ મોકલ્યું. ૧૮૬૧માં નામચી આગળ સરકારે સીકીમીઓને હરાવ્યા. તેમની સંખ્યા માત્ર ૮૦૦ બહાદુરોની હતી! આ લડાઇ પછીની સંધિમાં રંગીત નદીને બંને રાજ્યોની હદ ઠરાવી સરકારે સીકીમના રાજાને પદભ્રષ્ટ કર્યો, અને તેના પુત્રને ગાદી આપી લડાઇના ખર્ચ પેટે ૭૦૦૦ રૂપિયા વસુલ લીધા.

આ રીતે અંગ્રેજોએ દાર્જીલિંગ હાથ કર્યું. શરૂઆતમાં વર્ણવ્યા મુજબ દાર્જીલિંગ એ હિમાલયની તળેટીના ને પારના પ્રદેશો સાથેના વ્યવહારનું મુખ્ય મથક છે, હિમાલયનું મુખદ્વાર અને સુંદર હવાપાણીની અનુકુળતાવાળું ઉંચામાં ઉંચું સ્થાન છે, જ્યાંથી આસપાસના પ્રદેશો પર નજર તથા કાબુ રાખી શકાય



એવું એક મજબુત લશ્કરી નાકું છે. આ પરિસ્થિતિ ચતુર સરકારે પહેલેથી જ માપી લીધી, અને ઉપર બતાવ્યું તેમ મુત્સદ્દીગીરીથી એ નાકું હાથ કર્યું.

આજે તો દાર્જીલિંગ આ જમાનાની બધી સગવડો વાળું એક સુંદર પહાડી નગર બની ગયું છે. આસપાસના પ્રદેશો સાથેના વેપારનું અને માર્ગનું તે નાકું છે અને ત્યાં અંગ્રેજ લશ્કરનું એક મોટું થાણું છે. ઉનાળામાં બંગાળના ગવર્નરનું મથક ત્યાં જ હોય છે. ઠંડા વાતાવરણ ને પહાડી તંદુરસ્તીને લીધે બંગાળના કેટલાક રાજાઓએ પણ ત્યાં પોતાની જાગીરો કરી છે. નોકરીમાંથી ફારક થએલા ઘણા અંગ્રેજો ત્યાં જ આવી વસે છે, કારણકે ત્યાંની હવામાં જીવન ટકાવવાની શક્તિ છે.

દાર્જીલિંગની અદ્દભુત પ્રાણદાયક હવા ઉપરાંત ત્યાંથી અનંત દેખાતાં હિમશિખરોની પરંપરાનો દેખાવ જગતમાં અજોડ છે. હિમાલયનું સર્વસુંદર શિખર કાંચનગંગા (એનું ખરૂં નામ કિન-ચુન-જંગ છે.) ત્યાંથી માત્ર ચાળીસ માઇલ દૂર છે. છતાં આંખ સામે કોઇ તેજોમય મહાન યોગીશ્વર જેવું એ શિખર દાર્જીલિંગના ગમે તે ભાગમાંથી સાવ નજીકજ હોય તેમ દેખાયાં કરેછે.

આખી પૃથ્વી પર ઉંચામાં ઉંચું ગણાતું હિમાલયનું એવરેસ્ટ શિખર ૨૯૧૪૧ ફીટ ઉંચું છે. કાંચનગંગા તેનાથી બીજે નંબરે આવે છે અને તેની ઉંચાઇ ૨૮૧૪૫ ફીટ છે. ૨૪૦૦૦ ફીટથી વધુ ઉંચાઇ વાળાં કુલ ૭૫ શિખરો હિમાલયમાં છે, જેમાંનાં ૩૨ તો નેપાળની હદમાં જ છે અને નરી આંખે દેખી શકાય છે. યૂરોપમાં અદ્વિતીય ગણાતું આલ્પ્સનું ઉંચામાં ઉંચું શિખર માઉન્ટ બ્લાંક માત્ર ૧૫૭૬૦ ફીટ છે. આ ઉપરથી હિમાલયથી ભવ્યતાનો કંઇક ખ્યાલ આવ

કાંચનગંગાના પડખામાં દેખાતાં શિખરો ડા બાજુથી જોતાં જન્હુ ૨૫૩૦૦, કબ્રુ ૨૪૦૧૫ અ પંદિમ ૨૨૦૨૦ ફુટનાં છે. આ પ્રચંડ હિમશિખરોનો દેખાવ દાર્જીલિંગથી બહુ ભવ્ય લાગે છે. ત્યાંથી તે એટલાં તો નજીક લાગે છે કે ત્યાં જાણે એક દિવસમાં પહોંચી જઇએ. પણ સીધી લીટીએ તે ૪૦ માઇલ દૂર છે. ફલુતને રસ્તે તેની તળેટીમાં પહોંચતાં ૧૫ દિવસ લાગે છે અને ત્યાં બ્રિટિશ હદ પુરી થાય છે.

બરફનાં ગમે તેટલાં ચિત્રો જુઓ, પણ હિમગિરિનું



નેપાળી કન્યા (ફોટો : સેન)



લેપ્ચા સ્ત્રી મજુરો. પહાડી મજુરો બધો બોજો પીઠ પર લઇ તેને એક પટા વડે માથા સાથે બાંધી દે છે. આથી ઘણીવાર તેમને ગોઇટર નામનું ગળાનું દર્દ થાય છે. એ દર્દ મેદાનના પ્રદેશોમાં ભાગ્યે જ થાય છે.

સાક્ષાત દર્શન એ અનેરો અનુભવ છે. એ શિખરો ઘણે ભાગે સવારમા વહેલાં અરધા કે એક કલાક સુધી ખુલ્લાં દેખાય છે. સૂર્યનાં પહેલા કિરણો પડતાં જ શિખરોની કલગી લાલ ચમક આપે છે. તે ધીમેધીમે સોનેરી બને છે અને આખરે બધાં શિખરો હીરા જેવી ઝલક ધારણ કરે છે. આ શોભા માત્ર થોડી વાર ટકી રહે છે, પણ તેનો ખ્યાલ આખા દિવસ—દિવસોના દિવસો સુધી—ભુલાતો નથી. એ દૃશ્ય જોવા દેશદેશના મુસાફરો હિંદમાં આવે છે. કહેવાય છે કે દાર્જલિંગથી ચારેક માઇલ દૂર આવેલી 'ટાઇગર હિલ' (વાઘ ટેકરી) પરથી કાંચનગંગા પરનો સૂર્યોદય જોવો એ આ જગતનું અને જીવનનું વિરલ દૃશ્ય છે. અણમોલ લ્હાવો છે. હિંદમાં આવેલો દરેક પરદેશી મુસાફર એ સૂર્યોદય જોવા ઝંખે છે.

આ દૃશ્ય જોવા રાતના ચાર વાગે ત્યાં હાજર થઇ જવું જોઇએ, કારણકે સૂર્યોદય સાડાચાર વાગે દેખાય છે! સૂર્યોદય વખતે સામે વાદળાંનો મહાન સાગર દેખાય છે અને તેની ક્ષિતિજ ઉપરથી સૂર્યનાં પહેલાં કિરણો છૂટે છે ત્યારે વાદળાં પર અવનવા રંગો ફેલાય છે. વરસમાં કોઇક જ વાર અર્દનો દેખાવ પુરેપુરો જામે છે; પણ જ્યારે એવો યોગ થાય છે ત્યારે દુનિયામાં કોઇ સ્થળે ન જોવા મળે એવું અદ્ભુત દૃશ્ય દેખાય છે.

શિખરો પરનું બરફ ઉનાળામાં ૧૬૦૦૦ ફુટની ઉંચાઇ પર માલુમ પડે છે; શિયાળામાં તે વધીને ૧૩૦૦૦ ફુટ સુધી નીચે આવી જાય છે. એમ મનાય છે કે હિમાલયનાં હિમ હવે દહાડે દહાડે ઓછાં થતાં જાય છે. આથી સરકારે દાર્જલિંગના ફોટોગ્રાફર મિ. સેનને બધાં શિખરોના ફોટોગ્રાફ લઇ લેવા કરમાવ્યું છે. એ ફોટોગ્રાફો દસ વર્ષ પછીના બીજા ફોટોગ્રાફો સાથે સરખાવી એ વાત નક્કી કરાશે.

દાર્જલિંગમાં હાલ ૨૫ થી ૩૦ હજાર માણસોની વસ્તી છે, જેમાં ઘણા નેપાળીઓ છે. એ લોકોમાં પણ ઘણી કોમો અને જુદા જુદા ધર્મો છે. લીંબુઆ, લેપ્ચા, ભુતિયા, ગુરગા: દરેકની ભાષા જુદી, વ્યવહાર પણ જુદા. આ ઉપરાંત બંગાળીઓ, પંજાબીઓ, કાશ્મીરીઓ, ગુરખાઓ, નેપાળી બ્રાહ્મણો વગેરે વેપાર અને ઓફિસોને લીધે ત્યાં વસ્યા છે.

પહાડી લોકોના ચહેરા, બાંધા અને પોશાકો આપણને બહુ વિચિત્ર લાગે છે. ભુતિયા લોકોની



સીક્કીમની સુંદરી



તિબેટનો બૌદ્ધ ધર્મનો લામા (સાધુ). કશું કામકાજ કર્યા વિના એ માત્ર ભીખ માગીને પેટ ભરે છે. ગંદાપણું અને ગરીબી બંનેને એ વ્રત તરીકે પાળતો લાગે છે! તેના હાથમાં જપતપ કરવાનું ચક્ર છે. એમાં 'ઓમ મણિપદ્મે હુમ'નો મંત્ર લાખેક વાર લખીને સમાવેલો હોય છે. હાથના એક આંટા સાથે એ ચક્ર એક વાર ફરે. એટલે એક લાખ જપ થઇ જાય એવી એ લોકોની માન્યતા હોય છે! જંતરમંતર, ભૂતપિશાચ, બાધાઆખડી વગેરેનો તે જાણકાર ગણાય છે. આથી ડરીને પહાડી લોકો તેને માન આપે છે. આ લામા અસલ બૌદ્ધ ધર્મના ભ્રષ્ટ રૂપનો નમુનો છે.

આંખો ચીનાઓ જેવી, મોં ચપટાં, મુછ આછી, લાંબી ચોટલીઓ રાખે અને ગંદા બહુ રહે. આખો દિવસ જુગારમાં જ મચ્યા રહે. લેપ્ચાઓ બેઠા બાંધાના, ઉજળા વાનના અને ચપટાં મોં તથા બેઠાં નાક વાળા, છતાં જરા રૂપાળા લાગે. લેપ્ચા સ્ત્રીઓનો બાંધો પણ આકર્ષક અને સુગોળ લાગે. એ જાત બહુ ઉદ્યમી ને ચતુર હોય છે. નેપાળીઓમાં હિંદી અને મૉંગોલિયન જાતનું મિશ્રણ લાગે છે. તેઓ ચપળ બહાદુર ને વફાદાર હોય છે. દરેક જણ કમ્મરે 'કુકરી' રાખે જ. જમૈયાના ઘાટની નાનકડી તલવાર જેવી એ કુકરી નેપાળીઓનું પ્રાણપ્રિય હથિયાર છે. સ્વભાવે તેઓ આનંદી અને ખુશમિજાજી, પણ ઉશ્કેરાય તો કોઇના નહિ.

પહાડી સ્ત્રીઓ લાજ કે ઘુંઘટ રાખતી નથી. તેઓ મરદોના જેટલી જ છુટથી હરીફરી કે ધંધો કરી શકે છે. લગ્ન તો પૈસાની જોગવાઇ થાય ત્યારે જ કરે છે. ત્યાં સુધી મજુરી કરીને અથવા બાળકોને બેસવા માટે ટટ્ટુ કે ખચ્ચર ફેરવીને પોતાનો નિર્વાહ ચાલે છે.

લેપ્ચા લોકો એ આ સ્થળના અસલ વતનીઓ. તેઓ એક વાર સીક્કીમ અને દાર્જીલિંગ સુધીના મુલકના ધણી હતા. તેઓમાં કુદરતનું જ્ઞાન બહુ હોય છે. હિમાલયના દરેક પંખી, ઝાડ, પતંગિયા કે ફુલનું ખાસ જુદું નામ તેમની ભાષામાંથી મળી આવે! તેઓની ઉંચાઇ પાંચ ફુટ કરતાં વધુ કદિ નથી હોતી. તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે અને સીક્કીમના રાજા એમના સૌથી મોટા ધર્મરાજ ગણાય છે.

ભુતિયાઓ ભુતાન અને તિબેટમાંથી આવેલ'. લામાઓ પર તેઓ બહુ આસ્થા રાખે છે. ભૂતપિશાચ જંતરમંતર વગેરેમાં ખુબ માને છે. તિબેટનું વર્ષ ફેબ્રુઆરીમાં શરૂ થાય છે, તે વખતે ભુતિયા લોકો પિશાચી મ્હોરાં પહેરી નાચ કરે છે.

ભુતિયા અને લેપ્ચા લોકોનાં લગ્નોના રિવાજ પણ બહુ વિચિત્ર હોય છે. જમાઇને લગ્ન પછી બે વર્ષ



ભૂતિયા સ્ત્રીઓ હાથે જ પહાડી ઉન કાંતી વણી લે છે અને બહુ કુશળતાથી મોજાં, ગંજીફરાક વગેરે ગુંથી શકે છે. કુટુંબનાં કપડાં પણ તે, ઉપલા ચિત્રમાં બતાવી છે તેવી હાથ બનાવટની શાળ ઉપર વણી લે છે. એ કપડાંનો પનો બહુ મોટો ન હોવાથી તેઓ બે ઉભા કટકાને કેડની બંને બાજુએ આગળપાછળ રાખી પટાથી બાંધી લે છે. આ પટો પણ એક આકર્ષક આભુષણ હોય છે. (ફોટો : સિંધ)



દાર્જીલિંગથી જરા દૂર જતાં લેબંગને રસ્તે ભૂતિયા વસ્તી રહે છે ત્યાં આ બૌદ્ધ સ્તુપ છે. (ફોટો : પાર)

સાસરે રહેવું પડે છે, અને તેની ચાલચલગતની સાસુને ખાતરી થાય ત્યારે જ વહુને લઇ જવાની રજા મળે છે ! એ વખતે તે વાજતેગાજતે ઘેર જાય છે. જમાઇના સરઘસમાં માણસો જેમ ઝાઝાં તેમ તેની આબારૂ વધારે ગણાય; એટલે જમાઇરાજ માણસો પાછળ જમણનો ખુબ ખર્ચ કરે છે અને પાછળથી જીંદગીમાં કરજનો ભાર ખેંચ્યા કરે છે.

નેપાળની લીંબુ જાતિમાં એવો રિવાજ છે કે પરણવા ઇચ્છતાં વરકન્યા કોઇ જળાશય આગળ મળે અને સામસામાં દુહા જેવાં ગીત લલકારે. વર ગીત ગાઇને કન્યાને થકવી શકે તો જ પરણે, નહિ તો નાસી જવું પડે ! જીત્યા પછી વરરાજા કન્યાને લઇ કન્યાના માબાપને ખબર આપે અને લગ્નજીવન શરૂ કરે. એક કોમમાં તો, વરરાજા ઢોલ વગાડતા ચાલે અને કન્યા નાચ કરતી આવે, એમ સરઘસ નીકળે છે. આવી બીજી પણ ઝીણીઝીણી ઘણી વિચિત્રતાઓ છે.

દાર્જીલિંગની આસપાસ પચીસત્રીસ માઇલ સુધીમાં બીજા ઘણા પ્રવાસો થઇ શકે છે. દાર્જીલિંગથી આગળનું ઘુમ સ્ટેશન છે ત્યાંથી ટાઇગર હિલ (વાઘ ટેકરી) પર જવાય છે. ત્યાંથી ઘુમનો ખડક પણ જોવા જેવો છે. દિશાઓ ખુલ્લી હોય છે ત્યારે ત્યાંથી નેપાળ અને સીકીમ દેખાય છે. આ જગ્યા નેપાળના હાથમાં હતી ત્યારે રાજ્યના દેહાંતદંડના ગુનેહગારોને આ ખડકપરથી ધક્કેલી દેવાતા.

ઘુમ સ્ટેશનથી થોડે જ દૂર પંદર મિનિટને રસ્તે આવેલો બૌદ્ધ મઠ જોવા જેવો છે. બૌદ્ધ ધર્મની પૂજા અને ઠાઠ જીવતા રૂપમાં જોવાનું અહીં મળે છે. ચીનાઇ અસરવાળું એ મકાન એક પહાડને છેડે આવેલું છે. મઠની ઓસરીની તથા અંદરની ચારે બાજુની દીવાલો સાંપ્રદાયિક ચિત્રોથી ભરપુર છે. સામે ઠેઠ છત સુધી પહોંચતી બુદ્ધ ભગવાનના મૈત્રેય રૂપની મોટી મૂર્તિ છે. એ મૂર્તિ અતીવ મધુર અને સુંદર છે.

આ મઠ સીકીમના રાજાની ધર્મછાયામાં ગણાય છે, અને તેની વ્યવસ્થા વારાફરની નીમવામાં આવતા લામાઓ ચલાવે છે. મઠની બાજુમાં એક નીશાળ છે ત્યાં બૌદ્ધ વસ્તીનાં છોકરાંને લામાઓ પઢાવે છે. લામાઓ ગરીબી અને ગંદાપણું વ્રત તરીકે પાળતા લાગે છે ! તેઓ માંસાહારી પણ ખરા. બૌદ્ધ મંદિરમાં સૌ બુટજોડા સાથે જઇ શકે છે. ભુતિયા, લેપ્ચા અને

નીચી કોમોના નેપાળીઓ આ મંદિરના અનુયાયીઓ છે.

આ મઠમાંનાં ભીંત પરનાં ચિત્રો ખાસ આકર્ષણનો વિષય છે. હિંદુસ્તાનની જે ચિત્રશૈલી આપણે અજંટાના ભૂતકાળમાં પુરાઈ રહેલી જોઈએ છીએ તે તો અહીં ચાલુ પ્રચારમાં છે. એ બધાં ચિત્રોની રેખાઓ, અંગમરોડની ઢબ અને રંગપુરણી અજંટાની સીધેસીધી પ્રસાદી હોય એવું લાગે છે. ચહેરામાં થોડી મૉંગોલિયન અસર છે. રંગો પણ વધારે ભભકવાળા અને તેજઘેરા છે. એનું કારણ હવા અને વાતાવરણ છે. પહાડી લોકોને તેજદાર રંગો બહુ ગમતા લાગે છે. તેમના મખમલના જામા, પગમાં લાલ લીલી ઉનનાં બુટ, ટટ્ટુનાં પલાણ, બધાં-માં પાકા ઘેરા રંગો જ તેઓ પસંદ કરે છે.

દાર્જીલિંગથી દસ માઇલ દૂર નીચે રંગીત નદી વહે છે. તેની સામે પાર સીક્કીમની હદ અને આ બાજુ બ્રિટિશ હિંદની હદ છે. રંગીતને કાંઠેકાંઠે બાર માઇલ ચાલ્યા પછી ટિસ્ટા નદીને તે મળે છે. તે ઠેકાણે અત્યંત સુંદર દેખાવ બને છે. પ્રયાગના ગંગા યમુનાના સંગમ પેઠે આ બંને નદીઓનાં પાણી પણ ભિન્નભિન્ન રંગનાં હોવાથી સંગમનું દૃશ્ય મનોહર લાગે છે. બંને પહાડી નદીઓ એટલા જોસથી ધસમસતી વહેતી આવે છે કે સંગમ થતો હોવા છતાં પણ થોડેક દૂર સુધી તો એમનાં ભિન્નભિન્ન રંગી પાણી એકબીજાની પડખો-પડખ અલગઅલગ વહ્યે જાય છે! રંગીતથી સંગમ સુધીને આખે રસ્તે ઘુઘવાટ કરતી વેગભર દોડતી પહાડી રંગીત અને કાંઠા પરની ઝાડી મુસાફરને કંઇ રંગબેરંગી દેખાવો આપે છે.




લેપ્ચા લોકોનું ઝુંપડું. તેઓ સ્થાનને યોગ્ય સુંદર ઝુંપડાં તથા ઘરો ઘણી કુશળતાથી બનાવી શકે છે અને તેમાં આસપાસથી મળતા સ્થાનિક સામાનનો જ ઉપયોગ કરે છે. (ફોટો : પાર)

દાર્જીલિંગમાં બંગાળીઓએ પોતાનો એક આખો લત્તો જ વસાવ્યો છે, અને સામાન્ય સ્થિતિનાં માણસો પણ ત્યાં પોતીકાં મકાન બાંધી રહ્યાં છે. તેમણે પોતાની લાયબ્રેરી, હૉલ વગેરે સંસ્થાઓ કરી છે. અંગ્રેજોએ જેમ અહીં છોકરા અને છોકરીઓ માટે સરસ શાળાઓ અને કૉલેજો કરી છે તેમ બંગાળીઓએ પણ ત્યાં મહારાણી હાઇસ્કુલ કરી છે. હિંદી વિદ્યાર્થીઓ માટે સરકારે એક હાઇસ્કુલ કરી છે અને એક ભુતિયા બોર્ડિંગ પણ છે. એ સ્કુલમાં ઘણી ભાષાઓ શીખવાય છે. સંસ્કૃત, હિંદી, નેપાળી, ભુતિયા, લેપ્ચા, તેવારી, બંગાળી, અંગ્રેજી, ફ્રેન્ચ વગેરે મળી સત્તર ભાષાઓ ત્યાં શીખવાય છે એમ અમે જાણ્યું!

દાર્જીલિંગ વસતાંની સાથે જ પાદરીઓ ત્યાં પહોંચી ગએલા. તેમણે પહાડીઓમાં ક્રિશ્ચિયન ધર્મ ફેલાવ્યો અને ઘણાને પોતાના ધર્મમાં ખેંચ્યા. તેમણે પણ ત્યાં નીશાળો કરી છે. દાર્જીલિંગમાં બાળકો બહુ સારાં ઉછરે છે. ત્યાં બાળકોનું મરણ પ્રમાણ ઘણું ઓછું છે. ત્યાંનાં બાળકોના જેવાં પ્રફુલ્લ આનંદી ચહેરા દુનિયાના બીજા કોઇ ભાગમાં નજરે નહિ પડે.

દાર્જીલિંગનું જીવન મોંઘું છે, પરંતુ ત્યાંના લેવિસ જ્યૂબિલી સેનેટોરિયમમાં સામાન્ય સ્થિતિના માણસને થોડા ખર્ચે ઘણો સગવડવાળો ઉતારો અને ખોરાક મળી શકે છે. એક માણસના ઉતારા માટે રોજના બે રૂપિયા પડે છે. ઉપલા વર્ગમાં રોજના ચાર રૂપિયા



ચાની ફૅક્ટરી અને તેની આસપાસની ટેકરીઓ પરનાં ચાનાં ખેતરો (દા. હિ. રેલવે ગાઈડ)

હોય છે, પણ તે વર્ગ માંસાહારીઓ માટે છે. લોવિસ સેનેટોરિયમમાં આરોગ્ય અને સ્વચ્છતાની દૃષ્ટિએ સર્વોત્તમ યોજનાઓ છે. ત્યાં જનારે અગાઉથી પત્ર-વ્યવહાર કરવો જોઇએ.

દાર્જીલિંગમાં આખા વર્ષમાં ૧૨૫ ઇંચ વરસાદ પડે છે; તેમાં ૬૨ ઇંચ તો એકલા જુલાઇ માસમાં પડે છે! ત્યાંનું પાણી ઉકાળીને જ પીવું ઠીક ગણાય છે, કારણકે પહાડનાં અનેક ઝરણાં એકઠાં થઇને તળાવોમાં મળે છે. પહાડમાં ધરતીકંપના આંચકા અને શિખરો ધસી પડવાના બનાવ તો સ્વાભાવિક છે.

સીક્કીમ, ભુતાન અને તિબેટનો ઘણોખરો વેપાર દાર્જીલિંગ મારફતે જ ચાલે છે. ત્યાંથી લાખો રૂપિયાના માલની લાવ લઈ જા થતી હોવાથી મારવાડી વેપારીઓ ઠીક ત્યાં વસ્યા છે.

દાર્જીલિંગની ચા બહુ મશહૂર છે. એ આખોય પ્રદેશ ચાનું જબરૂં મથક છે. દાર્જીલિંગની આસપાસના પર્વતની ટેકરીઓ ચાનાં ખેતરોથી ઉભરાય છે. ઠેઠ સીક્કીમ સુધી પહાડના ઢાળ પર પગથિયાં જેવું કરી ચાના રોપ ઉગાડેલા દેખાય છે. ભુતિયા અને લેપ્ચા લોકો ચાનાં ખેતરોમાં મજુરી કરે છે. આથી યૂરોપીઅનો સાથે તેઓ બહુ સંબંધમાં આવ્યા છે અને તેમના શૉખ તેમનામાં ઉતરવા લાગ્યા છે. ચાના ધંધામાં મુખ્ય અંગ્રેજો ઉપરાંત થોડા દેશી વેપારીઓ પણ છે; પણ દાર્જીલિંગ ખાતે એની શરૂઆત અને ખીલવણી કરવાની પહેલ કરવાનો જશ અંગ્રેજોને છે અને અત્યારે મોટો ભાગ પણ એમને જ હાથ છે. ચાનું પહેલું વાવેતર કરનાર ડૉ. કૅમ્પબેલે ૧૮૫૬માં તેની શરૂઆત કરેલી.

જગતકિરીટ સમ ઉંચાં ઉજ્જવલ હિમશિખરોનું દર્શનધામ અને હિમાલયનો ઉત્કૃષ્ટ ગિરિનિવાસ, હિમગિરીનું મુખદ્વાર અને બ્રિટિશ સત્તાનું લશ્કરી તથા વેપારી નાકું, અવનવા રીવાજોવાળી ચિત્રવિચિત્ર જાતિઓનું નિવાસસ્થાન અને ભરચક્ક કુદરતની અનેકરંગી લીલાઓનું વિહારસ્થાન—એવું વિવિધતાભર્યું ને મનોહર, અદ્‌ભુત ને સુંદર આ દાર્જીલિંગ!

[આ લેખનાં ચિત્રો માટે અમે શ્રી ગિરિજાપ્રસાદ (સર ચીનુભાઇ)ના આભારી છીએ.

—તંત્રી]

અથાણું

(વર્ગમાં વ્યાકરણનો વિષય ચાલે છે.)

શિક્ષક-દેશબંધુ દાસ મહાન પુરૂષ હતા. બોલ જોઉં રમેશ, દાસ એ કેવું નામ છે!

રમેશ-ગુરુજી, એ પ્રખ્યાત નામ છે!

•

સુતાર—(સાથેના મજુરને) હાશ; મહામહેનતે આ પેટી પૅક થઈ રહી. બરોબર ૧૦૦ સ્ક્રુ જડવા પડ્યા. ચાલો, હવે આપણો સામાન લઇ લો.

મજુર—અરે! પણ સામાનનો કોથળો તો આ પેટીમાં પૅક થઇ ગયો!

વૈદક શાસ્ત્રના પ્રોફેસર—(પોતાના વિદ્યાર્થીઓને) જુઓ, વાજાં વગાડનારાઓને છાતીનાં દરદ બહુ થાય છે; એનું કારણ એ હોય છે કે એમને આખો દહાડો વાજાં ફુંકફુંક કરવાનાં હોય છે. આ એક છાતીનો નવો દરદી આવ્યો છે તે પણ વાજાંવાળો જ છે. (દરદીને) અલ્યા, તું બૅંડમાં કયું વાજું વગાડે છે?

દરદી—ડ્રમઢોલ, સાહેબ.

•

બાપુ—મનુ, તારો ભાઇ હમેશાં છેલ્લો જ કેમ રહે છે?

મનુ—કારણકે તેથી આગળ નીચે જઈ શકાય એવું નથી.

મારી પોતાની વાત



આ જીવનકથાના લખનાર ડા. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ એક સાચ્ચા ગુજરાતી છે. ગુજરાત તેમના હૃદયમાં ગાજે છે. અનેક કડવા મીઠા અનુભવોથી તેમનું જીવન ઘડાએલું છે અને આજે લગભગ ૪૫ વર્ષની ઉમરે પણ તેમનાં જોમ અને ઉત્સાહ જુવાનોને શરમાવે તેવાં છે. અમદાવાદની પોળો સાફ કરી નાખવાનું સાહસ ઉઠાવનાર તરીકે તેમણે નામ કાઢયું છે, પણ તે પહેલાં અનેક વર્ષોથી તેમણે દેશસેવાનાં કામમાં આગળ પડીને ભાગ લીધો છે. અમદાવાદમાં શ્રીમંતાઇનો સવાલ બાજુ રાખી અમદાવાદનો ખરો પ્રેમી શહેરી જોવા જઇએ તો ડા.હરિપ્રસાદ પહેલા નજરે તરે.

તેમણે જીવનમાં અનેક પ્રતિબિંબો ઝીલ્યાં છે, અને અહીં 'પોતાની વાત'ની આસપાસ જે વિવિધ સૃષ્ટિઓ રજુ કરવાના છે તેમાંથી ગયા એક જમાનાનો આબેહુબ ખ્યાલ વાંચનારને મળશે. કેટલુંક તો કદાચ એમાંનું હાલની પ્રજાને જોવા પણ નહિ મળે એવું હશે.

ડા. હરિપ્રસાદ વિનોદ ને રમુજનો સાગર છે, એટલે આ કથામાં આગળ જતાં કોઇકોઇવાર પેટ પકડી હસી લઇએ એવાં મીઠાં ચોસલાં તે પીરસ્યા વિના રહેવાના નથી જ.

મારો જન્મ ઇ. સ. ૧૮૮૦માં ગોધરામાં થએલો, પણ અમારી મુળ માતૃભૂમિ તો અલીણા. ૭ વર્ષની ઉમર સુધી હું ગોધરે રહેલો, પણ તે દરમિયાન ઘણી વખત અલીણા આવવુંજવું થતું. મારા બાપા ત્રીસ સાલી રેવન્યુ ખાતામાં કારકુન હતા એટલે એમની બદલી એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં ઘણી વાર થતી. ગોધરાના અંકલેશ્વર મહાદેવ અને તળાવ મને બહુ ગમતાં, કારણ તળાવમાં મારા બાપા રોજ નહાવા તથા ધોતિયાં ધોવા જતા અને અંકલેશ્વર મહાદેવ એમના ઇષ્ટદેવ હતા.

તળાવને કિનારે રામચંદ્રજીનું મંદિર હતું અને એ મંદિરે લગભગ રોજ અમે જતા હતા. આગગાડી તે વખતે નવીનવી થએલી, એટલે ગાડી પહેલાં, ઠેઠ ગોધરા સુધી આવતાં કેવી મુશ્કેલીઓ પડતી તેની વાત મારી બા ઘણી વખત અમને કહેતી. મહીસાગરનાં કોતરોમાં એક વખત રાત્રે, એણે વાઘના ઘુઘવાટ સુદ્ધાં સાંભળેલા.

પંચમહાલનાં જંગલો તે વખતે કપાઇ ગએલાં નહોતાં, એટલે ધાનકાં (જંગલનાં રહેવાસીઓ) ઘી, મધ અને જેમાંથી ચારોળી નીકળે છે એ ચારોળાં જાંબુઘોડા બાજુથી પુષ્કળ લાવતાં હતાં. એ લોકો ભોળાં, અભણ અને લંગોટિયાં હતાં. એમને પરચુરણ બહુ ગમે. રૂપિયાને બદલે આઠ બે આનીઓ આપીએ તો એકનું સવાયું આપી જાય અને 'બચ્ચાં મળ્યાં, બચ્ચાં મળ્યાં' કહીને કુદે. એ લોકોને હીસાબમાં તથા વજન વગેરેમાં આપણા સુધરેલા ગણાતા લોકો બહુ છેતરતા.

ગોધરાથી આગળ દાહોદ કે રતલામ તરફ ગાડી નહોતી એટલે ઉંટની ગાડીમાં લોકો જતાં. એ ઉંટની ગાડીને બે માળ રહેતા અને બે ઉંટ જોડાતાં. મને એ ગાડી જોવી બહુ ગમતી.

મારા બાપા પોતાની ૧૨ વર્ષની ઉમરે દોરીલોટો લઇને નોકરી શોધવા નીકળેલા. થોડુ વાંચતાંલખતાં શીખ્યા હતા અને વડોદરામાં એમના એક કાકા સારી નોકરીમાં હતા એમની ઓથે અલીણેથી પગરસ્તે ગએલા. ત્યાં એમને કાકાએ થોડુંક વધારે ભણાવ્યા અને બળિયા ટાંકનારની મહિને ૭ રૂપિયાની નોકરી અપાવી.

અલીણા એ નડિયાદ તાલુકાનું ડાકોરથી પાંચ માઇલ

પર આવેલું ગામ છે. ત્યાં અમારા બાપદાદાઓ અકબર બાદશાહના વખતમાં પંજાબથી આવીને રહેલા એમ કહેવાય છે. અમે જ્ઞાતે બ્રહ્મક્ષત્રિય કહેવાઇએ છીએ અને ગુજરાતમાં ફક્ત નાગરો જ અમારાથી ચડે એમ માનીએ છીએ. જોકે બ્રાહ્મણ, વાણિયા કે પાટીદાર સુદ્ધાં અમારું ખાતા નથી. પણ અમે એ બધાને અમારાથી ઉતરતા માનીએ છીએ.

અમારા વડીલો જે વખતે અલીણામાં આવ્યા તે જ વખતે બીજા કેટલાક અમદાવાદમાં, કેટલાક ભરૂચ તથા આસપાસનાં હાંસોટ, અંકલેશ્વર, આમોદ વગેરે ગામોમાં, કેટલાક સુરત, જુનાગઢ, લીંબડી વગેરે સ્થળોએ અને કેટલાક દક્ષિણમાં છેક ખાનદેશ અને હૈદ્રાબાદ સુધી ગએલા. આ બધાઓ સાથે અમારે હજી સંબંધ છે અને અલીણાવાળાઓની કુળદેવી 'સૌમાતા' હૈદ્રાબાદવાળાઓની પણ કુળદેવી ગણાય છે.

પંજાબથી ગુજરાત, કાઠિયાવાડ ને દખ્ખણમાં અમારી કોમવાળાઓને મોકલનાર ટોડરમલ હતો. એણે અકબરના રાજ્યની જમાબંધી કરી હતી અને પહેલાં લડાઇઓમાં બાદશાહને મદદો કરેલી તેના બદલામાં પોતાની લાગવગ વધારવા અમારા લોકોને આ તરફ જાગીરો આપીને એણે મોકલેલા. ટોડરમલ અમારી જ જ્ઞાતિનો હતો. અકબર બાદશાહનો એ વફાદાર મંત્રી હતો એ તો જાણીતું છે.

આ વાતો કહેતાં અમારા વડીલો બહુ ફૂલાતા; પણ જેમજેમ હું સમજણો થતો ગયો તેમતેમ મને એ માટે ગૌરવ ઉત્પન્ન થવાને બદલે લજ્જા ઉત્પન્ન થતી રહી છે. કારણ એ છે કે મોગલ લોકો પરધર્મી અને પરદેશી છતાં આપણા રાજા થઇ પડ્યા. એમની વતી લડાઇઓ લડવામાં અને એમનો રાજ્યવિસ્તાર કરવામાં અમારા પૂર્વજ ટોડરમલ્લ અને બીજાઓએ, અસ્ત્રશસ્ત્રથી તથા મુત્સદ્દીગીરીથી મદદો કરી. ધાર, ભરતપુર, ચિત્તોડ વગેરે કિલ્લાઓ લેવામાં મોગલ સૈન્ય તરફથી એ બધા લડ્યા હતા એવી વાતો અમારાં કેટલા યે કુટુંબોમાં હજી પ્રચલિત છે.

આનું નામ દેશદ્રોહ. એ દેશદ્રોહને પરિણામે જ અમારૂં ગુજરાતમાં આવવાનું થયું અને વતનો તથા જાગીરો મળી. પરંતુ એ બાપદાદાઓના બચાવમાં બાઇબલના શબ્દોમાં એટલું જ કહેવાનું કે 'Father, forgive them. They knew not what they did.' 'પ્રભુ! એમને માફ કરજે. કારણ પોતે શું કરતા હતા એની એમને ખબર નો'તી.'

મુસલમાનોના રાજ્યકાળમાં, તથા છેક અંગ્રેજ રાજ્ય સ્થપાયા સુધી આપણામાં આખા ભારતવર્ષને માટે સ્વદેશાભિમાન નહોતું. રાષ્ટ્રીય ભાવનાનો હાલમાં જેવો ઉદય થયો છે એવો તે વખતે નહિ થએલો. વૈશ્ય તથા જૈનોએ ધનથી અને વ્યવસ્થાઓ કરી આપીને, ક્ષત્રિઓએ અસ્ત્રશસ્ત્રથી તથા મુત્સદ્દીપણાથી, બ્રાહ્મણોએ વિદ્યાથી તથા પંડિતાઇથી અને શૂદ્રોએ સેવાથી, પોતાના અંગત સ્વાર્થ સાધવા પરદેશી અને પરધર્મીઓને આપણી જ માતૃભૂમિમાં, પંજાબ અને ગુજરાત તથા રજપુતાના અને માળવા સુદ્ધાંમાં, અરે ઠેઠ કાશ્મીર અને હિમાલય સુદ્ધાંના પ્રદેશોમાં માતૃદ્રોહ કરીને ઘુસાડ્યા છે.

પરંતુ કર્મના નિયમ અચળ છે. જાણ્યે કે અજાણ્યે કરેલાં કર્મનું ફળ તો ભોગવવું જ પડે છે. અલીણા વગેરેની જાગીરો એકબે સદી સુધી સચવાઇ. પણ એ દરમિયાન પણ મરાઠા, પીંઢારા, કાઠી વગેરેથી ગામો તથા જાગીરો સાચવવાં બહુ મહેનતો કરવી પડેલી. પરંતુ અંગ્રેજ રાજ્ય સ્થપાયા પછી તો સૂરાતન પણ ગયાં અને એ વડીલોપાર્જિત વતનો બેઠેબેઠે ભોગવવાનાં આવ્યાં. જાગીરોમાં ભાગ પડી ગયા અને ખેતરો નાનાં થતાં ગયાં. ભાઇઓભાઇઓમાં લડાઇટંટા આવ્યા અને વેર, ઇર્ષ્યા તથા દ્વેષ વધવા માંડ્યાં. અફીણ, દેવાદારી તથા આળસ અને અનીતિમાં પછી અમારા મુરબ્બીઓ ફસાયા અને એમાંથી ત્રાસી અલીણા ગામ મુકીને જે નાસી છુટ્યા તે સુખી થયા.

અમદાવાદ તે વખતે આગળ વધતું શહેર હતું. ત્યાં નીશાળો થવા માંડી હતી. ત્યાંનાં કેટલાંક કુટુંબો રાજ્યદરબારે વગવસીલો પામી ચુક્યાં હતાં અને રાજમાન રાજેશ્રી થવામાં માન માનતાં હતાં. અલીણા વાળા જે અમદાવાદ આવ્યા તેમનાં છોકરાં ભણ્યાં, સારી નોકરીચાકરી પામ્યાં અને શહેરી તથા સુધરેલાં ગણાયા. આથી ૧૮૮૦ દરમિયાન—એટલે મારા યે જન્મ પહેલાં અલીણા ખાલી થવા માંડ્યું હતું, ત્યાંની લાખો રૂપિયાની આવક ધુળધાણી થવા બેઠી હતી, ખેતરો વાણિયાઓને ત્યાં ગીરો મુકાતાં હતાં, ભાંડુ-

એમાં કુસંપ, દ્વેષ તથા વેરે ઘર ઘાલ્યાં હતાં અને અલીણા 'ગોલ્ડસ્મિથ'ના Deserted Village (ત્યજાએલા ગામ) જેવું ઉજ્જડ થવા માંડયું હતું.

ગોધરામાં અમને મકાઇડોડા પેટ ભરીને ખાવા મળતા અને ખેતરના તાજા આવેલા ડોડાના ઢગલે-ઢગલા અમારા ઘરમાં પડી રહેતા. મકાઈ ખાઇને ઉપર જાડી છાશ પીવા મળતી એ દિવસો મને હજી યાદ છે. ગોધરા છોડયા પછી એ મકાઇ યે ગઇ અને છાશ પણ ગઇ.

ગોધરામાં કાટમાળ પણ સોંઘો, એટલે ઘેર જઇએ ત્યારે ખાટલા, વેલણો, ઘોડિયાં અને લાકડાનાં રમકડાં તથા પેટીપટારા સાથે લઇ જઇએ; અને ચારોળાંના કંડીઆ પણ સાથે હોય. ચારોળાંનો તો હજી મોંમાં સ્વાદ જ રહી ગયો છે. ગોધરા પછી અમદાવાદ, કલકત્તા, મુંબાઇ, દિલ્હી, દાર્જિલિંગ બહુ યે સ્થળ જોયાં, પણ કોઈ સ્થળે ચારોળાં ખાવા ન મળ્યાં. ચારોળાં સ્વાદમાં ખટમધુરા હોય અને એના ઠળિયા ભાંગીએ એટલે અંદરથી ચારોળી નીકળે.

પણ ગાડી થતે કરીને મકાઇ યે પણ મોંઘી થઈ ગઇ, લાકડાં પણ કંટ્રાકટરો લઇ જવા લાગ્યા અને ચારોળાં જેવા મેવાઓનું શું થયું તે તો ખબર પણ નથી. પંચમહાલનાં જંગલો કપાઇ જવાથી ગુજરાતનો વરસાદ ઓછો થતો જાય છે અને કુવાનાં પાણી ઉંડા જતાં જાય છે એ દેખીતી વાતને વિદ્વાનોનો પણ ટેકો છે.

અલીણામાં યે બાલપણનો કેટલોક વખત ગયો છે, અને ત્યાં જ મોસાળ, ત્યાં જ બાપદાદાનાં ઘર અને ત્યાં જ જુની જાહોજલાલીની વાતો, એટલે અલીણા ઉપર મને પ્રીતિ ઘણી. ત્યાંનાં આમલીનાં ઝાડોમાં જે ગિલ્લીદંડા રમ્યા છીએ, ત્યાંનાં ખેતરોમાં જે ફર્યા છીએ ને ત્યાંના કોસ સાંભળ્યા છે એ સુખ વિસરાય એમ નથી. ત્યાંનાં તળાવમાં કમળો અને પોયણાં જોવા તથા નહાવા અમે બહુ વાર ગએલા છીએ.

અલીણા કસબો કહેવાય છે એટલે મુસલમાનોની પણ વસ્તી ઘણી. મારા બાપાને કેટલા યે મલેક તથા શેખો સાથે સગા ભાઇ જેવી દોસ્તી હતી. એમને અમે ચાચા કહેતા અને અમારા બાપાને એમનાં છોકરાં ચાચા કહીને બોલાવતાં. અમારે ત્યાં ટાણેટચકે એ જમવા આવે અને અમે પણ એમની વાડીઓએ જઇ રસરોટલી ને દુધપાક પુરી ખાધેલાં છે. અમે જમવા જઇએ ત્યારે બ્રાહ્મણ પાસે એમણે રસોઇ કરાવેલી હોય. આપણા ધર્મને એ માન આપે અને એમના પણ 'દોમદરાઈ સાહેબ'નો ઓરસ હોય ત્યારે અમે દર્શન કરવા સુદ્ધાં જઇએ. આપણાં વરાહી (વેરાઇ), બહુચરાજી વગેરે માતાઓને અમે નાળિયેર ધરાવીએ તેની શેષ એ બધાં અમારી સાથે બેસીને ખાતાં. આવા હિંદુ મુસલમાનના પ્રેમમાં હાલ જે કુસંપ અને મારામારીએ પ્રવેશ કર્યો છે તેનું કારણ મને તો બે બીલાડામાં વાંદરો પેઠો હતો અને લડાઈ કરાવી હતી એવું ત્રીજા આસામીના તોફાનને લીધે થયું હોય એમ લાગે છે.

અલીણામાં અમારા ઘર પાસે વલ્લભાચાર્યની બેઠક છે. એ બેઠક વૈષ્ણવો બહુ પવિત્ર ગણે છે. પંજાબથી આવેલા અમારા વડીલો અસલ તો માંસાહારી હતા અને સૌમાતાને પણ બકરો ચડાવતા. પરંતુ વૈષ્ણવોના સહવાસથી અને વલ્લભાચાર્યના ઉપદેશથી અમે લોકોએ માંસાહાર છોડી દીધો. દેવીને ખરા બકરાને બદલે કંસારનો બકરો (ગોળપાપડી) ચડાવવા લાગ્યા અને સૌમાતાને વૈષ્ણવી દેવી બનાવી. અલીણાના દેસાઇઓમાંથી મહીધરજી દેસાઈ અને ફુલીબાઇનાં નામો ચોરાશી વૈષ્ણવોમાં પણ ગણાયાં છે.

આ રીતે મારાં નાનીમા (માની મા) માશીઓ તથા બાને વૈષ્ણવ ધર્મ પર બહુ પ્રેમ હતો, સૌમાતા તો અમારા જોડેના જ ઘરમાં, અને બાપા મહાદેવના ઉપાસક; એટલે શિવ, શક્તિ અને વિષ્ણુ ત્રણે મુખ્ય ધર્મનાં પૂજાવિધિઓ, મંદિરો અને દર્શનોનો લાભ મને બાલ્યકાળમાંથી મળ્યાં.

અમદાવાદમાં અમારાં સગાં ઘણાં હતાં. તેમને ત્યાં શુભ અશુભ પ્રસંગે અમે ઘણી વાર જતાં. ડાકોર અલીણાથી પાંચ માઈલ થાય, અને ગાડીએ પણ ડાકોરથી જ બેસવાનું, એટલે રણછોડરાયજીનાં દર્શનનો તો ખુબ લાભ અમે મેળવ્યો છે. એ ભવ્ય મંદિર, સમયસમયનાં દર્શનનું સુખ, દીપમાળો, ડંકનાથ મહાદેવ, ગોમતી તળાવ, ગૌશાળાઓ—એ બધાંની અમારી કલ્પનાશક્તિ અને ભક્તિભાવ પર કંઇ જેવી-તેવી અસર નથી થઇ.

પૂજારીઓના ખરાબ થવાથી બોડાણાની ભક્તિ જોઇ રણછોડરાય દ્વારકાંથી ડાકોર આવેલા એ વાત અમારાં છજી (માની મા) અને બાએ અનેકવાર કહેલી. છતાં એમાંનો રસ ઓછો નહોતો થતો. ગોમતી-માં ઠાકોરજીનો હાથી રોજ પાણી પીવા અને નહાવા આવતો, એ નહાતાંનહાતાં સુંઢ વતી પાણી ઉછાળતો અને આખું શરીર પાણીમાં ડુબાડી દેતો એ દશ્ય પણ હજી નજરે તરે છે.

એ હાથી જોતાંજોતાં ઘણી વાર અમારે રણછોડ-રાયનાં દર્શન કરવા જવાનું થતું. રસ્તામાં ચાલતાં કે ગાડામાં બેઠાંબેઠાં ઘણી વાર હાથીને મગરે પકડ્યો હતો એ વાત અમારાં છજી અમને કહેતાં જાય ને રોતાં જાય. પછી 'નાથ કૈસે ગજકો બંધ છુડાયો' એ ભજન ગાય અને અમને ઝીલાવે.

ધર્મશાળાઓ, ઓવારા, સદાવ્રતો, ભાગોળો, વાવો, તુલસીક્યારાઓ, તળાવો, નદીઓ, મંદિરો આ દરમિયાન મેં બહુ જોયાં હતાં અને એ દરેકની અનેક વાતો મારાં છજીએ અને મારી બાએ વારંવાર કહી હતી. રણછોડરાયજીનાં ટકોરખાનાં કાનમાં અમૃત રેડતાં અને મંદિરનાં તુલસીપત્ર, પુષ્પ તથા ધૂપ અને અત્તરની સુગંધી મગજને તર કરતી હતી. આરતીનાં દર્શન કરતાંકરતાં છજી તથા બા હર્ષનાં આંસુથી ભરાઇ જતાં અને મને પણ એ ધન્ય ક્ષણોની મહત્તા કંઇક સમજાતી.

દર્શનની વાર હોય ત્યારે મંદિરના રંગમંડપમાં અમે બેસતાં. ત્યાં કોઈ માળા ફેરવે, કોઇ ભજનો ગાય ને અમે છોકરાં ભીંતો પરનાં ચિત્રો જોઇએ. એમાં રાસલીલા, દાણલીલા, વસ્ત્રહરણ, આદિ પ્રસંગો જોતા અને એની વાતો તરત જ કહેનાર તો પાસે જ હતાં.

મારી બાની કહેલી તે વખતની એક વાત યાદ આવે છે. પેશ્વાઓએ ત્રાંબેકરને ડાકોર સોંપ્યું હતું. ત્રાંબેકરે મંદિર બંધાવ્યું. મંદિર તૈયાર થયું અને છેવટે એમાં રંગ થવા માંડ્યો. એ અરસામાં દર પુનમે એક ગરીબ વૈષ્ણવ રણછોડરાયનાં દર્શન કરવા આવે. એને મંદિરના રંગો બહુ ગમ્યા અને પોતાની પાસે ફક્ત એક દમ્મુ પૈસો હતો તે કડિયાઓને આપી આવ્યો ને કહી આવ્યો કે મારા ગરીબ તરફથી પણ આ બે પૈસાનો રંગ લાવીને એમાં નાખજો.

પછી રંગ થયા ત્યારે કડિયાઓ કહેતા હતા કે આખા મંદિરમાં સૌથી સરસ રંગ જો કોઇનો શોભતો હોય તો તે પેલા ગરીબ વૈષ્ણવના દમ્મુનો. એ બે પૈસાનો જે રંગ આણીને અમે નાખ્યો તે સૌથી જુદો પડે છે અને ઝળકી રહ્યો છે!

ત્રાંબેકરના હજારો રૂપિયા કરતાં પેલા ગરીબ વૈષ્ણવનો રંગ શાથી ચડી ગયો? કારણ એની ભક્તિ સાચી હતી; ત્રાંબેકરને કીર્તિ વિશેષ પ્રિય હતી. વૈષ્ણવના સાચા અંતઃકરણનો પ્રેમ ત્રાંબેકરના ધનવૈભવ કરતાં ચડી ગયો. મારી બા કહેતી કે ત્રાંબેકરે જ્યારે એ વાત સાંભળી ત્યારે એનાં પડળ પણ ખુલી ગયાં અને ત્યાર પછી એ પેલા વૈષ્ણવને પગે લાગતો અને એના જેવી ભક્તિ પોતાના હૃદયમાં ઉદય પામે તે માટે રણછોડરાયની પ્રાર્થના કરતો.

(ચાલુ) **હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ**

શ્રાવણ

શ્રાવણનાં સરવડાંમાં ભીની ધરતી ધીમેધીમે જલ ચુસે છે. પ્રભુ અવતરે ને ધર્મ પ્રગટે તેમ લીલોતરી ફુટી છે. એ જોઇને આંખો ઠારી લે અને તારો અલ્પાંશ ખીલવી આત્માને મહાન બનાવી લે, કુમાર!


ઋગ્વેદની ઋચા જગાવ અને એ પ્રાચીન કવિતાને, એ જીવનદષ્ટિને, એ અબોલ પણ વિરાટ ભાવનાને પોષી લે. 'યજ્ઞોપવિતં બલમસ્તુ તેજઃ' સમજી જા. 'શરીરબદ્ધ પ્રથમાશ્રમ' થઇ જા. જુનું ઉપવિત છોડી દે ને નવું ધારણ કર. કુદરતનાં સકળ તત્ત્વોનું તેમાં આહ્વાન કરી લે, કુમાર!

રૂપાની પીછી ફરે ને મધુરૂં ચિત્રામણ દોરાઇ જાય તેમ નાગપાંચમને દિન આંગણેઆંગણે કુલકન્યકાઓની અંગુલિઓથી વાસુકીની પ્રતિમા ઉઠી છે. નાગદેવતાને ય આપણી પ્રજામાં પૂજાસ્થાન છે એમ સમજી ઝેરીલા શત્રુને ય પ્રસન્ન કર, કુમાર!

મૂર્તિમાન પ્રીતિ શી તારી બહેનને પ્રણામ કરી આશિષ પામીશ તો તારા પ્રાણને પાંખ ઉગશે.

આજ તો કૃષ્ણચન્દ્રની જયન્તિ છે. એ સુદર્શન-ધારીનું હોમાર ખેલવા ઘડીભર ગોપાલ બન. એ રસ-યોગીનું યૌવન માણવા ઘડીભર રસિયો થા. એ પરમ રાજનીતિજ્ઞનું વીરત્વ વરવાને કર્મયોગ શીખ. એ ગીતા ગાયકની ભવ્ય પ્રેરણા તારે હૈયે ભર, કુમાર!

શ્રાવણની વર્ષા જેવી તારી વાણી મધુરનિર્મલ હો: શ્રાવણના વ્રત જેવું તપ તારૂં અભંગ હો: શ્રાવણની હરિયાળી શો પ્રાણ તુજ પ્રફુલ્લ હો, કુમાર! **વિનોદ**



ગુરુદેવ ! જરા સમજાવશો ?

યુવાનોનું ઘડતર

એક વ્યાયામ-મંદિરના સિંહદ્વારે આવો મુદ્રાલેખ હતો : Here we make Men (આ સ્થળે અમે મર્દો ઘડીએ છીએ.) ગૌરવસૂચક આ લેખનું પ્રતિબિંબ એ મંદિરના શિક્ષણમાં દેખાઇ આવતું. ત્યાં, આવનારના શરીરને કેળવવાનાં સંપૂર્ણ સાધનો હતાં. વ્યાયામ કરનારના આહારની પૂર્ણ સમીક્ષા કરાતી, એની ઉંઘનો હીસાબ રખાતો, એના દાંત પર સવિશેષ લક્ષ અપાતું, એના વિચારોને શુદ્ધ અને શાંત કરવાના પ્રયત્નો થતા; —ટૂંકામાં મન, બુદ્ધિ અને શરીરનો સંપૂર્ણ યોગ ત્યાં સધાતો. શરીરને પ્રધાન ગણી, મન અને બુદ્ધિના વિકાસનાં આધુનિક સાધનો 'ચોપડીઓ'નો ત્યાં અભાવ રાખ્યો હતો: છતાં પણ સર્વાંગ સંપૂર્ણ વિકાસ પામેલા, અજબ યૌવનબળથી ઉભરાતા મનુષ્યો–૧૦૦ ટકા મનુષ્યત્વવાળા મનુષ્યો—એ મંદિર ઉપજાવતું.

મનુષ્યત્વને ખીલવવાનો દાવો કરનાર આપણાં હાલનાં કહેવાતાં શિક્ષણમંદિરોમાંથી કેટલાં આવો મુદ્રાલેખ પૂર્ણ કરી શકે તેમ છે?

મનુષ્યમાં ત્રણ મુખ્ય અંશો છે: ભાવના, વિચાર અને કર્મ. આ ત્રણેનો સંપૂર્ણ વિકાસ એનું નામ પૂર્ણ મનુષ્યત્વ. એક અધુરૂં હોય તો મનુષ્યમાં એટલી ઉણપ હોવાની. ભાવનાને પોષનાર કલાનાં તત્ત્વો અગર વિચાર–બુદ્ધિને ખીલવનારાં વિચારપ્રધાન શાસ્ત્રોનો અત્યારે પાર નથી. મનુષ્યના જીવનમાં હદ કરતાં પણ વધારે એ બંને તત્ત્વોને ડહોળી નાખવાનો પ્રયત્ન થઇ રહ્યો છે. છતાં પણ પેલો આદર્શ પૂર્ણતાવાળો મનુષ્ય કહીં યે દેખાય છે? નહિ જ. કારણ? પેલા ત્રીજા અંશનો વિચાર થતો નથી. શરીરની નિર્બળતા રાખી, એ શરીરમાં રહેલા આત્માને કલારસિક અને બુદ્ધિવૈભવનો ભંડાર બનાવવાનું કાર્ય કાગળની કોથળીમાં અણીદાર ખીલા ભરવા જેવું છે. પ્રાચીન કાળમાં આવું થતું ન હતું. અને એથી જ તે વખતના જીવનનો ઉલ્લાસ અદ્ભુત હતો. અત્યારની શિક્ષણસંસ્થાઓ આ ત્રણે તત્ત્વની એકતા સાધે છે ખરી? ના. તો પછી એ કારખાનામાં ઘડાએલો બાળક—ભાવિ પ્રજાજીવનની સાંકળનો અંકોડો સમાજમાં કેટલા બળથી ઝુઝનારો થશે? આપણા પ્રજાજીવનના ભાગ્યવિધાતા, આપણા શિક્ષણાચાર્યોને જરા પુછીએ.

ગુરુદેવ! જરા સમજાવશો કે દેહ વિનાનો મનુષ્ય દીઠો છે? આપના દેહની દશા પરથી તો અમારા ભાવિ યુગવિધાતાઓને ઘડવાનો પુરુષાર્થ કરતા નથી ને? આધ્યાત્મિક યુગના ધન્વંતરી! તમે કોઇ દિવસ વિચાર પણ કર્યો છે કે તમારો શિષ્ય ટટાર ચાલી શકે છે? તમે એને કદિ નખ કરડતો અટકાવ્યો છે? એના ભેજામાંથી કચરો કાઢતાં પહેલાં એના દાંત તપાસવાનો વિચાર તમને આવ્યો છે? વાંચનમાં કેટલો સમય ગાળ્યો એ પુછો છો, પણ એણે ઉભરાતા યૌવનની ઉત્પાદક રમતોમાં કેટલો સમય ગાળ્યો તેની કદિ ગણતરી કરો છો? એને તરતાં કે કુદતાં, ઘર પરથી ઉતરતાં કે ઝાડ પર ચઢતાં આવડે છે? ગરબડ થાય ત્યાં એકાગ્રતા સાધી અભ્યાસ કરવાનું કહો છો, પણ એવી જગાએ શાંતિથી ઉંઘવાની શક્તિ કેળવવાનું સુચવ્યું છે? લોભ અને લાલચના તો ઘણા ય નિબંધ લખાવ્યા, પણ ભાણા ઉપરથી થોડા ભુખ્યા ઉઠવાનું અને અતિશય તાણ કરવા છતાં મિષ્ટાન્નનો ત્યાગ કરી સ્વાસ્થ્ય સાચવવાનું શીખવ્યું છે? દ્રોણ, પરશુરામ, વિશ્વામિત્ર જેવા ગુરુઓની વાતો તો ખુબ કરી, પણ ગુરુ તરીકે તમે મન વાણી અને શરીરની એકાગ્રતા સાધી છે? કલાસમાં અદબપલાંઠી વાળી બેસવાનું કહો છો, પણ બાકીના સમયમાં વાંકો

વળી બેસતાં કે ચાલતાં રોકવાનું સુઝ્યું છે ? ઇંગ્લંડના ઇતિહાસમાં, ટ્રેફલ્ગાર અને વૉટર્લૂની લડાઇઓ ઇટન ને હૅરો કે રગ્બીનાં રમતનાં મેદાનોમાં જીતાયાનું ભણાવો છો. પણ તમારા શિષ્યોની ભાવિ જીંદગીની લડાઇ તમારી જ પાઠશાળાના રમતના મેદાનમાં જીતાય છે કે હરાય છે, એનો વિચાર કદિ આવ્યો છે ? આંતરે દીવસે સીનેમા જોવાની ના કહો છો એ સમજ્યા, પણ બિલ ડંકન, જૅક ડૅમ્પસી, જીમ કૉરબેટ, એની લીઓનાર્ડ, ચાર્લ્સ હચિસન, એડી પોલો, ઍન્ટોનિયો મોરીનો, હાઉડિની, ડગ્લસ ફેરબૅન્કસ જેવા મહારથીઓનાં ઉદાત્ત વીર ચરિતોથી બાલકના માનસમાં વીરતાનાં—પૂર્ણતાના ગુપ્ત બીજો રોપાય છે, એની હા પાડશો ? નીશાળમાંથી નીકળી ઘેર જવાને બદલે પાદરે રમવા નાસી જનારને ચૌદમું રતન આપો છો, પણ પશ્ચિમની દુનિયાનાં વિદ્યાપીઠોમાં છોકરાંને રખડવા—હાઇકિંગ અને કૅમ્પિંગ—ની ફરજ પડે છે, એ સાંભળતા ગભરાશો નહિ ?

પણ જ્યાં આખું તંત્ર જ જડ—નિશ્ચેષ્ટ છે ત્યાં શું કહેવું ? શિક્ષકને આવતા જોતાં જેમના મોં ગંભીર બની જાય, લોહી ઉડી જાય અને છલકાતા ઉત્સાહ, હાસ્ય અને આનંદને બળાત્કારે દબાવી દઇ નિશ્ચેષ્ટ થઈ જે બેસી જાય તે વિદ્યાર્થીઓની ભાવિ દશા કેટલી ગુલામીવાળી રચાય છે એ વિચાર કંપાવનાર નથી ? આપણે ત્યાં સૌથી વધારે હસી શકવાની હરીફાઇ કરનાર કેટલા યુવાનો હશે ? અથવા કેટલા શિક્ષકો આવી હરીફાઈમાં ભાગ લેતા હશે ?

જ્યાં પક્ષીની માફક કીલકીલાટ સાથે પરસ્પર નિર્દોષ રમત અને કલહમાં બાળકોનાં જીવન ઘડવામાં આવે છે ત્યાં જ સાચા શિક્ષણનું દાન થાય છે. જેના આગમનથી ગંભીરતા, ડર અને દબાણની જગ્યાએ, ઉભરાતો આનંદ, હસતાં મોં, વિશ્વાસ અને પ્રેમથી વિકસતી આંખો તથા મધુર ગણગણાટ થાય, જે સ્ફૂર્તિ, ચેતન અને આત્મીયતાને વધાવનાર છે, તે જ શિક્ષક નામને પાત્ર છે; નહિ કે પુસ્તકોનો કચરો વાગોળી છોકરાંનાં ભેજાંમાં ઉકરડો કરનાર.

હરિનારાયણ આચાર્ય

પક્ષીનિરીક્ષણ

[સ્કાઉટિંગ]

ગામડામાં રહેતા વિદ્યાર્થીઓને અને જંગલમાં આથડતા સ્કાઉટોને પક્ષીનો અભ્યાસ કરવાની ઘણી તક મળે છે. માત્ર આંખો ઉઘાડી રાખવી જોઇએ. આપણા ઘર આંગણે પાણી અને દાણાનાં કુંડા ટાંગવાનો રીવાજ પક્ષીનિરીક્ષણને માટેનું ખાસ અંગ છે. જાતજાતનાં પક્ષીઓ દાણા, ને ખાસ કરીને પાણી માટે તે કુંડાં પર આવે છે ત્યારે આપણને તેમની નોંધ લેવાની ઘણી સારી તક મળે છે.

આપણે ત્યાં ઝાડ તો પુષ્કળ હોય છે. આપણા ઘરની બારીમાંથી પાસેના ઝાડની ડાળ સાથે એક તાર બાંધવો. પછી તે તારમાં એક ગરેડી પરોવી તેના ઉપર વાળા વતી એક ટોપલી બાંધી તે તાર પર લટકાવવી. તારનો બારી તરફનો છેડો ઉંચો કરવાથી તે ટોપલી ગરેડી પર ઝાડ તરફ સરકી જશે, અને બારીમાંનો તારનો છેડો નીચો કરવાથી તે પાછી સરીને બારીમાં આવશે. આવી બે ટોપલી રાખવી. એકમાં દાણા અને બીજીમાં પાણીનું વાસણ મુકવું. પછી તારનો છેડો ઉંચો કરવો એટલે ટોપલીઓ ઝાડની ડાળ પાસે જઇ અટકશે. અહીં પુષ્કળ પક્ષીઓ દાણા પાણી માટે આવશે, તેમનો મધુર કલરવ મચી રહેશે અને સવાર સાંજ તેમને વિષે ઘણું નિરીક્ષણ કરવાનું મળશે. ચોમાસાની હેલીમાં પક્ષીઓ બીલકુલ ખોરાક સિવાય માળામાં ભરાઇ રહે છે, અને ઉનાળાના પ્રખર તાપમાં પાણીનું દુઃખ પક્ષીઓને હોય છે તેટલું બીજા કોઇને નથી. આ બંને દુઃખના નિવારણ અર્થે અને પક્ષી-નિરીક્ષણ ખાતર દરેક સ્કાઉટે આવી વિમાની ટોપલી-ઓની રચના કરવી ખાસ જરૂરની છે.

કોયલ પોતાનાં ઈંડાં કાગડા પાસે સેવરાવે છે તે હકીકત તો ઘણા જુના જમાનાથી કવિ કાલિદાસ જેવાએ પણ અવલોકી હોય તેમ શાકુન્તલમાં નજરે પડે છે. ઈંડાં મુકતી વખતે તેમજ સેવતી વખતે કાગડા બુદ્ધિથી નહિ પણ પ્રેરણાથી જ કામ કરે છે. તેમને ઇંડાં સેવવા સિવાય બીજું ભાન હોતું નથી.

કાગડાના માળામાંથી ચાર ઈંડાંમાંથી એક અથવા બે ઈંડાં કોઇ ઉપાડી લે તો તેની તેને ખબર પડતી

નથી. એટલે સંખ્યા ગણવાની બુદ્ધિ તેમનામાં નથી. તેમ જ એક ઇંડું લઇ તેને બદલે ગોળ પથ્થર અથવા ગૉલ્ફનો બૉલ મુકવામાં આવે તો તેને પણ તે ઓળખ્યા વિના સેવ્યા કરે છે. બીજાં પક્ષીનાં ઇડાં, નાનાં અથવા મોટાં, સાદાં અથવા રંગીન, કાગડાના માળામાં મુકવામાં આવે તો તે કાંઇ પણ ઇર્ષ્યા સિવાય તેને પણ સેવે છે. ટુંકામાં, ઈંડાં મુકવા તથા સેવવાના કાર્યમાં તેઓ પ્રેરણાથી જ કામ કરે છે. તેઓ સારી રીતે સમજે છે કે તેમની આવી મૂર્ખાઇનો લાભ લઇ કોયલ તેમની પાસે પોતાનાં ઇડાં સેવરાવે છે, અને તેથી કોયલ આવો લાભ ન લઇ જાય તેની તેઓ પુરતી કાળજી રાખે છે.

મારા ઘરની પાસે બે લીમડાનાં અને બેત્રણ ગુંદીનાં ઝાડ છે. લીમડાના ઝાડ પર એકી સાથે એક માસ પર પાંચેક કાગડાઓએ માળા બાંધ્યા, અને લગભગ તે જ અરસામાં પાસેનાં ગુંદીનાં ઝરડા જેવાં ઝાડ પર ચાર કોયલો આવી સવાર બપોર સાંજ ટૌકાર કરવા લાગી. જ્યારે બીજા કાગડા બહાર ચણ લેવા જતા ત્યારે એક અથવા બે કાગડા માળાની ચોકી માટે બેસી રહેતા. તેમની ચોકી સતત હતી.

પણ કોયલોની યુક્તિ તેથી પણ વિશેષ બુદ્ધિવાળી હતી. કોયલમાં માદા બોલતી નથી, પણ નર મોટો ટૌકાર કરે છે. આ ટૌકાર કાગડાને બીલકુલ ગમતો નથી. આથી જ્યારે બેત્રણ કોયલો તેમનું સંગીત શરૂ કરે ત્યારે પહેરાપરના કાગડા ઉશ્કેરાઇને તેમને મારવા દોડે; એટલે કોયલો દૂરના બીજે ઝાડે બેસી વધુ જોસથી ટૌકાર શરૂ કરે. કાગડા ત્યાં પણ પાછળ જાય. તે અરસામાં તો ચોકીદારોની ગેરહાજરીનો લાભ લઇ માદા કોયલો કાગડાના માળામાં ઇડાં મુકી જાય! આ પ્રમાણે લગભગ પંદર દિવસ સુધી યુદ્ધ ચાલે, અને દરેક વખત કાગડા છેતરાય! જ્યારે ઇડાં ફૂટે છે ત્યારે કાગડાના બચ્ચા કરતાં કોયલનું બચ્ચું મોટું નીકળે છે. છતાં કાગડા તેને મારતા નથી પણ મોટું કરે છે એ નવાઈ જેવી વાત છે.

બધાં પક્ષીઓમાં કાગડા વિશેષ બુદ્ધિશાળી ગણાય છે. તેમનામાં સંપ બહુ સારો હોય છે. તેઓ ઘણી વાર ભેગા થઇ સમળાને પણ હરાવે છે. ઉપરોક્ત લીમડામાં એક સમળાને માળો બાંધવાની ઇચ્છા




(૧) જંગલી બતકોની (૨) બગલાઓની ઉડવાની રીત

થએલી, પણ કાગડાઓએ તેને હરાવી કાઢી મુકી.

સાયંકાળે જો તમે કાગડાને ઝાડ પર બેસતા જોયા હોય તો તમને જણાશે કે દરેક કાગડો ઉંચામાં ઉંચી ડાળે બેસવાનું પસંદ કરે છે. એક કાગડાને લોઢાના સળિયાના ટુકડા લઇ જતો જોઇ મારા એક મિત્રે કહ્યું કે ચોક્કસ બેચાર કલાકમાં વરસાદ આવવો જોઇએ. કારણ પુછતાં તેણે જણાવ્યું કે કાગડા એવી ચકોર જાત છે કે વરસાદ આવવાનો સંભવ થતાં તેમના માળાને મજબુત ટેકા આપવા લોઢાના સળિયા ભેગા કરવા મંડી પડે છે.

ટીટોડી મોટે ભાગે નદીને કાંઠે રેતીમાં ઇડાં મુકે છે અને બહુ જ બહાદુરીથી પોતાનાં ઇડાંનું રક્ષણ કરે છે. કુતરાં, સમળી, કાગડા અને બીલાડાં—આ બધાંને તેનાં ઈંડાં બહુ જ ભાવે છે. વળી રેતી અને કાંકરામાં નદી કીનારે પડયાં હોય એટલે મેળવવાં યે બહુ સુલભ. પણ તે સૌને હરાવી નર તથા માદા ટીટોડી પોતાનાં ઈંડાંનો બચાવ દિવસ રાત કેવી રીતે કરે છે તે મેં થોડા સમય પર નજરે જોયું, તે ઉપરથી ટીટોડીનાં ઈંડાં સમુદ્ર લઈ ગએલો તે ટીટોડીએ મહાન યુદ્ધ કરી પાછાં મેળવેલાં એ પંચતંત્રમાં વાંચેલી વાર્તા સાચી લાગી. તેમનો ઇડાં સાચવવાનો પ્રયત્ન અવિરત અને અતુલ છે. સમુદ્ર તો શું પણ ખુદ પ્રભુ પાસેથી યે તે પાછાં મેળવી શકે !

ટીટોડી જમીન પર રહેતું પક્ષી છે. તે કાંઈ માળા બાંધતું નથી. ઇડાં પથ્થર ભેગાં મુકે છે અને



દીવાળીઘોડો અથવા ખંજન પક્ષી (વૅગ ટેઇલ)

એનો રંગ એવો હોય છે કે પથ્થર ભેગાં ભળી જાય છે ને ખાસ ધ્યાનમાં ન હોય તો પગ પાસે પડ્યાં હોય તોપણ નજરે ચડતાં નથી. મારા ફળિયાની દીવાલ પાસે ઓરડીના છાંપરા આગળ એક ટીટોડીએ ઇંડાં મુકેલાં. આખો દિવસ ટીટોડીનો ટકટકાટ સંભળાયા કરે; પણ મને ખ્યાલ નહિ કે તેણે ઈંડાં મુક્યાં હશે. એક દિવસ એક કુતરૂં ફરતુંફરતું તે બાજુ ગયું. કાન ફોડી નાખે તેવો અવાજ કરી બે ટીટોડાં તેના માથા પર ઉતર્યાં અને ચાંચના પ્રહારથી તેને એવું તો ગભરાવી નાખ્યું કે તે જીવ લઈ નાઠું. આ ઉપરથી અમને વહેમ પડ્યો અને બહુ જ કાળજી રાખી. માથે છત્રી ઓઢી ઇંડાં શોધી કાઢ્યાં. ટીટોડાં કાયમ માથા અને મોઢા પર જ ચાંચો મારે છે, માટે આંખને કાંઇ ઇજા ન થાય તેની સાવચેતી રાખવાની જરૂર છે.

માદા ટીટોડી હમેશાં નીચે બેસી ઈંડાં સેવે અથવા ખોરાક મેળવે છે અને નર પાસેની દીવાલ પર બેસે છે. જો સમળી કે કાગડો પસાર થાય તો એક ઉપરથી અને બીજું નીચેથી તેના પર હલ્લો લઇ જાય છે અને તેને નસાડે ત્યારે જ જંપે છે. બચ્ચાં તરફનો પ્રેમ અને તેને અંગેની તેમની મહેનત ખાસ લક્ષ ખેંચે તેવાં છે.

આપણા રાજા મહારાજા અને મોટા લોકોની માફક પક્ષીઓ ઉનાળામાં હવા ખાવા માટે ખાસ ઠંડી વાળાં સ્થળોએ જાય છે. કેટલાંક તો ઠેઠ કાશ્મીર કે ઈંગ્લંડ સુધી જાય છે. જ્યારે ત્યાં શિયાળો આવે છે અને બરફ પડવા માંડે છે ત્યારે તેઓ આપણા તરફ ચાલ્યાં આવે છે. આવાં પક્ષીમાંનું એક તો આપણને બહુ જ જાણીતું છે. તે દીવાળીઘોડો અથવા ખંજન પક્ષી. એને અંગ્રેજીમાં 'વૅગ ટેઇલ' કહે છે.

આ પક્ષી આપણે ત્યાં નવરાત્રમાં દેખાય છે અને આખો શિયાળો અહિં રહી જ્યારે ચૈતર વૈશાખની ગરમી શરૂ થાય છે ત્યારે ઉત્તરમાં કાશ્મીર તરફ અથવા હિમાલયની ખીણો તરફ ઉડી જાય છે. તેઓની ઉડવાની શક્તિ ઘણી જ જબરી છે. કેટલાંક પક્ષીઓ તો આટલાન્ટિક જેવો મહાસાગર પણ ઓળંગી જાય છે.

સુઘરીના માળા બહુ જ સુઘડ હોય છે તે વાત આપણે એક વખત કરી ગયા. કહેવાય છે કે તે માળાની અંદર દીવા કરવા માટે સુઘરી આગિયા કીડાને પકડી માટી વતી ચોંટાડે છે. જો કોઇ સ્કાઉટ સુઘરીના માળા તપાસી તેની અંદર માટી અને મરેલ આગિયો શોધી કાઢે તો તેણે પક્ષી-વિજ્ઞાનમાં શોધ કરી કહેવાય.

સારસનાં ટોળાં જ્યારે જમીન પર આરામ લે છે ત્યારે એક પક્ષી એક સારસ પહેરો ભરે છે. પહેરો ભરનારૂં ઉંઘી ન જાય માટે એક પગે ઉભું રહે છે, અને બીજા પગના પંજામાં એક પથ્થર પકડી રાખે છે. ઉંઘ આવે કે પથ્થર પડી જાય, એટલે પહેરગીર જાગી જાય ! આ ઉપરથી ગ્રીક બાદશાહ સીકંદર પણ લડાઇના મેદાન પર સુતી વખતે એક હાથમાં રૂપાનો દડો રાખતો. જેથી શ્વાનનિદ્રા જ આવે. ઉંઘ આવે અને દડો પડી જાય એટલે જાગી જવાય !

કાગડા કુંડાળું વળી ઘણી વાર બેઠા હોય છે. કેદી જેવો એક કાગડો વચમાં હોય છે. આવાં કુંડાળાં તે શા માટે વળતા હશે. સ્કાઉટો જો પક્ષીનિરીક્ષણ બરાબર કરે તો આવા કેટલા યે પ્રશ્નોનો જવાબ સહેલાઇથી આવી જાય અને પક્ષી-વિજ્ઞાનમાં મોટી શોધ થઇ કહેવાય.

ગજાનન ભટ્ટ

સ્થળ અને સમયના સંકોચને લીધે

ગાંનલાલા

આ મહીને નથી આપી શકાઇ

અંગ્રેજ પ્રજાની લાડકી રમત

કોઇ પણ પ્રજા કેટલી પ્રાણવાન છે એ જાણવાનું એક સાધન તેના ઉત્સવો ને રમતગમત પણ છે. આપણા ઉત્સવો આ કાળે જેમ સાપ ગયા પછીના લીસોટા જેવા અર્થહીન ને નિસ્તેજ થઇ ગયા છે તેમ રમતોમાં પણ જીવ નથી રહ્યો. ઘણીખરીનું તો નામનિશાન પણ નથી રહ્યું. આપણા ગેડીદડાનું અસ્તિત્વ જ ભુંસાઇ ગયું છે, આપણા ગિલ્લીદંડા હવે માત્ર શેરીનાં નાનકડાં છોકરાં, મરવાને વાંકે જીવાડી રહ્યા જેવું રમે છે, અને આપણી અનેક દેશી રમતોનાં તો ઘણાંને નામ પણ યાદ નથી રહ્યાં. અરે, છોકરાછોકરીઓ-માંથી તોફાન કરવાની વૃત્તિ પણ ઓસરી ગઇ છે! દેશના નિશ્ચેતન કુમારજીવનનું આ શોચભર્યું સૂચન છે.

ત્યારે બીજી પ્રજાઓ જે પ્રાણભરી છે તે અત્યારે ક્યાં છે? આપણા ગેડીદડા જેવી જ પદ્ધતિની રમતમાંથી વિકાસ પામેલી, શરીર શુદ્ધિ અને ચારિત્ર્ય ઘડનારી ક્રિકેટ અંગ્રેજ પ્રજાની આજ માનીતી રમત છે. ફુટબૉલ, હૉકી ને પોલોની મર્દાનગીભરી રમતોના ઉત્તમ ખેલાડીઓ એ પ્રજા પકવે છે. આપણે આપણી રમતગમતો નાશ પામવાને કારણે શોચ કરીએ છીએ તે કાળે ઇંગ્લંડમાં કેટલાક, પોતાના દેશમાં રમતોનો અતિરેક થઇ ગયો છે ને પ્રજા રમતગમત—સ્પૉર્ટ—પાછળ ગાંડીતુર થઇને મચી છે તેનો શોચ કરે છે.

સર ફિલિપ ગિબ્બે 'સન્ડે ક્રૉનિકલ'માં એક લેખમાં રમતગમત ઉપર ખુબ ચાબકાના પ્રહારો કર્યા છે. એઓ લખે છે કે 'નીશાળોમાં તેમજ બધે રમતગમતને ખુબ સ્થાન મળ્યું છે, અને વધારે મહત્ત્વની વસ્તુઓને ભોગે પણ રમતગમતને પ્રજામાં પ્રથમ સ્થાન મળે છે. આમ આ 'સ્પૉર્ટ'નો જુલમ બધે ફેલાયો છે. 'સ્પૉર્ટ'ની ધર્મની પેઠે પુજા થઈ રહી છે. એ અઘટિત, અજુગતી અને વધારાપડતી છે; એ એક નબળાઇ છે.' આથી પણ વધારે સખ્ત પ્રહારો એમણે પોતાના લેખમાં કર્યા છે.

જેઠ મહીનાના 'સુવર્ણમાલા'ના અંકમાં શ્રી બ. ક. ઠાકોર પણ મિ. રામ્સે મ્યુરના નીચલા શબ્દો નોંધે છે: 'પણ મારૂં આ રોદણું પણ હું અહીં શાને રોઉં ભલા? અહીં તો સૌને એક જ બાબતની પડીલાગી છે. પેલા મેદાનમાં કસરતી જુવાનો ચામડાનું કંઇક ગોળ છે, તેને લાકડાનું કંઇક લાંબું છે તે વડે ફટકારે છે, અને બીજા અગિયાર કસરતી જુવાનો એ ચામડાના ગોળની પાછળ દોડાદોડી કરી રહ્યા છે! આમાં જ અહીં તો હજારો અને લાખો માણસને અનહદ રસ જામે છે. એક બાજુએ છે પ્રસંગો મહાભારત;—દુનિયાના ઇતિહાસમાં કદાપિ ઉપસ્થિત થયા નહિ હશે એવા ગંભીર: બીજી બાજુએ છે આ કેવળ રમતનિમગ્ન—રમતગમત મત્ત જનતા. હા દૈવ!'

આ સિવાય કવિ કિપ્લિંગે પણ હાંસી કરીને સ્પૉર્ટ (ખાસ ફુટબૉલ અને ક્રિકેટ)ને ઉતારી પાડવાને પોતાનો ચાબુક ચમકાવ્યો છે. એઓ એક ઠેકાણે લખે છે: 'Flannelled fools of the field' and 'muffled oafs.'

આ સર્વ ગમે તેમ હો, પરંતુ રમતગમતે જુદીજુદી રીતે પોતાનાં જુદાંજુદાં અંગો (ક્રિકેટ, ફુટબૉલ, ટેનિસ, હૉકી, પોલો, બૉક્સિંગ, કુસ્તી, તરવું વગેરે) દ્વારા લોકચિત્તને આકર્ષી જે અદ્વિતીય સ્થાન લીધું છે તેને આવા પ્રહારોનો મુશળધાર માર પણ સ્થાનભ્રષ્ટ નથી કરી શકવાનો; કેમકે એ જનતાના લોહીમાં એ વસ્તુ વસી ગઈ છે, ત્યાં પ્રજાની નાડમાં સ્પૉર્ટના જ ધબકારા છે. જેમને જનતાની એ નાડીની પરખ નથી તેઓ એ જનતા મત્ત છે એમ કેમ કહી શકે?

આ સ્પૉર્ટ—રમતગમત—માં ક્રિકેટનું સ્થાન ત્યાં વધારે આગળપડતું છે. એ ખાસ કરીને ઇંગ્લિશ રમત જ છે, અને એ પ્રજાની એ લાડકી રમત અત્યારે આખા બ્રિટિશ સામ્રાજ્યનું ધ્યાન ખેંચી રહી છે. દૂરથી જોનાર કદાચ આ રમતના તત્ત્વને સમજી ન શકે. એ સમજવા

માટે તો ક્રિકેટના ખરા આશકના મનમાં પેસી તેની આંખે જોવું જોઇએ.

ક્રિકેટ એ એટલી નિખાલસ રમત છે કે જોનારને પણ એ નિખાલસ બનાવે છે. જોકે બે પક્ષ રમતા હોય ત્યારે પ્રેક્ષકથી સામાન્ય રીતે એક બાજુ તરફ વલણ લીધા વિના રહેવાતું નથી, અને પોતાનો એ પક્ષ છતે એમ તે સહજ ઇચ્છ્યા કરે છે; છતાં તેના અંતરમાં મુખ્ય સ્થાન તો મુળ ક્રિકેટની રમતનું જ હોય છે, અને દરેક જણ ઇચ્છે છે કે એ રમત હોશિયારીથી, સરળતાથી અને સીધી રીતે રમાવી જોઇએ.


ક્રિકેટ એટલે જ ખાનદાની. એમાં કશું આડુંઅવળું ચાલે જ નહિ. ક્યાંક જરા યે અપ્રામાણિકપણું લાગે તો તરત એમ કહેવાય છે કે It is'nt cricket. (એ ક્રિકેટ ન કહેવાય.)

કોઇને વિષે જ્યારે એમ કહેવાય કે એ ખરો 'સ્પૉર્ટ્સ્મૅન' છે ત્યારે સમજવું કે એ પુરો ખાનદાન અને વિશ્વાસપાત્ર છે અને ગમે તેવા સંજોગોમાં પણ એ નિખાલસ અને પ્રામાણિક જ રહેવાનો—Fair play જ કરવાનો. આ ઉપરથી તો અંગ્રેજી ભાષામાં એક રૂઢ વાક્યપ્રયોગ થયો છે કે 'To play the Game with a straight Bat.' આમ ક્રિકેટની રમત પ્રજાના જીવનમાં શુદ્ધબુદ્ધિ, ખાનદાની અને ગૌરવ પ્રગટાવે છે. એ જ એ રમતનું ખરૂં તત્ત્વ છે.

કેવળ સામા પક્ષ ઉપર જીત મેળવવાના ઉદ્દેશથી જ આ રમત નથી રમાતી, પરંતુ વીરને શોભે એવી વીરતા, ઉદારતા, વિનય ને ક્ષમાથી રમાય છે. હારને પણ સારીરીતે કેમ સહી લેવી એ આ રમત શીખવે છે. અંગ્રેજી પ્રજાકીય નીતિ પર આ રમતની ઘણી અસર થઇ છે. એ એમનો ગઢ કહીએ તો ચાલે. આટલી સુંદર આ રમત શોધવાનું માન અંગ્રેજ પ્રજાને જ છે.

આવી આ રમતનું એક અતિશય રસભર્યું દ્વંદ્વયુદ્ધ, સારામાં સારી કુશળતાથી હમણાં જ ઇંગ્લંડમાં રમાઇ રહ્યું. ઇંગ્લંડના ચુનંદા ખેલાડીઓ અને ઑસ્ટ્રેલિયાના અત્યુત્તમ રમનારાઓ વચ્ચે પાંચ વખત એ યુદ્ધ થયું, અને તેમાં ત્રણ વખત જીતનાર વિજેતા ગણાય એ નિયમ મુજબ ઇંગ્લંડ એ માન ખાટી ગયું છે. ઇંગ્લંડ ને ઑસ્ટ્રેલિયા વચ્ચેના આ ક્રિકેટજંગની હરીફાઇ ઘણાં વર્ષોથી ચાલી આવી છે. એ જેટલી રસાકસીભરી છે તેટલી જ રસિક છે. પણ એને માટે જરા ભૂતકાળમાં ડોકિયું કરવું પડશે.

ઇ. સ. ૧૮૭૮ ના મે માસની ૨૭મી ને સોમવાર સુધી ઑસ્ટ્રેલિયામાં રમાતા ક્રિકેટમાં અંગ્રેજો જરાપણ રસ લેતા નહોતા. જોકે ૧૮૭૭ માં ઓસ્ટ્રેલિયનોએ લિલીવ્હાઇટની અંગ્રેજ ટીમને હરાવી હતી, તો પણ એ અંગ્રેજોને આકર્ષી શક્યા નહિ. આ પહેલાં પણ ચાર અંગ્રેજી ટીમો ઓસ્ટ્રેલિયા ગએલી પરંતુ એ ટીમોએ ત્યાં શું કર્યું ને શું ન કર્યું તેની ઇંગ્લંડે દરકાર સરખી પણ કરેલી નહિ.



આસ્ટ્રેલિયા (કાંગારૂ) અને ઇંગ્લંડ (સિંહ)

આ સમય ઓસ્ટ્રેલિયામાં ક્રિકેટની શરૂઆતનો હતો. ત્યાંના ક્રિકેટરો ઇંગ્લંડની ટીમો સાથે મૅચો રમી ક્રિકેટ શું એ સમજતા અને શીખતા

થતા હતા. ઇંગ્લંડની સારામાં સારી ક્રિકેટની કુશળતા આગળ ઑસ્ટ્રેલિયનોની સરખામણી થઇ શકે તેમ હતું જ નહિ. ઇ. સ. ૧૮૬૨માં એચ. એચ. સ્ટિફન્સન અને ૧૮૬૪માં જ્યૉર્જ પાર, ઇંગ્લંડથી ટીમો લઇ ઑસ્ટ્રેલિયા રમવા ગએલા અને ત્યાં બાવીસ બાવીસ જણની સામે રમીને ઘણીખરી જીતો મેળવેલી. ત્યાર પછી ૧૮૭૩માં એમ. સી. સી. ક્લબના આશ્રય નીચે મિ. ડબ્લ્યુ. જી. ગ્રેસ. એક ટીમ લઇ ગયા અને પંદર જણની સામે રમી ઘણી જીતો મેળવી. આ પછી ૧૮૭૬માં મિ. લિલીવ્હાઇટ બીજી એક ટીમ લઇ ગયા. આ વખતે પહેલી જ વાર ઓસ્ટ્રેલિયા સરખા બળથી મૅચ જીત્યું. બૅનરમૅન નામના એક ઑસ્ટ્રેલિયન બૅટ્સમૅને ૧૬૫ રન કર્યાં અને અંગ્રેજો સામે પહેલી જ વાર સો રન કર્યાનું માન મેળવ્યું.

આ જીતથી ઉત્તેજિત થઈ ૧૮૭૮માં પહેલી ઑસ્ટ્રેલિયન ટીમ ઇંગ્લંડ રમવા આવી. ઇંગ્લંડને સ્વપ્ને પણ ખબર નહોતી કે ઑસ્ટ્રેલિયનો ખુદ ઇંગ્લંડમાં જ આવીને અંગ્રેજી ક્રિકેટની ખ્યાતિ પર હલ્લો કરશે. ૧૮૭૮ના મે માસની ૨૭મી ને સોમવારે અંગ્રેજી ક્રિકેટ આલમને આ હલ્લાનો પહેલો હચમચાવી નાખે એવો ધક્કો લાગ્યો, અને ચાર–સાડાચાર કલાક જેટલા ટૂંક સમયમાં અંગ્રેજોની એક સારી ટીમે ઑસ્ટ્રેલિયનોથી સખત હાર ખાધી.

ચૈતન્ય

[આ રસભર્યા વૃત્તાંતનો બીજો મોટો હપતો, અનેક પ્રસિદ્ધ ક્રિકેટરોના ફોટોગ્રાફો સાથે આવતા અંકમાં.]

સ્વીકાર

ગુજરાતો દીપક : ભાગ ૨; અનુવાદક કકલભાઇ કોઠારી ૦-૮-૦; **કુમારનાં સ્ત્રીરત્નો:** લેખક ઇન્દુલાલ યાજ્ઞિક ૧-૦-૦; **સૌરાષ્ટ્રની રસધાર:** ભાગ ૪; સં. ઝવેરચંદ મેઘાણી ૧–૮–૦

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર (રાણપુર) તરફથી પ્રગટ થએલાં ઉપલાં ત્રણે પુસ્તકો કુમારોનાં વાંચન અને ગ્રંથસંગ્રહ માટે ઉપયોગી છે. દિલ્હીના છેલ્લા મોગલ બાદશાહના વંશજોની કરૂણ કહાણીનો ઉત્તરાર્ધ પહેલા પુસ્તકમાં પુરો થાય છે; શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકનું પુસ્તક સમાજનાં સ્ત્રીરત્નોનાં સુંદર ચિત્રો દોરે છે; અને શ્રી મેઘાણીની રસધાર વિષે તો શું કહેવું ? એના પહેલા ત્રણે ભાગ જ એની જીવતીજાગતી પ્રશંસા છે.

દિવ્ય ધામ દર્શન અથવા કૈલાસ અને માન સરોવર: લેખક પ્રકાશક, વ્રજલાલ ત્રિભોવનદાસ કામદાર, લાટુચ રોડ કાનપુર, ૧–૦–૦

આત્મ નિવેદન : લેખક 'રાજ'; મળવાનું ઠેકાણું, અમૃતલાલ વ. દાણી, મહિલા વિદ્યાલય ભાવનગર; ૦–૨–૦

અઢાર વર્ષની અદ્ભુત તારુ
મિસ ગર્ટ્રુડ એડેરલ



'સમુદ્રના તરંગો કીનારે અથડાતા અને સન્ધ્યાની શાંતિમાં રજ આંદોલન ઉપજાવતા. એ આછાં વેરાતાં કિરણોમાં એક કન્યકાની નિર્દોષ આંખો તારાકણી પેઠે ચમકતી હતી. નાચતાકુદતા, પાણી ઉછાળતા, તરંગો પર તરતા, સાગરસંગીતની અવગણના કરતા, ક્રીડામગ્ન થએલા કુમારોના એક વાનર-સૈન્યને એ, ગંભીરતા ને આતુરતાના ભાવથી ઉભરાતે હૃદયે જોઇ રહી હતી. એની આકાંક્ષા વધતી જતી હતી અને એનું ઉદ્દામ હૃદય અસહ્ય વેગથી આશા, ઉત્કર્ષ ને ઉત્સાહના ભાવને વધારતું હતું. સ્ત્રી તરીકેની કહેવાતી અપૂર્ણતાનો તો એ વિચાર સરખો યે કરતી ન હતી. એના હૃદયમાં તો 'પૂર્ણતા'નાં બીજ રોપાતાં હતાં . . . . આ કુમારી તે ગર્ટ્રુડ એડેરલ—હું પોતે. આઠ વર્ષ ઉપરનો આ પ્રસંગ.'

'તરવાનો શૉખ મને ત્યારથી લાગ્યો. એક અઠવાડિયામાં તો હું તરતાં શીખી ગઇ.'

'પછી ? પછી તો મારા જીવનમાં પ્રગતિ સિવાય બીજું કશું જ નથી. અભ્યાસ, અભ્યાસ, જરા વધુ અભ્યાસ; બસ, આ જ મારા વિજયની ચાવી છે.'

અદમનીય ઉત્સાહ અને વિજયની સુરખીથી ભીના



એના હોઠ થોડી વાર બીડાયા અને કેઇક વિચારમાં પડી. જાણે લાંબી ઊંઘમાંથી જાગતી હોય તેમ ક્ષણ પછી એ બોલી: 'આ તો મારા જીવનની પ્રાસંગિક કથા. મારો આદર્શ તો હજુ સિદ્ધ કરવાનો છે.'

અને એ સિદ્ધ થઇ પણ ચુક્યો છે. ગયા માસ (ઑગસ્ટ)ની છઠ્ઠી તારીખે કુમારી ગર્ટ્રુડ એડરલ આખી ઇંગ્લિશ ચૅનલ તરી ગઇ છે!

જ્યાં ૬૦ ડિગ્રીથી કદિ પણ ઊપર પારો ચડે નહિ એવું ઠંડું પાણી. તરનારની સર્વ શક્તિઓની પૂર્ણ કસોટી, અનેક પ્રકારનાં વમળો અને વહનોથી ઉભરાતો ૨૦ માઇલનો પટ. એનું નામ ઇંગ્લિશ ચૅનલ. એમાં ચૌદથી વીસ કલાક સુધી સતત તર્યા કરવાનું. એટલે શરીરની પૂર્ણતા—સ્વાસ્થ્ય, બળ અને સહનશીલતા—ની પરાકાષ્ઠા; તરવાની કળા ઉપર અપૂર્વ કાબુ; અને જ્યારે આખા વિશ્વની નજર તમારી તરફ હોય એવે એ વખતે શાંતિથી, દ્રઢતાથી, મક્કમપણે, દાંત પીસીને તરવાની પ્રખર નિશ્ચલતા અને અદ્ભુત મનોબળ.

ઘણા યે પુરુષોએ અનેકવાર એ ચૅનલ તરવાનો પ્રયત્ન કર્યો છે. પણ માત્ર ત્રણ જ ભાગ્યશાળીઓને વિજયશ્રી વરી છે. સ્ત્રીઓમાં પ્રયત્ન કરનાર તો આ ગર્ટ્રુડ પહેલી જ છે અને પોતાના બીજા જ પ્રયત્ને એ જીતી છે;—માત્ર સાડા ચૌદ કલાકમાં તરીને. કોઇ પુરુષ પણ એના જેટલા ઓછા સમયમાં હજી તરી શક્યો નથી.

એના જીવનમાં ત્રણ વર્ષ મહત્ત્વનાં છે. નવમે વર્ષે તરતાં આવડ્યું; તેરમે વર્ષે શરતના મેદાનમાં ઉતરી અને પહેલા જ મહીનામાં ૧૦૦ વારની શરતમાં પહેલી આવી; અઢારમે વર્ષે એ ચૅનલ તરી ગઇ.

મધ્યમ કદની, શ્યામ સ્વરૂપવાળી આ બાળાનાં અંગેઅંગમાં યૌવન ઉભરાય છે. પોલાદના જેવા બલવાન અને છતાં માખણ જેવા સુકોમળ સ્નાયુથી એનું શરીર નખશિખ ભરેલું છે. નિરાશા કે શંકાને તો એના હૃદયમાં સ્થાન જ નથી.

'માત્ર કામ પાછળ મંડવું જોઇએ. મનમાં થયું કે આ કામ કરવું છે, એટલે પછી કરી જ નાખવું'—આ ગર્ટ્રુડનું જીવનસૂત્ર છે.

ડાહ્યા લોક પુછે છે: કોણ શ્રેષ્ઠ? સ્ત્રી કે પુરુષ?

ઇતિહાસે જગતને પદ્મિની, હેલન, ક્લીઓપેટ્રા, મેરી ક્વીન ઑફ સ્કૉટ્સ જેવી સૌન્દર્યમૂર્તિઓ આપી. આજે એ જ ઇતિહાસ જગતને ચરણે હેલન વિલ્સ, લીલીઅન લિટ્ઝેલ, સુઝાન લૅન્ગ્લન, ઍનેટ કેલરમેન, ગર્ટ્રુડ એડેરલ જેવી વીરાંગનાઓ ધરે છે.

અમેરિકાના ન્યૂ જર્સી પરગણાના હાઇલૅન્ડ શહેરમાં ગર્ટ્રુડ તરતાં શીખી. અમેરિકાના પ્રસિદ્ધ ઉસ્તાદ એલ. બી. દે હૅન્ડલે એના ગુરુ. એની તાલીમ લઇ ૧૯૨૫ના ઑગસ્ટ મહીનામાં ગર્ટ્રુડે ચૅનલ તરવાનો પ્રત્યન કર્યો. લગભગ સામે કીનારે પહોંચી, ત્યાં તો એને સમુદ્રનાં વહેણ નડ્યાં. કીનારો એક માઇલ દૂર હતો ત્યાં તો એક વહેણ એવું આવ્યું કે એને પાછી સાત માઇલ દૂર ખેંચી ગયું! આમ બેત્રણ વાર થવાથી એ થાકી ગઇ અને પ્રયત્ન છોડી દેવો પડ્યો.

એક વર્ષ પછી. ગયા માસની છઠ્ઠી તારીખે એણે બીજો પ્રયત્ન આરંભ્યો. ફ્રાન્સને કીનારે આવેલા ગ્રીસ નેઝ નામના સ્થળેથી તેણે ઇંગ્લંડ તરફ જવા તરવાનું શરૂ કર્યું. સવારના સાત વાગ્યા હતા અને ઋતુ દરેક રીતે અનુકુળ હતી. એની પાછળ હોડીમાં એનાં માબાપ, દાક્તર વગેરે હતાં. સને ૧૯૧૧માં ચૅનલ તરી જનાર બર્જેસ, અને ચૅનલ તરવાની હોંશવાળી એક અમેરિકન સ્ત્રી મિસ કૅનન પણ ગર્ટ્રુડની સાથે અવારનવાર તરતાં. હોડીમાં એને આનંદ આપવા ગ્રામોફોન વગાડવામાં આવતું અને ઇજિપ્શિયન તારુ હેલ્મી, જે આ વર્ષે ચૅનલ તરવામાં હારી ગયો છે તે હોડીમાં પાટિયા ઉપર ચિત્રો ચીતરી ગર્ટ્રુડને ખુશ કરતો હતો. હોડીમાંનું વાયરલેસ દુનિયાને દરેકે દરેક મિનિટના સંદેશા પહોંચાડતું હતું.

શરૂઆતમાં તો બધું ઠીક ચાલ્યું. પણ પછી ખુબ પવન ફૂંકાવા લાગ્યો. ઠંડી વધી ગઇ. બર્જેસે ગર્ટ્રુડને

પ્રયત્ન છોડી દેવા સમજાવી, પરંતુ આ અદ્‌ભુત બાળાએ તો તરવાનું ચાલુ જ રાખ્યું. અંધારું થતાં એ ઇંગ્લંડના કીનારાથી બે માઇલ દૂર હતી. ગુડવિનની દીવાદાંડીની આગબોટે તોપના અવાજથી એને માન આપ્યું; અને ૧૪ કલાક ને ૩૧ મિનિટમાં ગર્ટ્રુડે દરિયો આળંગ્યો.

'દરિયો તોફાની હોવાથી માત્ર સાત મિનિટમાં તો હું કીનારાથી દૂર આવી રહી. મારા મનમાં એમ કે ચાલો, જરા દેખાવ તો કરીએ. એટલે હું તરતી જ રહી. થોડાક માઇલ તરી ગયા પછી તો મને આત્મવિશ્વાસ આવ્યો કે મારાથી આ તરી જવાશે. પછી તો માઇલ ઉપર માઇલ તરવા સિવાય બીજું કરવાનું જ ન હતું. કીનારે પહોંચી ત્યાર પહેલાં એક કલાકથી મારા પગમાં ગોટલા બંધાયા હતા. છતાં હું પૂર્ણ સ્વસ્થ હતી.'

આમ બોલતી, વીસ માઇલના તરવાના અતિશય શ્રમથી નિસ્તેજ ને નિર્બળ બનેલી એ બાળાના મોં પર હાસ્યની રેખા હતી. કારણ એણે ધ્યેય સિદ્ધ કર્યું હતું.

ઇંગ્લંડને કીનારે હજારો માણસો એવું સ્વાગત કરવા તલપી રહ્યાં હતાં. આ અજ્ઞાત બાળાના સાહસના સમાચારથી જગત ખળભળી ઉઠ્યું હતું; એના વિજયથી એ જગતની આંખો ભક્તિ ને પ્રશંસાથી વિકસતી હતી.


ગર્ટ્રુડનો આ વિજય ઇતિહાસમાં અપૂર્વ છે. એના જેટલી ઝડપથી તરનાર પુરુષ કે સ્ત્રી હજી થઈ નથી. એનું શરીરબળ પણ ગજબ છે. યોગ્ય આહારવિહાર, આરામ ને પરિશ્રમથી એણે શરીરનો આ વિકાસ સાધ્યો છે.

એનો વિજય જગતના સ્ત્રી સંસારને સંદેશ આપે છે કે ઇશ્વરની આપેલી શક્તિઓનો પૂર્ણ વિકાસ એ મનુષ્યજીવનનું ધ્યેય છે. એ ધ્યેય કેવળ દસ વર્ષના પ્રયત્નથી અઢાર વર્ષમાં જ સિદ્ધ કરનાર આ બાળાનો દૃષ્ટાંત આપણા નારીજીવનને ઓછું શીખવે છે?

હરિનારાયણ આચાર્ય

દામનગર તાલુકાના સાખપુર ગામમાં લાલજી જીવરાજ નામનો એક કણબીનો છ વરસનો છોકરો અદ્‌ભુત શક્તિવાળો માલુમ પડ્યો છે. તે હજી શાળામાં મુદ્દલ ગયો નથી, છતાં કરોડોના સરવાળા તેને પુછવામાં આવતાં તરત મોઢેથી જ ગણી આપે છે! એ બાળકને ગમે તે વાત એક જ વખત શીખવ્યાથી આવડી જાય છે. (નારાયણ વ. મહેતા)

બા ળ વિ ભા ગ



દેડકભાઈ

વાહ રે! વાહ રે! દેડકભાઈ!
તમારી ફાંદ રહી ફુલાઇ!

બે પગ લાંબા, બે પગ ટુંકા,
કુદતા કુદતા ચાલો;
નાનકડાં જીવડાંને જોતાં
ચપ મોઢામાં ઝાલો!— વાહ રે!

દોકડા જેવડા ડોળા કાઢીને
ડરાઉં ડરાઉં કરો છો;
પણ ગંધાતા કીચડમાંથી
બહાર ક્યાં નીસરો છો?— વાહ રે!

પીઠ ઉપડતી પહોળી દીસે, પણ
છાતી નથી દેખાતી;
જળ ને થળ એ બેયમાં રહેતાં
દશા હશે આ થાતી?— વાહ રે!

આમ છો પોચા પચ જેવા, પણ
જીભે જોર છે ઝાઝું;
એથી દેડકજી બની ગયા છો
મેઘરાજાનું વાજું— વાહ રે!

ગજા ઉપરવટ પેટ ફુલાવી
મોઢું ફાડો છો ડાચું;
ચાલ તો સારી નથી તમારી
તરતાં આવડે સાચું— વાહ રે!

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

એક માનાં પેટ

ભાઈબહેનની એક જોડ હતી; જાણે દુધ ને સાકર. પણ માબાપ નહિ.

વાઘણ જેવી કાકી એમને માંડમાંડ લોકલાજે પાળે; પણ દુઃખ દઇદઇને બીચારાંનું શેરશેર લોહી ચુસી લે.

બેન પાસે રોજ પાચપાંચ પાલી જાર દળાવે, પંદર બેડાં પાણી ભરાવે, ગાડું એક વાસીદું વળાવે, સીમમાં ખડના ભારા કે છાણ લેવા મોકલે; અને બાર ઉપર બે બજ્યે બટકું રોટલો, ખાટી બકરી છાશ ને ચીભડાની ચીર દે. બેન તો માબાપને સંભારતી જાય ને નીચે મોંએ ખાતી જાય. કેમે કર્યો કોળિયો ગળે ન ઉતરે અને આંખોમાંથી ડળક ડળક આંસુ પડે. ભાઇ ઘડીક તો જોઇ રહે; પણ એનાથી ન કોઇને કહેવાય ને ન સહેવાય.

ગાડાના પૈડાની જેમ દિવસ હાલ્યા જાય છે, ને ભાઇબહેન સાંઠી પેઠે સુકાતાં જાય છે. મોઢે તાળું દીધું હોય તેમ કાકીથી ડરીડરીને બોલેચાલે. બીચારાં બેળાં બેસીને હૈયું ઠાલવી એક પળ વાતે ન કરી શકે.

એક દિ' તો પછી બહેનથી ન ખમાયું. એકવાર એકાંતની બે ઘડી મળી એટલે ભાઇની કને એ રાતે પાણીએ રોઇ ને પોતાનાં વીતકની વાત કરી. બહેનનાં ડુસકાંએ ભાઇનું કાળજું વીંધાયું. એણે કહ્યું, 'બહેન, આપણે શું કરશું ? મને તો ઉગરવાનો આરો સુઝતો નથી. તું રસ્તો દેખાડ.'

' ભાઇ, આપણે અહીંથી ભાગી છુટીએ તો ઠીક.'

' પણ બહેન, ક્યાં જઇએ ? માબાપ હવે થોડાં મળવાનાં છે ?' એમ કહીને ભાઇએ તો ઉંડો નીસાસો નાખ્યો. બહેન બે હાથ જોડી ભગવાનને સંભારવા મંડી.

કોણ જાણે ક્યાંથી પણ ભાઇના શરીરમાં શૂર છુટ્યું: 'બહેન, મોટી ખાડમાં પડશું, પણ આ ભૂતખાના-માંથી તો છુટીએ.

' હા, ઇ તો ભાગ્યમાં હશે તેમ થઇ રહેશે. જો, આપણે એમ કરીએ. કાકી મારૂં માથું ગુંથવા બેસે ત્યારે તું આવીને મારી ચાળણી ઝડપી જજે. એટલે હું તારી પાછળ દોડતી આવીશ.'

ત્યાં કાકીનો ઘાંટો સંભળાણો, ' એલી, હજી છાણ મેળવા નથી ગઇને ? વાતે વળગી છો તે, દોઢ ડાઇ ?' એકબીજાની આંખેઆંખ મેળવી, દીલાસો લઇ, બહેન અને ભાઇ છુટાં પડ્યાં.

શેરો થયો ને કાકી બહેનનું માથું ગુંથી મીંડલા લેવા બેઠી. એવામાં ભાઇ ત્યાં આવ્યો અને ચાળણી લઇને નાઠો. કાકી ઘુરકી, ' એલા, ઈ કેવા હેવા ? ઉભો રહે તને તો પાંશરો કરૂં.' કાકીના શબ્દ સાંભળતાં વેંત બહેન બોલી ઉઠી, 'પણ મારી ચાળણી ? લ્યો કાકી, હું એને પકડી લાવું.' એટલું કહીને ભાઇની પાછળ દોડી ગઇ.

અહીં કાકી વાટ જ જોઇ રહી, ને પીંજરાનાં પંખી તો સદાને માટે પરવર્યાં. હાથમાં ઉડતી ચાળખડી ને પાછું વાળી જોતો ભાઇ સાસભેર દોડે. અને પાછળ છુટા વાળવાળી, લથડિયાં લેતી બેન ભાગે.

ગામને પાદર બેઉ મળ્યાં. હેતની નજર નાખી એકમેકે દીલાસો લીધો. હાથમાં હાથ પકડી ભાગ્યાં. ન જુએ આડા ખાડાટેકરા, ન જુએ કાંટાકાંકરા ને ન જુએ નદીનાળાં. એક નજરે કુદતાં, ફાળ લેતાં, ગડથોલિયાં ખાતાં, સાસ ભરતાં નાઠે જ જાય.

દોડતાંદોડતાં એક વનરાઇમાં પહોંચ્યાં. બહેન થાકીને લોથ ગઇ ગઇ. ભાઇને પણ મોંએ શ્વાસ માતો નહોતો. સૂર્યનારાયણ પણ તપીતપીને ઝંખવાણો પડી કિરણની જાળ સંકેલી લેવા માંડ્યો.

ભાઇબહેનને તરસને લીધે ગળે કાચકી બાઝી હતી. પાસેના ઝરે જઇ બહેને પાંદડાંનો પડિયો કરી ભાઇને પાણી પાયું અને પોતે પીધું. બેઉ જણાં પડખોપડખ ઉંઘી ગયાં અને તેમનાં મોં પરથી સંધ્યાનું તેજ ઉતરીને રાતની રજ પથરાઇ.

ૐ

પંખીનો કલ્લોલ મચ્યો. ભાઇબેન પણ ઉંઘની નાજપ ભરી ઉઠ્યાં; એકબીજાની સામું જોઇ મંદમીઠું હસ્યાં. ભુખ બેઉને લાગી હતી. ભાઇએ કહ્યું, 'બહેન, જો હું અહીં કોઇ ગામ હોય તો ત્યાંથી ખાવાનું લઇ આવું. તું અહીં બેસી રહેજે. ક્યાંય જતી નહિ.' બહેને માથું હલાવી હા કહી.

ભાઇ ચાલતો ચાલતો મળસ્કે એક ગામને દરવાજે આવ્યો ને કમાડ ખખડાવ્યાં. દરવાને કચડ કચડ અવાજ કરતો દરવાજો ઉઘાડ્યો. ઉઘાડતાંવેંત બોલ્યો કે ' તમે અમારા મહારાજા !'

ભાઇ તો અચરજ પામ્યો. દરવાને માંડીને વાત કરી કે આ ગામના રાજાજી દેવ થયા છે.

વાંસે કોઇ વારસ નથી, એટલે પ્રધાનજીએ ને પ્રજાએ એવો ઠરાવ કર્યો છે કે આ પ્રભાતે જે કોઈ દરવાજે પહેલું આવે તેને મહારાજા બનાવવા.

દરવાને પ્રધાનજીને સમાચાર મોકલાવ્યા. સૌ લોકને લઇ વાજતેગાજતે પ્રધાનજી સામૈયું લઇ આવ્યા અને ભાઇને તો ગાદીએ બેસાડયો. સુખ-ચેન, રાજવૈભવ, દરબારની દદ, માનપાનઃ આ સઘળામાં ભાઈ તો બેનને સાવ ભુલી જ ગયો !

અહીં તો બહેને પહોર દિ' ચડયા લગી વાટ જોઈ; પણ કાળો કાગડો ય ન દેખાણો. નિરાશ થઇને એ આગળ ચાલી.

ચાલતીચાલતી એ જ ગામની ફુલવાડીએ આવી. ત્યાં ભુખને લીધે બેશુદ્ધ બની ગઈ. માળીમાળણને દયા આવી. પેટ સંતાન નહિ એટલે છોકરીને રાખી લીધી.

બહેન તો બીજની કળા જેમ વધવા માંડી. ફુલ-છોડને પાણી પાય, મારગ વાળે, ફુલ વીણે, પડા બાંધે ને હાર ગુંથે. એમ કરતાં વાતવાતમાં તો વરસો વીત્યાં.

બાળરાજા ઉમરલાયક થયો ને ચહેરેમોરે બદલાઇ ગયો. બહેનનો ખ્યાલ એને સ્વપ્નમાં ય નહોતો. માળીની કન્યા તરીકે બહેન પણ સુખમાં પડી હતી. એક તો રજપુત છોરૂ અને વળી ફુલડાંની નિર્દોષ સોબતઃ એટલે એના રૂપનો પાર ન રહ્યો.

એક દિવસ રાજા ફુલવાડીએ ફરવા નીકળ્યો. સરવડા પછીનો મધુરો ઉઘાડ નીકળ્યો હતો. માળીએ પોતાની દીકરીને રાજાજીને હારગજરો દેવા મોકલી. રાજા તો છોકરીને જોઇ છક થઈ ગયો ! ' ઓહોહો, આ રૂપ ! અને તે ય માળીને ઘેર ? બસ, પરણું તો એને જ. બીજી મારે મા ને બેન ! '

રાજા તો ગયો. ભાઇ બહેનને ભુલ્યો હતો; પણ બેનને ભાઇની અણુસાર ભળાઇ ગઇ. મનમાં ને મનમાં બોલી, ' ઇ તો મારો ભાઇ ! '

થોડા દિવસ બાદ માળીને ઘેર માગું આવ્યું. માળીએ માળણને વાત કરી. બંને બુઢ્ઢાં રાજીરાજી થઇ ગયાં. પણ બહેનના અંતરમાં ફડકો પેઠો ! બીચારી શું કરે ને કોને કહે ? દા'ડે દા'ડે એ લેવાતી ગઇ.

ભગવાનને ગમ્યું તે કાળ ચોઘડિયે ચાંડલો થયો, માંડવો પડ્યો, માણેકથંભ રોપાયો, મીંઢળ બંધાયાં અને મંગળ વરતાવા માંડયાં.

બહેનને તો નથી ભાન, નથી સાન. પુતળી જેમ કોઇ બેસાડે ત્યાં બેસે ને ખવડાવે તે ખાય. શું કરવું, ક્યાં જવું, કાંઇ ન સુઝે. બસ, શોકમાં ઝુરયા કરે ને નીસાસા મુક્યા કરે.

મહેલમાં રાત પડી. શણગારેલો ઓરડો ઝાકઝમાળ બળતો હતો. બેઉ પોઢ્યાં હતાંઃ એ ભાઇ ને બહેન ! નગર શાન્ત થયું હતું. ઝાડનું પાને ય હાલતું નહોતું.

એ વેળા ભાનભુલી, હોશકોશ ઉડેલી બહેન લવવા માંડી. રાજાના સરવા કાન એ સાંભળી રહ્યા; સાંભળી-શંકામાં પડયાઃ

' આપણે એક માનાં પેટ રે વીર વિક્રમસિંહ ! '

વરરાજાનું હૃદય ધડકી ઉઠ્યું. વિચાર થયો કે આને મારા બાળપણના નામની શી ખબર ? એ તો ગભરાઇ ગઈ છે તે ગમેતેમ બકે છે. ઉંડો ને ગંભીર સાદ બીજી વાર નીકળ્યો અને વધુ લંબાયોઃ

' આપણે એ...ક મા...નાં પેટ...રે વીર વિક્રમસિંહ
તમે ચાબખડી લઇ નાઠા રે...વીર વિક્રમસિંહ. '

ભાઇના ચિત્તમાં કાળી ચીરાડ પડી ! બાળપણ સાંભર્યું, બહેન સાંભરી, કાકી યાદ આવી. એનો જીવ ખોળિયામાં ઉછાળા લેવા માંડયો. ' શો ગજબ ! આ કોણ ?' એ વિચારે, જાણે ઘા લાગ્યો હોય તેમ ઝબકી ગયો.

પથારીની બીજી બાજુએ કરુણાની મૂર્તિ જેવી બહેન ઘોર શાન્તિમાં સુતી હતી. એકવાર ફરી એ કંઠમાંથી સાદ છુટયો અને સાથે ઘેનઘેરાં પોપચાં ઉઘડયાંઃ

' આપણે એક માનાં પેટ રે વીર વિક્રમસિંહ. '

卐

એ કાળી મેઘલીમાં ભૂતકાળની કહાણી ફરીથી મંડાઇ; થોડીવાર આંસુ, નીસાસા ને ડુસકાં સંભળાયાં. વખડાં ઘોળાયાં ને સોડય તણાઇ.

તણાઇ તે તણાઇ. કોઇ દિ' પાછી ન ખેંચાઈ.

તમારૂં નામ કોતરો

ધાતુની કોઇ ચીજ પર તમારૂં નામ કોતરવું હોય તો પહેલાં તે પર મીણ અથવા સાબુનું પાતળું અસ્તર કરી તેમાં પેન્સિલની ઝીણી અણી વડે તમારૂં નામ કોરો. પછી વરસાદના પાણીમાં થોડું મોરથુથુ ને ચપટી મીઠું નાખી એ મિશ્રણ એ કોરેલી જગ્યા પર પીંછી વડે ચોપડો. થોડી વાર પછી અસ્તર દૂર કરશો એટલે ધાતુ પર તમારૂં નામ કોતરાએલું જણાશે.



ઉ ગ તી પ્ર જા

યુવાનો અને રંગભૂમિ

'બહુ વરસ નથી થયાં. તે વેળા અમે કૉલેજમાં ભણતા. એ કાળે અમારા આયર્લૅંડના હાથપગ પર ઇંગ્લૅંડની જંજીરો ખખડતી; જેમાંથી અમારા પૂર્વજોએ પ્રેરણા પીધેલી તે અમારૂં જુનું સાહિત્યધન, અમારા તહેવારો, રાહરસમો ને પહેરવેશ સ્વત્વખોઇ અંગ્રેજી રૂપ ધરવા લાગ્યાં હતાં; અમારી પાઠશાળાઓમાં અમારી માતૃભાષાને તરછોડી અમારે અંગ્રેજી શીખવું પડતું.

અમારા દેશ પર ધીમેધીમે ચડી આવતા પાયમાલીના એ ભયંકર જુવાળનો ધુધવાટ અમારા જુવાન કાન પર અથડાયો અને અમે સચેત થયા. અંગ્રેજીને કોરે મુકીને અમે માતૃભાષાને અપનાવી. તેનું વ્યાકરણ અને કોષ સજીવ કર્યાં, તેના જુના સાહિત્ય પરની ધુળ ખંખેરી પ્રકાશમાં આણ્યું, ઉત્સવોમાં ચેતના પુરી, અને આ પ્રગતિથી લોકોને જાણીતા કરવા તથા આકર્ષવા અમે નાનીનાની નાટકમંડળીઓ ઉભી કરી સુંદર ને સંસ્કારી નાટકો લોકો આગળ ભજવતા ગામેગામ ફરવા લાગ્યા.

અમારાં નાટકો અમે જ લખતા. અમે જ પોશાક ને સીનસીનેરી તૈયાર કરતાં અને અમે જ નટો બની ભજવતા. નહોતી અમને ખાવાપીવાની, પૈસાટકાની, ઘરબારની કે ભવિષ્યની 'કરીઅર'ની ચિંતા. અમને તો માત્ર એક જ ધૂન લાગી હતી;—જનતાને જાગૃત કરવાની, તેને સંસ્કારવાની, સચેત કરવાની. અમારા નાટકોના મુદ્દા પણ એ જ હતા: સ્વદેશનું ગૌરવ, મહત્ત્વાકાંક્ષા ને મહત્તા, માનવતા ને પ્રભુતા.

અને તમે સાંભળીને અજબ થશો કે અમે માત્ર આંગળીને વેઢે ગણી શકાય એટલાં વરસોમાં ન ધારેલી સફળતા મેળવી. અમારાં નાટકો અત્યંત લોકપ્રિય થયાં, મધમાખોનાં ટોળાંની પેઠે જનતા અમારા તરફ આકર્ષાવા લાગી, અને રાષ્ટ્રીય અસ્મિતાની ભાવનાથી દેશ સળવળી ઉઠ્યો.'—ડૉ. કઝિન્સ

ગુજરાત કૉલેજની મ્યૂઝિકલ સોસાયટી તરફથી ગઈ તા. ૧૩મી ઑગસ્ટે મરાઠી 'એકચ પ્યાલા' નાટક પરથી તૈયાર કરેલું 'એક જ પ્યાલો' નામનું ગુજરાતી નાટક ભજવવામાં આવ્યું હતું. તેમના તરફથી જણાવવામાં આવ્યું છે તે મુજબ ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ આખું સંપૂર્ણ નાટક એમની કારકીર્દિમાં આ પહેલી જ વાર ભજવ્યું, એ બીના, કંઇ પણ આગળ કહેતાં પહેલાં ધન્યવાદ ને હર્ષ સાથે નોંધી લઇએ.

પણ પછી શું? અમે આશા રાખી હતી કે કૉલેજના વિદ્યાર્થીઓ તરફથી મળતું નાટક આપણી અધમ દશાએ પહોંચેલી રંગભૂમિનાં સામાન્ય નાટકો કરતાં સંસ્કારી અને ઉચ્ચ કોટિનું હશે. પણ એ આશા તો અમે નાટકનું નામ સાંભળ્યું ત્યારથી જ અરધી તો નષ્ટ થઇ હતી. માતા ગુજરાતી શું એટલી વંધ્યા થઇ ગઇ છે કે આપણે નાટકો મરાઠી પાસે માગવા જવાં પડે? અને તે પણ 'એક જ પ્યાલો' જેવાં, કે જે ત્યાંના સમાજને વધુ અનુકૂળ છે? જયા જયન્ત, રાઇનો પર્વત કે કાન્તા જેવાં ઉંચાં સંસ્કારી ગુજરાતી નાટકો કૉલેજના વિદ્યાર્થીઓ ભજવી બતાવી તેમના ઉન્નત ભાવની છાપ પ્રેક્ષકના મગજ પર મુકી લેખકોની કલમને ધન્ય કરી શકે એ અમારી આકાંક્ષા અહીં પણ બર ન આવી.

અને પછીની રહીસહી આશા નાટક જોયા પછી નાશ પામી. 'ઍક્શન' જે નાટકનો પ્રાણ તે તો જરા ય તેમાં ન જણાયું. ગમે ત્યાંથી ગમે ત્યારે શરૂ થતાં નિર્માલ્ય અને વચ્ચેપડતાં ગાયનો, આ હતભાગી દેશનાં રોદણાં પરનાં લાંબા લેક્ચરો અને નબળા અભિનય—એ બધાંમાંથી, ભાઇ જયન્તિ દલાલના એકધારા અને ઠીક સફળ નીવડેલા કામથી તથા ભાઇ જસવંત વૈદ્યના અભિનય (માત્ર)થી પ્રેક્ષકવર્ગ ખેંચાઈ રહ્યો ન હોત તો એ નિષ્ફળ નાટક કંટાળાભર્યું લાગત.

કૉલેજિયન એ આવતી કાલનો નાગરિક છે. તે—અને એક માત્ર તે જ ધારે તો આ ડુબતા દેશને તારી શકે છે. તેનામાં તાજું લોહી છે, દેશનું દર્દ સમજવાની ધગશ છે, જુવાનીનું જોમ છે, પ્રાણનો તેજસ્વી ચેતનતણખો છે. આ લેખને મથાળે ટાંકેલા ડૉ. કઝિન્સના શબ્દોમાં આયર્લૅંડની જનતાને નાટકોની પ્રવૃત્તિ દ્વારા જુવાનોએ કેમ ઉંચે લીધી તે બતાવ્યું છે; જાપાની જુવાનોએ તે જ કર્યું છે; જર્મન જુવાનો અત્યારે એ જ કરી રહ્યા છે; બંગાળના કૉલેજિયનો હમણાં જ ત્યાંની રંગભૂમિ સર કરીને તેનો સંસ્કારનો પલટો આપી રહ્યા છે, અને જુનો સડો દૂર કરી સમાજના પ્રાણને પ્રફુલ્લ કરવા મથે છે. એવે વખતે ગુજરાતના જુવાનો ક્યાં છે?

ગુજરાત કૉલેજમાં વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ

કૉલેજના અભ્યાસક્રમ સિવાયના કૉલેજજીવનને લગતી વિદ્યાર્થીઓની પોતાની સર્વ પ્રવૃત્તિઓ તેઓ જાતે જ સંભાળી લે અને સુવ્યવસ્થાની તાલીમ લે એવા હેતુથી અમદાવાદની કૉલેજમાં આ મંડળ પહેલી જ વાર બંધાયું છે. આ હીલચાલની પ્રેરણા આપનાર નવા પ્રિન્સિપાલ મિ. ફિન્લે શિરાઝ છે, જો કે તેમણે આખરી મંજુરીના હકો તો પોતાના જ હાથમાં રાખ્યા છે. આપણે આશા રાખીએ કે વિદ્યાર્થીઓ પોતાની શક્તિ સાબીત કરી આપી દરેક બાબતમાં આત્મનિર્ણયનો વિજય પ્રવર્તાવશે. ગયે વર્ષે પ્રિન્સિપાલ દીવેટિયાની કારકીર્દિ દરમિયાન દેશની સંસ્કૃતિને પોષક મેળાવડાઓ થયા હતા તેવા અથવા તે પ્રકારના બીજા કરવાની પ્રવૃત્તિ ચાલુ રાખવાનું આ મંડળ ભુલશે નહિ એવું પણ ઈચ્છીએ.

નવું સાહિત્ય

કિશોર (ત્રૈમાસિક) તંત્રીઓ: હર્ષદ પોપટલાલ મહેતા અને ભદ્ર અંબાલાલ યાજ્ઞિક; કિશોર સૈન્ય, તળિયાની પોળ અમદાવાદ. વાર્ષિક રૂા. ૨. 'યુવાનો તરફથી ચલાવતા યુવાનો માટેના આ ત્રૈમાસિક'ની અગાઉથી નીકળેલી જાહેર ખબર વાંચીને અમે જે આશા રાખેલી તે આ નવા ત્રૈમાસિક-નો પહેલો અંક જોઇને ફળી નથી. બીજા વિદ્વાનો અને મુરબ્બીઓ ઉપર તંત્રીસ્થાનેથી આરોપ મુકાયો છે કે તેઓ નાની વયના વિદ્યાર્થીઓ માટે કંઈ કરતા નથી, એટલે આ ત્રૈમાસિક કાઢવાની જરૂર જણાઇ છે. પણ આ ત્રૈમાસિકના અંગ્રેજી ગુજરાતી લેખો જોતાં તેમાંથી એ પ્રકારનું વાચન મળતું નથી. અને ઘણાં પાનાં તો બીજાં પુસ્તકોના ભારેખમ ઉતારા છે.

'કિશોર'નું આકર્ષક પુંઠું ચીતરનાર ઉગતા વિદ્યાર્થી ભાઇ મનોહર દેસાઇની કદરમાં તંત્રીએ બે લીટી લખી હોત તો એક ફરજ પુરી થઇ ગણાત. તંત્રીઓ ઉત્સાહી જણાય છે એટલે આ-વતા અંક વધુ આકર્ષક ને પ્રેરક જોવાની આશા રાખીને આ નવા ભાઇબંધને અમે ફતેહ ઇચ્છીએ છીએ.

સુરત જીલ્લાની ગાલ્લી



સાથેનું ચિત્ર સુરત જીલ્લાની ગાલ્લીનું છે. અમદાવાદ, ખેડા ને ભરૂચ જીલ્લાની ઉમ-ણીઓ કરતાં એનાં પૈડાં પાતળાં અને વજનમાં એ હલકી હોય છે, તેથી બળદને ખેંચતાં બહુ જોર નથી પડતું ને ઝડપથી ચાલે છે. ઘણી ગાલ્લીમાં કમાન નથી હોતી ત્યાં, હડદોલા ઓછા આવે તેટલા માટે અંદર પરાળ પાથરી ઉપર ગાદી નખાય છે. બળદને ગળે ઘુઘરા હોય છે, તેના રણકાથી બળદને થાક કૈંક ઓછો જણાય છે, અને ખાસ કરીને લાંબી મુસાફરીમાં તે હાંકનાર તથા બેસનારનો કંટાળો ઓછો કરે છે. સુરત જીલ્લામાં પોંખ, શેરડી અને કેરીગાળાના વખતમાં સગે-વહાલે જવાનો રીવાજ બહુ છે. એવે પ્રસંગે તથા લગ્ન પ્રસંગે આ ગાલ્લીઓનો ઉપયોગ ત્યાંના લોકો બહુ કરે છે.

ગાલ્લીની પાસે ઉભેલાં બૈરાંઓએ સાડીના કછોટા વાળેલા છે. સામાન્ય રીતે ગુજરાતી બૈરાંઓ છુટી પાટલીએ સાડી પહેરે છે. પણ ગામડામાં એ રીતે લુગડું પહેરવાને તેઓ 'મોગરા મુક્યા' કહે છે, અને એમનામાં કોઇ એમ પહેરે તો ચર્ચા થાય છે. આથી શહેરો વગેરે સ્થળે રહેનારાં બૈરાં પણ પોતાના વતનના ગામડે જતી વખતે સ્ટેશને ઉતરીને પાટલીનો આવો કછોટો વાળી લે છે. **સૌ. શાન્તાબ્હેન કવિ**

અમેરિકાની નારીદુનિયા

અમેરિકામાં જીવનની દરેક પગથીમાં સમાનતાનો જ મંત્ર ગુંજે છે. મતાધિકાર ઉપરાંત પદાધિકાર પણ અમેરિકાની સ્ત્રીઓ ભોગવે છે. યુનાઇટેડ સ્ટેટ્સના એક સંસ્થાનમાં ગવર્નરના પદે એક મહિલા બીરાજે છે. ડેન્માર્કના અમેરિકન એલચી તરીકે પણ હમણાં જ એક અમેરિકન લલના નીમાઈ છે. ખાણોમાં, કારખાનાંમાં, લશ્કરોમાં, એરોપ્લેનોમાં, રાજકીય સંસ્થાઓ અને રાજ્યવહીવટમાં, અદાલતોમાં, પ્રયોગશાળામાં, જ્યાં જુઓ ત્યાં સર્વત્ર સ્ત્રીને સ્થાન છે. ગયે વર્ષે ૬૩ હજાર ઉપરાંત સ્ત્રીઓ ત્યાં શિક્ષણકાર્ય કરતી હતી. શરતો, રમતગમતો, અખાડાઓ ને ક્રીડાલયોમાં પણ સ્ત્રીઓ ભાગ લે છે. સ્ત્રીઓ જીવન-કલહમાં પુરુષોની પડખોપડખ ઝઝુમે છે અને અબળા તરીકે નહિ પણ સબળા—શક્તિ તરીકે પુરુષ સાથે હક્કો ભોગવે છે. મર્દાનગી, હીંમત, સ્વાશ્રય, મધુરતા વગેરે ગુણો તેમનામાં તરી આવે છે. તેઓ ખંતીલી, ઉદ્યમી અને પ્રગતિપ્રિય હોય છે. ત્યાં 'ચાર ચોટલા મળી ઓટલા ભાગે' એમ બનતું નથી. તેમને રસોડું, ગૃહવ્યવસ્થા, બાળસંગોપન વગેરેનું સારૂં જ્ઞાન હોય છે. વિજ્ઞાનનાં સાધનો અને વાતાવરણ તેમના જીવનને હળવું, રસમય તથા પ્રફુલ્લ બનાવે છે. નારી ત્યાં દેવી કે પ્રેયસી છે. ગુલામ કે દાસી નથી. (સૌરાષ્ટ્ર)



માધુકરી

આરાધી ઘેરી જગઊર્મિઓને
ધીરી મધુરી રસજ્યોત માંડ;
નાના નવા જીવનમંદિરીએ
શ્રદ્ધાભર્યો તું પધરાવ પ્રાણ.
ત્યાં આરતી હો લઘુ ભાવનાની,
ચારિત્ર્યનાં શુભ્ર ચડાવ ફુલ;
ભાવો તણો બાળી અખંડ ધૂપ
હૈયાભર્યો તું પધરાવ પ્રાણ.

('કિશોર'માંથી) **દેશળજી પરમાર**

વીરાંગના તારાબાઇ

શ્રી રૂપે પરદાનશીન રજપુત જ્ઞાતિમાં જન્મ, અને તે પણ, સ્ત્રીઓની દુર્દશા જોઇ ઇશ્વરે પણ જે દેશનો ત્યાગ કર્યો છે તે ભારતવર્ષમાં. છતાં અદમનીય આત્મબળનો વિજય-ધ્વજ ફરકાવનારી એ વીરાંગના તારાબાઇ આજે આ દેશમાં ઘેરઘેર જાણીતી છે. યૂરોપમાં એની જયઘોષણા 'ઇન્ડિયન લેડી સૅમ્સન' કે 'એશિયાઝ વૂમન હર્ક્યુલિસ 'ને નામે થઈ છે. આ સર્વ શાનો પરિણામ ?

અત્યારે શ્રીમતી તારાબાઇનું વય ૩૬ વર્ષનું છે. ગૌર શરીર, પ્રતાપી મુખમુદ્રા અને તેજસ્વી નયનોમાં આર્યત્વનું અભિમાન અને જગતના માતૃત્વનો વિજય પ્રકાશી રહે છે. વર્ષોના પ્રયત્ને, શારીરિક નિર્બળતા અને સ્ત્રીસ્વભાવસુલભ ભીરુતા ઉપર એમણે પ્રભુત્વ મેળવ્યું છે; મધ્યમ કદના બાંધાથી, પુરુષવર્ગને પણ અશક્ય એવી શક્તિનો સંચય કરી 'પુરુષાર્થ 'નું મહત્ત્વ દેખાડ્યું છે.

માબાપનું સત્ત્વ બાળકમાં ઉતરે છે, માબાપનું શારીરિક ધન બાળકનું કલેવર ઘડે છે, આ સામાન્ય નિયમ તારાબાઇના જીવનમાં અફળ નીવડેલો. સુદૃઢ માતાપિતાનાં શરીરનો વારસો તારાબાઇને મળ્યો ન હતો. માતાના ગર્ભાશયમાં માત્ર છા મહીના વાસ કરી આ વીરાંગનાએ અજમેરમાં જન્મ લીધો. અગિયાર વર્ષમાં તો માતાપિતા ગુમાવ્યાં. પણ જગતની દૃષ્ટિએ નિરાધાર અને નિર્બળ શરીરવાળી આ બાળાનું મનોબળ ભયંકર હતું. ખ્વાજા પીરના મેળાના પ્રસંગે વડોદરાથી પ્રો. માણેકરાવની જુમ્માદાદા વ્યાયામશાળાની એક ટુકડી અજમેર ખેલ કરવા ગએલી. તેનાં વ્યાયામનાં વિવિધ અંગોનું પ્રદર્શન જોઈ તારાબાઈના અંતઃકરણમાં મહત્ત્વાકાંક્ષાનાં બીજ રોપાયાં. એ જ સમયમાં પિતા રૂપે પાળનાર એક સાધુપુરુષનો એમને સમાગમ થયો. એમની પાસેથી તારાબાઇએ આસનાદિ અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો. પછી વડોદરે આવી જુમ્માદાદા વ્યાયામશાળામાં જોડાયાં. વ્યાયામના વ્યાસંગથી શરીર અને મન કેળવાવા લાગ્યાં, વજન ઉપાડવાની શક્તિ પણ વધવા લાગી અને સાથેસાથે સ્ત્રીત્વનો પણ વિકાસ થવા લાગ્યો.

એક શુભ દિને એમણે પ્રજા આગળ પોતાના બળની પરીક્ષા કરાવવાનો પ્રયત્ન આદર્યો. હૈદરાબાદમાં એમણે બલયજ્ઞ આરંભ્યો. શરૂઆતમાં તો એ માત્ર ૮૦ શેર ઉપાડતાં. પણ પ્રયત્ન, અભ્યાસ અને સંકલ્પબળથી ૨૪૦ શેર સુધી વજન ઉપાડવાની શક્તિ પ્રાપ્ત કરી. ભારતવર્ષના એક છેડાથી બીજા છેડા સુધી અનેક રીતે પોતાના ગૌરવનો પરિચય એમણે આપ્યો અને જનતા મુક્ત કંઠે એમનાં યશોગીત ગાવા લાગી.

પાંચ વર્ષ ઉપર એમણે ગૃહસ્થાશ્રમની દીક્ષા લીધી. પુત્ર-રત્નની પ્રાપ્તિ અને એનું અકાલ અવસાન એ એમના જીવન-માં દુર્ઘટ પ્રસંગ છે. હવે સર્કસના જીવનથી મુક્ત થઇ આ આર્ય બાળાનો વિચાર આદર્શ ગૃહસ્થાશ્રમ પાળી દેશસેવા કરવાનો છે.

એમના શરીરબળના અદ્ભુત પ્રયોગો અનેક છે. ભરેલા ગાડાને ભાલો ટેકવી, એની અણીએ પોતાનું માથું અડકાડી આખા ગાડાને ઠેલવું; માથાના વાળ વડે ભરેલું ગાડું ખેંચવું, પાંચ ભાલા પર સુઇ જવું ને છાતી ઉપર ભારે વજનનો પત્થર રાખી એને હથોડાથી ભંગાવવો—આ તો માત્ર નમુના રૂપ છે. એમની ખરી શક્તિનો પરિચય તો એમના કાર્યને જોવાથીજ આવે. એમણે મેળવેલું સામર્થ્ય અદ્વિતીય છે,–આ દેશમાં તો ખરેખર. અજબ મનોબળ ધરાવતી આ અબળાના દર્શનમાત્રથી અનેક પુરુષ નામધારી વ્યક્તિઓનાં ગાત્ર શિથિલ બની જાય એમ છે.

બદમાશો અને નરાધમોના હાથમાં ફસાતી, નિઃસહાય બની સ્વત્વનો નાશ વહોરી લેનારી અને પ્રકૃતિના પ્રકોપનો

ભોગ થનારી આપણી સ્ત્રીઓને તારાબાઇ કેટલું શીખવી શકે તેમ છે ?

હરિનારાયણ આચાર્ય

આત્મરક્ષી અબળાઓ

ગિરીશચંદ્ર ઘોષ રાજારામપુર (બંગાળા) માં ધનાઢ્ય ગણાય. ગયા માર્ચની ૧૯મી તારીખે દિવસ આથમ્યે ગિરીશ બાબુ બહાર ગયા. એમનાં પત્ની પરસાળના ઓટા પર બેસીને બાળકોને રમાડતાં હતાં. એવામાં કેટલાક શસ્ત્રધારી માણસો મકાનના કમ્પાઉન્ડમાં દાખલ થયા. ગિરીશ બાબુની સ્ત્રીને કંઈક શક પેઠો, એટલે એમણે છોકરાંને ઘરમાં ધકેલી, બારણું વાસવા માંડ્યું. સાચે જ એ તો લુટારા હતા. બારણું બંધ થતું દેખીને એમણે દોટ મેલી અને બાઈ આગળો વાસે તે પહેલાં તો ચાર મજબુત બદમાશોએ બારણા ઉપર એક સામટો હલ્લો કર્યો.

અંદર એકલી નિરાધાર સ્ત્રી અને બહારથી ચાર મજબુત આદમીઓ બારણાં જોરશોરથી હડસેલે ! આણીના વેળાએ એ બંગ રમણીએ ચંડિકાનું સ્વરૂપ ધર્યું. તે આગળો તો દઈ ન શકી, પણ પાંચદસ મિનિટ સુધી પેલા લુટારાના જોર સામે ટક્કર ઝીલી એણે બારણું ખુલવા જ ન દીધું. બંને બાજુ જોરના પ્રયોગ થયો. એવામાં બંધ થતાં અને પાછા ખુલતા બારણાંની તરડમાં એક લુટારાએ મોટો બંદુકીઓ સેરવી દીધો. તે દબાતા વેંત તોપની મિસાલે ફાટ્યો અને અંદરની વીરાંગનાનું મોં બળી ગયું. બાઇ ગભરાઇ. એને બાજી મારી જતી લાગી. ચારચાર બહારવટિયાના હડસેલા સામે એને પોતાનું જોર ખુટતું તુટતું ભાસ્યું. બારણું જરા ઉઘડ્યું. હમણાં જ આખું ખુલી જશે ! શું થાય ? મદદનીશ કોઈ ન મળે ! એક લુટારાએ ખુલતાં બારણામાં હાથ નાખ્યો.

તરત જ છવ પર આવેલી સ્ત્રીને વીજળીની જેમ વિચાર સુઝ્યો. એણે પોતાનું સમગ્ર બળ એકઠું કરીને બારણું ભડાક કરતું ભીડી દીધું. લુટારો જોર કરતો રહ્યો અને બાઇએ તો આગળો ચડાવી દીધો. પેલાના ચાર આંગળા બારણામાં સલવાઈ રહ્યાં, ચેપાઇ ગયાં. લુટારાઓને બીક લાગી. ગિરીશ-બાબુ આવશે તો ! એમણે તો બળ કાઇદઇને સપડાએલા સાથીને ખેંચવા માંડ્યો. પેલાનાં આંગળાં તુટુંતુટું થઈ રહ્યાં. બળતરાની અને વેદનાની એણે ચીસો નાખવા માંડી. બધા જોર વાપર્યા અને એક જબ્બર આંચકો માર્યો. ચારે ય આંગળાં તુટી ગયાં: બારણામાં ભરાઇ રહ્યાં ! લુટારા નાઠા.

એ આંગળાંની ઓળખાણ પરથી પાસેના ગામના ધનાઢ્ય જમીનદારનો છોકરો આ લુટારૂ ટોળીના અગ્રણી તરીકે પકડાઈ ગયો.

બંગાળાની મોગલસરાઇ રેલવે રાત્રિની સમશમાકાર શાન્તિમાં હાવરા તરફ સુસવાટ કરતી દોટ્યે જતી હતી. ત્રીજા વર્ગના સ્ત્રીઓના ડબ્બામાં માત્ર એક મારવાડી બાઇ પોતાના બાળકને ગોદમાં લઇ ઉંઘતી હતી. બરદ્વાન સ્ટેશન મુકીને ગાડી આગળ ચાલી. હજુ તો એક માઈલ દૂર નહિ ગઇ હોય, એટલામાં ચાલતી ટ્રેને ત્રણ લુટારા ગાડી પર ચડી ગયા. રાતના બે વાગ્યા હશે. ત્રણે ય બદમાશો એકલદોકલ બાઇના ડબ્બામાં દાખલ થયા. નવીન ખડખડાટ સાંભળીને તેની ઉંઘ ઉડી ગઇ. પણ આંખો ચોળીને તે ઉઠે તે પહેલાં તો લુટારાઓએ એના ગળામાંથી હીરામોતીનાં ઘરેણાં ઝુંટી લીધાં.

બાઇ તો સફાળી બેઠી થઈ. લુટારાઓએ મારી નાખવા ધમકી આપી. ત્રણ વિકરાળ ધાડપાડુ સામે એકલી મારવાડણ ! છતાં એણે એક લુટારાને ઝપટમાં લીધો. એ લોઢાનો ટ્રંક નીચે ફેંકવા જતો હતો. બાઇએ તેને કેડેથી પકડી નીચે પટક્યો. સ્ત્રીપુરુષ વચ્ચે ભયંકર બાથંબાથા ચાલી. ખુલ્લા બારણા આગળ બંને ઘસડાયાં. લુટારાએ એ બહાદુર મારવાડણને નીચે ફેંકી દેવા પ્રયત્ન કર્યો. મારવાડણે લુટારાને ફેંકવા છેલ્લી વેળાની પ્રચંડ મહેનત કરી જોઈ. એકબીજાની વજ્રબાથમાં લુટારો અને સ્ત્રી બંને, બારણામાંથી નીચે ઉછળી પડ્યાં. બાળક ચીસો નાખતું રહ્યું. ટ્રેન તો ચાલ્યે જ જતી હતી. નીચે પડતાં વેંત જ એ બાઇનો અને લુટારાનો પ્રાણ ઉડી ગયો.

રામનગર (બંગાળ)માં ગયા એપ્રિલ માસની એક મેઘલી રાત્રે ૨૦ ધાડપાડુઓ કૃષ્ણકુમાર સાહાના ઘર ઉપર ત્રાટક્યા. કૃષ્ણકુમાર ઘર બહાર નીકળીને ગામનાં માણસોને મદદે બોલાવવા દોડ્યો, ત્યાં તો બાજુના ઘરમાંથી કોઈ બાઇ બેપાંચ જબ્બર ડાંગો લઇને નીકળી. એની પાછળ ત્રણ ગોવાળ નીકળ્યા. એ બાઇનું નામ હેમલા ગોપિની. ગોવાળોની તે વિધવા બહેન થાય. એણે પોતાના ભાઇઓના હાથમાં અકેક ડાંગ સોંપી હાકલ દીધી કે 'માટી થઇને માંડો લાકડીઓ ઝીંકવા.' ત્રણ ગોવાળોએ પેલા વીસ બદમાશો ઉપર લાઠીની રમઝટ બોલાવી. દરમિયાન કેટલાક હરામખોરો આજુબાજુ-થી બધી બત્તીઓ ઉઠાવી ગયા. ઘોર અંધારામાં દેકારો બોલ્યો.

તુરત જ હેમલા ગોપિનીએ ઝરટ કરતો સાળુ ફાડીને ઘ્યાસતેલમાં બોળ્યો અને લાઠીને છેડે વીંટાળી દીવાસળી મુકી, મશાલ ચેતાવી એણે ભાઇઓને હીંમત આપી કે 'પાછા હઠશો મા.' આટલું કહીને તેણે ઘરમાં દોટ દીધી ને અંદરથી ત્રણ ભાલા લઇ આવી. પોતાના ભાઇઓને તે હથિયાર સોંપીને એણે વળી પાછું એમને શૂર ચડાવ્યું. ત્રણ મરણિયા ગોવાળો વીસ લુટારા ઉપર તુટી પડ્યા, અને બીજાં માણસો મદદે આવે તે પહેલાં તો તેમને ભાલાં ભોંકાભોંકીને નસાડી મુક્યા. એક લુટારો ભાલાથી વીંધાઇને પડ્યો, બીજા રફુચક થઈ ગયા. હેમલાની હાજરીએ અને નીડર બુદ્ધિએ આખા ગામને લુટાતું બચાવી દીધું. બંગાળની સરકારે આ વીરાંગનાને ત્રણસો રૂપિયાનું અને તેના દરેક ભાઇને દોઢસો દોઢસોનું ઇનામ આપ્યું.

મોરબી નરેશ સ્વાજી ઠાકોરના એક રજપુત સામંત હતા. ઘેર જુવાન રજપુતાણી. એકાદશીનો દિવસ છે. રજપુતાણીના

ઓંમાં ઉપવાસ છે. પતિ નોકરી પર પધાર્યા છે. સાસુજી રાજ્યના રાણીવાસમાં રોકાયાં છે. સૂર્યાસ્ત થઇ રહ્યો છે તેવે ટાણે, ભુરી જટાવાળા ભભુતધારી ચાર અવધૂતો આલેક, આલેકના અવાજ દેતા મોરબીની બજારમાં આંટા મારે છે. લોકો એ જોગંધરોના પ્રભાવમાં અંજાય છે. ઉપવાસી રજપુતાણીએ બાવાનો આલેક સાંભળ્યો. એને યાદ આવ્યું કે ઘરમાં ફળાહાર પડયો છે, તે સાધુઓને મોઢે મલે જાય. એણે બાવાઓને પોતાની ડેલીમાં બોલાવ્યા. થાળી ભરીને ફળમેવો દીધાં. વળી યાદ આવ્યું કે હજુ વધુ મેવો મેડી પર પડયો છે. ભલે બીચારી ચારે સાધુમૂર્તિઓ સંતોખાય. 'ઉભા રહેજો' કહીને બાઇ ઉપર ગઈ. પલકમાં પાછી આવી. ફળ પધરાવ્યાં. અંધારૂં થઈ ગયું. બાવા ચાલ્યા ગયા. પણ રજપુતાણી તો વિચારતી જ રહી. ચારમાંથી ત્રણ કેમ થઈ ગયા! કે શું હું જ ભુલી? ઘરને ચારે ખુણે જોઈ વળી. કોઇ ન મળે. પણ શંકા ન ટળી.

રાતે ઠાકોર ઘેર આવ્યા. રજપુતાણી, ઝટ વાળુ આપો. આજ રાતે મચ્છુને સામે કાંઠે ચોકીએ જવું છે. ઠાકોર, આજની રાત રહેવા દો. મને વહેમ પડયો છે. એમ કહી બાવાની વાત કહી. અરે ગાંડી, હું સ્વામીની મુછનો વાળ: મારા ઘરમાં કોણ સંતાય? જીવતાં ચામડી ઉતારૂં. તું રજપુતાણી થઇને મનમાં ભુતથી ભડકી! રજપુતાણી શરમની મારી બોલી નહિ. સ્વામી ચાલ્યા ગયા. બારણા બંધ કરી રજપુતાણી મેડીએ ચડીને થડકતે હૈયે સુતીસુતી રામાયણ વાંચવા માંડી.

અધરાત જામી અને નીચેના ઘરના કમાડ પાસેની કોઠીમાંથી બાવો નીકળ્યો. બીલાડીને પગલે મેડી ઉપર ગયો. એક જ છલંગે બાઇની છાતી ઉપર! ઝોળીમાંથી જમૈયો ચકમકે છે. બોલ, ચાવી કયાં છે! ઘરેણાં કાઢ. રજપુતાણી ચેતી ગઈ. દાગીના કાઢીને ઢગલો કર્યો. હવે, તારા ધણીને જમાડયો તેમ મને ય રાંધીને જમાડ. બાઇએ રાંધ્યું. જોગીને જમવા બેસાડયો, આગ્રહ કરીકરી, સોગંદ દઈદઇ, હેત ઢોળીઢોળી અતિથિને આરોગાવ્યું. અચાનક બાઇના આત્મામાં અજવાળું થયું. ઘીનું બકડિયું ચુલા પર ફકફકતું હતું તે ઉપાડયું. એ સુંદરીના રસોઇ જમવામાં, અને ક્ષણ પછીની સુખસેજના સ્વપ્નામાં મશગુલ બનેલા રાક્ષસના મોં પર જોરથી ઘીની ઝાલક દીધી ને જોગીના આંખોનાં રતન બહાર કાઢી નાખ્યાં. પલકમાં તો દીવાલેથી તલવાર ઉપાડી ને જોગી ઉભો થાય ત્યાં તો એક ઘા ને બે કટકા!

પ્રભાતે સ્વામી ઠાકોરે રજપુતાણીને ઈનામ આપ્યાં.

કૃષ્ણા બે વરસ પહેલાંની આ વાત છે. કાઠીઓના ગામ બીલખાની ચોમેર બહારવટિયાની ફેં ફાટતી. બાજુના ગામડાની કોઈ કોળણ એ બદમાશોને હાથ પડી. હરામખોરોએ જબરદસ્તી આદરી. પાંચદસ બહારવટિયા સામે કોળણે સામનો કર્યો. મારામારી થઇ. કોળણ તો ખપ્પર જોગણીની જેમ ઝુઝી. આખરે એક જણે બંદુક છોડી. કોળણના પેટમાં ગોળી પેસી ગઇ. તેને મરી ગએલી સમજી બહારવટિયા નાઠા. પણ કોળણે તો પેટે પાટો બાંધ્યો અને પહોંચી બીલખાના થાણામાં. ફરિયાદ નોંધાવીને હરામખોરોની ઓળખાણ આપ્યા પછી જ એનો આતમરામ ઉડી ગયો. (સૌરાષ્ટ્ર)

નિર્ભયા સિંધ દેશમાં થરપારકરને સીમાડે સંગહાર નામે ગામ આવેલું છે. રણને કાંઠે એકલા અટુલા ઉભેલા એ ગામને છેડે જ્યાં વસ્તી આછેરી હતી ત્યાં એકલડોકલ એક ઘરમાં, ગયાં અષાડની સુદ પાંચમની રાત્રે બે વાગ્યે બે બુકાનીધારી સિંધી દાખલ થયા. ઘરમાં માત્ર ત્રણ સ્ત્રીઓ ઘસઘસાટ ઉંઘતી હતી.

બંને જણ ઘરમાં ઘુસ્યા અને તાળાં તોડી દરદાગીના ઉપર હાથ માર્યો. જે કંઇ હાથ આવ્યું તેનું પોટકું વાળી બંને જણ પાછા બારણા સુધી આવ્યા. દૂર ખુણામાં સુતેલી સ્ત્રીઓ કંઈક સંચાર સાંભળી ઝબકીને બેઠી થઇ ગઇ. ત્યાં તો સામે બારણામાં જ જમદૂત સમા બે વિકરાળ લુટારાને જોયા! એક જણે લાઠી ઉગામી અને બીજાએ દીવાના પ્રકાશમાં નગ્ન ખંજર ચમકાવીને ત્રણે ય સ્ત્રીઓને ચુપકીદી પકડવા ધમકી આપી. જીંદગીભરની કમાણી આમ પળવારમાં લોપાતી જોઇને સ્ત્રીઓનાં હૃદય કંપી ઉઠયાં. એમણે 'દોડો દોડો'ની કારમી ફરિયાદ કરી. એ પોકારના જવાબમાં બંને લુટારાઓ ખડખડાટ હસ્યા અને એક જ કુદકે ફળીમાં જઈ ઉભા. એ ઉજ્જડ વિભાગમાં સ્ત્રીઓની ચીસ હવામાં મળી ગઈ.

પણ બીજી જ પળે કછોટા મારીને ત્રણે ય ફળિયામાં આવી; અને જેવા લુટારા વંડી ઠેકવા જતા હતા તેવા જ તેમના ટાંટિયા પકડી નીચે પટકયા. જાન પર આવેલા હરામખોરોએ બેઠા થઇને ત્રણે ય નિઃશસ્ત્ર સ્ત્રીઓ ઉપર હલ્લો કર્યો. એક જણે આગળ ઉભેલી સ્ત્રીની કાંધ ઉપર લાઠીનો પ્રચંડ ફટકો લગાવ્યો. એ પડી—પડી એવી જ બેઠી થઇ અને વકરેલી વાઘણની જેમ પેલા નરપિશાચને બાઝી. સામે સ્ત્રી અને એના ઉપર લાકડીઓની બડાઝુટ બોલાવતો પડછંગ કૌવતવાન લુટારો! લાકડીના પ્રહારોને નહિ ગણકારતાં આ વીરાંગનાએ લુટારાને વળગી વળગીને પીંખવા માંડયો. ઘુસ્તાં, બાચકા, થપાટ, મુક્કી, પાટુ એવી કંઇકંઇ રીતિએ લુટારાને ઓણે ટીપ્યે રાખ્યો અને વાંસાપર, હાથપર, પીઠપર, એની લાકડીના ઘાવ ઝીલ્યે રાખ્યા.

દરમિયાન બીજીને શૂર ચડયું. એણે પણ પોતાની બહેનની વહારે દોડીને લુટારા ઉપર આક્રમણ કર્યું. બંનેએ મળીને એની લાઠી ઝુંટવી લીધી. એવામાં બીજો લુટારો પોટકું લઇને ફરી વાર વંડી પર કુદ્યો. ત્રીજી સ્ત્રી ત્રાટકી. લુટારાએ પાછા વળીને ઝુલ્લા ખંજરનો ઘા એ સ્ત્રીની છાતીમાં ઝીંકયો. જેમ નાગણ વળાક લઇને શીકોટો નાખે તેમ આ વીર રમણીએ જમૈયાનો ઘા ચુકાવીને લુટારાની ગળચી પકડી. ફળીને એક છેડે એક લુટારા સામે બે સ્ત્રી, અને આ છેડે બીજા જમૈયાધારી

બદમાશ સામે એકલી વીરાંગના! આ વિષમ દ્વન્દ્વયુદ્ધ ખુબ ખુબ ચાલ્યું. જોતજોતામાં આ બાજુની સ્ત્રીએ લુટારાનો હાથ મરડીને ખંજર ઝુંટવી લીધું અને પછી લુટારાના નાક પર એક પ્રચંડ મુક્કી લગાવી તેને ચત્તોપાટ નાખી દીધો. પેલી બંને સ્ત્રીઓ પોતાની બહેનને ખંજરધારી લુટારા સામે એકલી ઝુઝતી દેખી જરા શિથિલ પડી- એમાંની એક બહેનપણીની વહારે દોડી. એટલામાં તો જરા મોકળો બનેલો એ લુટારો વંડી ઠેકીને જીવ લઇને નાઠો. ચત્તોપાટ પડેલો બદમાશ પાછો બેઠો થયો અને અણીની વેળા આવી લાગી સમજી, જીવનમરણનો અંતિમ જંગ ખેલવા લાગ્યો. પણ હવે તો એકને બદલે ત્રણ વાઘણો એના પર ત્રાટકી. પાંચ મિનિટમાં તો એનું જોર ખુટી ગયું, એનાં ગાત્રો ઢીલાં પડયાં અને ત્રણે જણીએ મળીને એને પાંચવડિયાં બાંધી લીધો.

પુરા અરધા કલાક સુધી મચેલી આ ધમાચકડીને અંતે પણ ગામમાંથી કોઇએ અવાજ ન સાંભળવાથી સ્ત્રીઓને રાત્રે કોઇ પણ આદમીની મદદ મળી નહિ. પકડાએલા લુટારાને મુસ્કેટાટ કરી લીધા પછી ત્રણે ય બહેનોએ એકબીજીના ઘાવ ધોઈ પાટાપીંડી કરી. સવારે ગામના લોકો એમને આંગણે આવ્યા ત્યારે ખંજર અને બંદીવાન લુટારાને દેખી દિગ્મૂઢ બન્યા. બંદીવાન લુટારો પોલિસને સુપ્રત થયો, અને એણે આપેલા પત્તા પરથી એના ભયંકર સાથી ગિરફતાર થયો. થરપારકરનાં ગામડાંઓમાં વર્ષોથી લુટફાટ ચલાવતા બે ભયંકર નામચીન લુટારૂઓને બહાદુર સ્ત્રીઓને હાથે પરાજીત બનેલા સાંભળી સિંધની પ્રજા આજે પણ અચરજમાં ગરકાવ થાય છે.

(સૌરાષ્ટ્રમિત્ર)

અબ્દુલ કરીમ



સ્પેન અને ફ્રાન્સના એકત્ર બળ સામે મહીનાઓ સુધી મરણિયા થઇને ઝઝુમનાર, રીફોનો બહાદુર સરદાર અબ્દુલ કરીમ આખરે દુશ્મનોને શરણે ગયો છે: અને સર્વ દેશોના મરણિયા, સ્વાતંત્ર્યવાદી લોકનાયકોના હંમેશા જે ફેંસલો થતો આવ્યો છે તે મુજબ! એ બહાદુર રીફ સરદારને પણ ફ્રાન્સની સરકારે, રિયૂનિયન નામના એકાંત ટાપુમાં કેદ કર્યો છે. એ ટાપુ માડાગાસ્કર અને મોરિશ્યસની વચ્ચે દક્ષિણ હિંદી મહાસાગરમાં આવેલો છે. યૂરોપના નેપોલિયનનું કેદનું સ્થાન સેંટ હેલીના ટાપુ દક્ષિણ આફ્રિકાની પશ્ચિમે જેટલે દૂર છે, તેટલો જ પૂર્વ દિશામાં રિયૂનિયન આવેલો છે અને ત્યાં રીફ લોકોના શૌર્યની જીવન્ત મૂર્તિ સમો આ 'આરબોનો નેપોલિયન' હડસેલાયો છે.

યૂરોપિયન સત્તાઓના વિશાળ બળ સામે પોતાનાં અધુરાં સાધન તથા અશસ્ત્ર અને અવ્યવસ્થિત સેના વડે એક નાનુંશું સ્વાતંત્ર્યપ્રેમી ટોળું કેવી રીતે ઝઝુમી શકે, એમને પોતાના બાહુબળનો કેવો સ્વાદ ચખાડી શકે છે એનું પાંચ વર્ષ સુધી મુસલમાન આલમને અને એશિયાને અબ્દુલે જ્વલંત દૃષ્ટાંત પુરૂં પાડયું છે. એણે સ્પેનને સમુદ્રમાં ભગાડયું, અને વરસ કરતાં વધુ મુદત સુધી ફ્રાન્સને હંફાવ્યું. છેલ્લી વખતે ફ્રાન્સ પાસે મોરોક્કોમાં ૧,૫૦,૦૦૦ અને સ્પેન પાસે ૧,૧૦,૦૦૦ સૈન્ય હતું. પણ શૂરવીર કરીમ! આ રાક્ષસી બળ સામે પોતાની માતૃભૂમિનું રક્ષણ કરવા એ બહાદુર રીફ સરદાર પાસે કેવળ ૫૦,૦૦૦ લડવૈયા હતા, અને જ્યારે શરણે થયા ત્યારે તો માત્ર ૫,૦૦૦ જેટલા સૈનિકો હતા. આવા પ્રચંડ સેનાબળ સામે અબ્દુલે ભીડેલી બાથ આ યુગના ઇતિહાસમાં વીરતાનો એક અપૂર્વ કિસ્સો ગણાવો જોઇએ. જેને ફ્રાન્સ કેવળ એક પહાડી ટોળીનો સરદાર ગણે છે તેને શરણે લાવતા ફ્રાન્સને માત્ર ૩૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનું પાણી કરવું પડયું છે! યૂરોપનાં સત્તાભુખ્યાં રાષ્ટ્રોની રાક્ષસી તૃષ્ણાનું આથી વધુ સારૂં પ્રમાણ ન જડે.


પશ્ચિમ યૂરોપનાં સત્તાધીશ રાષ્ટ્રો અને અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો—તમામ જગતની પછાત પ્રજા ઉપર શાસન ચલાવવાનો જાણે દૈવી હક્ક જ ન ધરાવતાં હોય એવી વાતોથી આપણે ટેવાઇ ગયા છીએ, એટલે અબ્દુલના આ પરાજયમાં આપણને ભયંકર ભાવિના ભણકારા નથી સંભળાતા. પરંતુ કરીમની હારના પરિણામે આજે ફ્રાન્સ અને ગોરી પ્રજાઓની પ્રતિષ્ઠા એશીઆઇ આલમમાં વધે છે—એમના આધિપત્યનાં મુળિયાં ઉંડાં જાય છે, એ એશિયાની પ્રજાના લક્ષ બહાર રહેવું ન જોઇએ. ફ્રાન્સ આજે અબ્દુલ કરીમને પાંજરામાં પુરી ભલે રાખે. જનાવરોના સંગ્રહસ્થાનોમાં સિંહને પીંજરે પુરનાર સિંહની જાતને નાબુદ નથી કરી શકયા. બહાદુર અબ્દુલ કરીમનો આત્મા આજે આખા પૂર્વના મુલકમાં પશ્ચિમના શાહીવાદ સામે, ગોરાઓના આધિપત્ય સામે પોકારી રહ્યો છે, પૂર્વની પ્રજાને પ્રેરણા અને ચેતવણી દઇ રહ્યો છે. જોન ઓફ આર્કને જીવતી બાળનારી પ્રજા આજે તેના શૌર્યની કદર કરે છે—તેની વીરતાને પૂજે છે! વીર અબ્દુલને પણ પશ્ચિમ એક વખત એવી પૂજા દેશે. પણ આપણું તો આજે જ એને એ અર્ઘ્ય હો!

(પ્રસ્થાન)

મુસ્લીમ સંત અબુ હનીફાને વિષે કહેવાય છે કે એક વખત તે પોતાના મુરીદોને નમ્રતા ઉપર ઉપદેશ દેતા હતા એવામાં કોઇ જડસાએ એમને તમાચો માર્યો. અબુ હનીફાએ જવાબમાં એને કહ્યું કે 'હું વેર લેવા ઈચ્છતો હત તો તને થપ્પટને બદલે થપ્પડ મારત: હું વિશ્વાસઘાતી થવા ઇચ્છત તો તને ખલીફ આગળ ખડો કરત; પણ હું તો એ જ ઈચ્છું છું કે ક્યામતને દિન ખુદા મને તારી સાથે સ્વર્ગમાં દાખલ કરે.

ખીલો કેમ બેસાડવો ? લાકડા કે ભીંતમાં ખીલો ઠોકતી વેળા, શરૂઆતથી જ તેના પર જોરથી ઘા કરશો તો ખીલો કુશ્પીને ત્રટકી જશે. પહેલા તો હળવેથી ટપારી તેને અંદર બેસાડી દેવો અને પછી જોરથી ઠોકવો. લાકડું બહુ ચીકણું કે કઠણ હોય તો ખીલાની અણી તેલમાં બોળી લેવાથી તરત બેસશે. ખીલો આખો યે અંદર પેસી ગયા પછી તેના પર છેલ્લા ઘા પણ જોરથી ન કરવા જોઇએ. એથી ખીલો સહેજ પાછો કુદ્પી આવે છે, ને તેથી ઢીલો પડી જાય છે.

દીવાસળી હવાઇ ગઈ હોય તો એને માથાના વાળમાં થોડીવાર ઝપાટાબંધ ઘસીને વાપરજો: સળગશે.



ઉપલા ચિત્રમાં A B લીટી, A C લીટી કરતાં મોટી લાગે છે, પણ ખરૂં જોતાં તે બંને સરખી જ છે; માપી જોજો. છતાં નાનામોટી કેમ દેખાતી હશે ? આપણી આંખ ઘણીવાર આપણને આમ છેતરે છે.

છોકરો—બાપા, મને નગારૂં અપાવશો?


બાપ—એટલે, તું તો પછી આખો દહાડો અમારા કાન જ ફોડી નાખે !

છોકરો—ના બાપા, તમને હરકત નહિ કરૂં. તમે ઉંઘી ગયા હશો ત્યારે જ માત્ર વગાડીશ !

અગરબત્તીને સળગાવતાં પહેલાં તેના પર સહેજ ભીનો હાથ ફેરવજો; એથી તે ધીમેધીમે બળશે ને વધુ વાસ આપશે.

ઇટાલીની સરહદ પર આવેલા એક જમીનના ટુકડા માટે ઇ. સ. ૧૩૨૭ની સાલમાં નોંધાએલા એક દાવાનો ચુકાદો હમણાં ૧૯૨૬માં (ઠેઠ છસ્સો વર્ષે) ત્યાંની અપીલ કોર્ટે આપ્યો છે કે બંને પક્ષે એ જમીન અરધે હિસ્સે વહેંચી લેવી !

દોરડાંની કેટલી જાતની ગાંઠો વળી શકે તેની તમને ખબર છે? આ નીચે બે સાદા નમુના આપ્યા છે. બીજા હવે પછી.



ભીની માટી કે ગાર વડે ઘરમાં લીપતી વખતે ઘણીવાર ઝીણી કાંકરીઓ તથા મેલ નખમાં ભરાઇ જાય છે. એ અટકાવવા, લીપવું શરૂ કરતાં પહેલાં પોચા સાબુમાં નખ ભરાવી તેના માવા વડે નખને ભરી લેવા. કામ થઈ રહ્યા પછી હાથ ધોઇ નાખવા. આથી નખમાં કંઈપણ ભરાતું અટકશે, ને સાબુ ધોવાવાથી નખ ચોખ્ખા પણ થઈ જશે.

આપણી નાનીનાની ચિંતાઓને આપણે જો ભુલી જઇએ તો તેઓ એની મેળે અદ્દશ્ય થઈ જાય છે.● આપણા જોડા કે છત્રીઓની પેઠે સ્તો !

કાચ તથા ચીનાઇ માટીનાં વાસણની કસોટી કાઢવાનો એક રસ્તો છે. એક મોટા તપેલામાં ઠંડું પાણી ભરી તેમાં કાચનું વાસણ મુકો. પછી તપેલાને આકા તાપ પર મુકી પાણીને ધીમેધીમે ગરમ થવા દો;—તે ઠેઠ પાણી ઉકળે ત્યાં સુધી. પછી ઉતારી લઈ પાણીને એની મેળે ઠંડું પડવા દો. આ કસોટીમાંથી પાર ઉતારેલા કાચના કે ચીની માટીના વાસણમાં ગરમ વસ્તુઓ ભરવાથી તે કદિ ફાટી નહિ જાય.

સુખી થવાને માટે ઝાઝાં નાણાં ખરચવાની જરૂર નથી હોતી.● અને આટલું જાણ્યા પછી તો આપણે તદ્દન મફતમાં સુખી થઇ શકીએ છીએ.

કાળા વાળવાળાં માણસો કરતાં ભુરા વાળવાળાં માણસો વધુ જીવે છે.

જંગલમાંથી શીકારેથી પાછા વળતાં આ શીકારી જુએ છે તો પોતાને તંબુએ પહોંચવાના લગભગ બધા રસ્તા ભયંકર જંગલી પ્રાણીઓથી રોકાએલા છે. એને જવા માટે કોઇ એકજો રસ્તો તમને સુઝે છે ? મહેનત કરી જુઓ જોઇએ.

